## ૧

**મહારાજ સાહેબ,**

લોહીનાં પાણી કરીને એકઠી કરેલી સંપત્તિને દાનમાં આપવાની વાત જ્યારે સાંભળવા મળે છે, કો'ક પુસ્તકમાં જ્યારે વાંચવા મળે છે ત્યારે મન ક્ષુબ્ધ થઈ જાય છે. શું જરૂર છે દાનની ?

**સહુ પોતપોતાનું નસીબ લઈને જ જ્યારે આ જગતમાં આવ્યું છે ત્યારે દાન દ્વારા એને સ્વસ્થ બનાવવાનો કે સુખી કરવાનો પ્રયત્ન કરવો એ એક જાતની આત્મવંચના જ નથી ? અભિમાન પુષ્ટ કરવાની વૃત્તિ જ નથી ?**

ટૂંકમાં, મને એમ લાગે છે કે જે મળ્યું છે એને ભોગવતા રહેવું અને ભાવિને સુરક્ષિત બનાવી રાખવા સંપત્તિનો સંગ્રહ કરતા રહેવું પણ દાન કરવા દ્વારા એ સંપત્તિને ઓછી કરી નાખવાની મૂર્ખાઈ તો ક્યારેય ન કરવી. આપ આ અંગે શું કહો છો ?

**દર્શન,** તારા પ્રશ્નનો જવાબ આપતા પહેલાં મારે તને એક બીજી જ બાબત જણાવવી છે. વસંત ઋતુમાં વૃક્ષ જ્યારે ફળ-ફૂલ-પર્ણથી લચી પડે છે ત્યારે પોતાનો આ વૈભવ એ જગતને માટે ખુલ્લો મૂકી દે છે. નદી જ્યારે પાણીથી છલોછલ બને છે ત્યારે બે કાંઠે વહેતી વહેતી અનેક જીવોની એ પ્યાસ છિપાવે છે. ધુમ્મસ આડું આવતું નથી તો સૂર્ય પોતાનાં કિરણોને ધરતી સુધી પહોંચાડવામાં કોઈ જ કચાશ રાખતો નથી. વાદળ જ્યારે પાણીથી લબલબ થઈ જાય છે ત્યારે ધરતી પર વરસવામાં એ પાછીપાની કરતું નથી. કાપી નાખો, ઘસી નાખો કે છોલી નાખો, ચંદન પોતાની સુવાસ પ્રસરાવ્યા વિના રહેતું નથી. છોડ પર ગુલાબનું પુષ્પ પેદા થાય છે અને એ પોતાની સુવાસને ફેલાવ્યા વિના રહેતું નથી.

ટૂંકમાં, કુદરતમાં ક્યાંય ભોગવટો નથી કે ક્યાંય સંગ્રહ નથી. કદાચ એ જગત પાસેથી લે છે કણ જેટલું પણ એની સામે જગતને એ આપે છે મણ જેટલું. પ્રશ્ન તો મને એ થાય છે કે નામ તારું દર્શન છે અને તારી પાસે આ બધું નિહાળવાની દૃષ્ટિ જ નથી ? કુદરત વચ્ચે તું જીવે છે, કુદરતની મહેરબાનીથી તું જીવે છે અને છતાં કુદરતનો આ 'દાન' ગુણ તારી નજરમાં નથી ? માત્ર પળ-બે પળ માટે કલ્પના કરી જો, સૂર્યે પોતાનાં કિરણોને પોતાની પાસે જ રાખી લીધા હોત તો ? વૃક્ષે પોતાના ફળ-ફૂલોનો વૈભવ



પોતાને માટે જ અનામત રાખ્યો હોત તો ? નદીએ પોતાનું પાણી પોતાને માટે જ સંગ્રહિત કરી રાખ્યું હોત તો ? વાદળે વરસવાને બદલે વિખરાઈ જવાનું જ પસંદ કર્યું હોત તો ? ચંદન અને ગુલાબ, એ બન્નેએ પોતાની સુવાસને પોતાને માટે જ સલામત રાખી દીધી હોત તો ? કદાચ આ પ્રશ્ન પૂછવા તું આજે મારી સામે ઉપસ્થિત ન થઈ શક્યો હોત ! લખી રાખ તારી ડાયરીમાં કે **હાથની મૂઠી જ્યારે ખુલ્લી હોય છે ત્યારે આખી દુનિયાની હવા હાથ પર હોય છે !**

## ૨

**મહારાજ સાહેબ,**

આપના ગત પત્ર અંગે કાંઈ પણ લખતા પહેલાં એક બાબતનો હું આપની પાસે ખુલાસો કરવા માગું છું. **આપના પ્રત્યે મને પૂજ્ય બુદ્ધિ જરૂર છે પણ એટલા માત્રથી આપનાં વચનો પ્રત્યે મારા મનમાં પ્રામાણ્યબુદ્ધિ હોવી જ જોઈએ એવું આપ ન માની લેશો.** કારણ કે એમ તો મને મમ્મી પ્રત્યે પૂજ્યબુદ્ધિ છે જ અને છતાં એનાં ઘણાં ય વચનો પ્રત્યે મારા મનમાં સતત શંકા રહ્યા જ કરે છે.

એ જ હકીકત આપની સાથે પણ બની શકે છે. ખબર નથી પણ કોઈ પણ કારણસર આપના પ્રત્યે મારા મનમાં પૂજ્યબુદ્ધિ તો છે જ અને એ હિસાબે જ મારા મનમાં વરસોથી જે પ્રશ્ન ઘૂંટાઈ રહ્યો છે એનું સમાધાન મેળવવા મેં આપની સાથે પત્રવ્યવહાર ચાલુ કર્યો છે. પણ આપના તરફથી મળનારાં તમામ સમાધાનો મારે સ્વીકારી જ લેવા જોઈએ એવો આગ્રહ આપ ન રાખશો કારણ કે મને શ્રદ્ધા કરતાં તર્ક પર ભરોસો વધુ છે. લાગણી કરતાં વિચારો વધુ તાકાતવાન છે એવું હું સ્પષ્ટ માનું છું. ગણિતમાં જેમ બધું ય સ્પષ્ટ જ હોય છે તેમ જીવનમાં ય બધું સ્પષ્ટ જ હોવું જોઈએ એવું મારું માનવું છે.

આપ સંત છો એટલે બની શકે કે આપના જીવનનું ચાલકબળ શ્રદ્ધા હોય પણ હું તો વિજ્ઞાનનો સ્નાતક છું. અને એટલે જ મારા જીવનનું ચાલકબળ તો બુદ્ધિ છે. બુદ્ધિને હું કસોટીનો પથ્થર માનું છું. એ પથ્થર પર જે વિચાર સાચો પુરવાર થાય એ વિચારને જ

જીવનમાં સ્થાન આપવું જોઈએ એવું મારું સ્પષ્ટ માનવું છે. આ વાત મારે આપને એટલા માટે જણાવવી પડે છે કે હૃદય અને બુદ્ધિ વચ્ચે પૂર્વ-પશ્ચિમ જેવી વિપરીતતા નથી પણ પાણી-અગ્નિ જેવી વિરોધિતા છે. વિપરીતાને તો હજી કદાચ સમાનતાના સ્તરે લાવી શકાય પણ વિરોધિતાને સંમતિના સ્તરે લાવવાનું તો અશક્યપ્રાયઃ છે. આપના અને મારા વચ્ચે માત્ર વિપરીતતા જ નથી, વિરોધિતા પણ છે.

આપ સંત છો અને હું ગૃહસ્થ છું. આ વિપરીતતા તો હજી કદાચ તૂટી શકે છે પણ આપે આખી જીવન વ્યવસ્થા ગોઠવી છે હૃદયને કેન્દ્રમાં રાખીને અને હું આખી જીવન વ્યવસ્થા ગોઠવી બેઠો છું બુદ્ધિને કેન્દ્રમાં રાખીને. આ જે આપના અને મારા વચ્ચે વિરોધિતા છે એને દૂર કરવાનું કામ આજે તો મને અશક્યવત્ લાગે છે. અને એ હિસાબે જ આપને હું જણાવી દઉં છું કે ન તો આપ આપનાં સમાધાનો મારે સ્વીકારી જ લેવા જોઈએ એવો આગ્રહ રાખશો કે ન તો આપનાં સમાધાનો પ્રત્યે મારા મનમાં ઊઠતા કુતર્કો વાંચીને આવેશમાં આવશો.

અલબત્ત, **એક વાતનો આજે હું એકરાર કરું છું કે બુદ્ધિ કેન્દ્રિત જીવનપદ્ધતિએ મને અંદરથી 'નિરસ' બનાવી દીધો હોય એવું હું સતત અનુભવ્યા કરું છું. જીવું છું અનેકની વચ્ચે અને છતાં જાણે કે મારું કોઈ જ નથી એવું મને સતત લાગ્યા કરે છે. આ પીડાનો કોઈ ઈલાજ ?**

## 3

**દર્શન,**

પત્રમાં તેં જે કાંઈ લખ્યું છે એ વાંચીને મને કોઈ જ આશ્ચર્ય થયું નથી. કારણ કે તારા જેવા સેંકડો નહીં, બલ્કે હજારો યુવાનો મારા પરિચયમાં આવ્યા છે. એકદમ નજીકથી મેં એમને નિહાળ્યા છે. સનમાયકા જેમ સડેલા પણ લાકડાને જગત વચ્ચે આકર્ષક પુરવાર કરવામાં સફળ બની જાય છે તેમ ધારદાર બુદ્ધિએ અંદરથી નિરસ અને વિરસ બની



ગયેલા જીવનને પણ જગત વચ્ચે 'સફળ' પુરવાર કરવામાં તેઓને સફળતા અર્પી છે પણ, સડેલું લાકડું આખરે તો સડેલું જ રહે છે ને ?

બસ, એ જ ન્યાયે નિરસ જીવન આખરે તો નિરસ જ રહે છે ને ? આ નિરસતાની પીડાએ જ તેઓને મારી પાસે આવવા મજબૂર કર્યા છે. અને મેં માત્ર એક જ કામ કર્યું છે.

**બેસ્વાદ લાગતી રસોઈને સ્ત્રી જેમ એમાં મીઠું ભેળવીને સ્વાદિષ્ટ બનાવી દે છે તેમ સ્વાદહીન બની ગયેલા એમના જીવનમાં લાગણીનું તત્ત્વ ઉમેરીને મેં એ સહુનાં જીવનને ઉલ્લસિત કરી દીધા છે.**

અલબ ા, આ વાત અત્યારે તારી સામે રજૂ કરવાનો કોઈ અર્થ નથી. કારણ કે અત્યારે તારી ભૂમિકા જ આખી જુદી છે. યુનિવર્સિટીમાં લીધેલ શિક્ષણે આજે તારા મનનો કબજો જમાવ્યો છે. સર્વત્ર થઈ રહેલ 'સફળતા'ની બોલબાલાએ તને ય 'સફળ' બની જવા અત્યારે લાલાયિત કર્યો છે. સર્વત્ર દેખાઈ રહેલા વિશ્વાસઘાત અને છેતરપીંડીના વાતાવરણે તને લાગણીશીલ ન બની જવા સતત તૈયાર કર્યો છે.

શક્તિ, સંપત્તિ અને સામગ્રી, આ ત્રણેયની વિપુલતા માત્ર ધારદાર બુદ્ધિને જ આભારી છે એ માન્યતા આજે તારા મનમાં ઘર કરી ગઈ છે અને એટલે જ હમણાં મારી વાતની તારી સામે રજૂઆત ન કરતાં તારી જ વાતો સાંભળવાનો, તારી જ સમસ્યાઓ સાંભળવાનો, તારી જ તર્કબદ્ધ [?] દલીલો સાંભળવાનો મેં નિર્ણય કર્યો છે. મારું તને આહ્વાન છે કે જરાય ક્ષોભ રાખ્યા વિના, 'મને ખોટું લાગી જશે' એવો ભય રાખ્યા વિના, તારી ખોપરીમાં જે કાંઈ ભર્યું હોય એ બધું મારી સામે રજૂ કરી દેજે.

**તારી પાસે કદાચ Backing છે તો ય એ Backing માં છે માત્ર આઈન્સ્ટાઈન, એડીસન, ગેલેલીયો કે ન્યૂટન ! જ્યારે મારી પાસે જે Backing છે એ Backing માં છે પરમાત્મા મહાવીરદેવ, ગૌતમસ્વામી, હેમચન્દ્રાચાર્ય, હરિભદ્રસૂરિ મહારાજ, યશોવિજયજી ઉપાધ્યાય વગેરે !** કરી લઈએ આપણે બળાબળનાં પારખાં !

જીવન જામે છે શેનાથી ? લાગણીથી કે વિચારથી ? જીવનની પ્રસન્નતા શેને આભારી છે ? હૃદયને કે બુદ્ધિને ? માણસને સજ્જન, સંત યાવત્ પરમાત્મા બનાવી દેવાની પ્રચંડ ક્ષમતા કયા પરિબળમાં છે ? શ્રદ્ધામાં કે તર્કમાં ? મનની મસ્તીનાં મૂળમાં છે શું ? બાહ્ય સફળતા કે દિલની સરળતા ? આવી જા મેદાનમાં, વિજેતા કોણ બને છે, એ નક્કી કરી લઈએ.

## ૪

**મહારાજ સાહેબ,**

આપે ફેંકેલા પડકારને ઝીલી લેવાની મારામાં કોઈ ક્ષમતા પણ નથી અને મારી એવી કોઈ યોગ્યતા પણ નથી પણ, તો ય જે વાસ્તવિકતા હોય એને મારે સમજી તો લેવી જ છે. અને હા, મને આનંદ તો એ વાતનો છે કે હું મીઠો ઝઘડો કરવા છેવટે આપની પાસે આવ્યો છું. ભિખારી કંદોઈ સાથે ઝઘડવા જાય અને કંદોઈ આવેશમાં આવીને ભિખારી પર બે-ચાર પેંડા ફેંકી દે તો ભિખારીનું તો કામ જ થઈ જાય ને ?

બસ, આવી જ કંઈક ગણતરીથી આપની સાથે આ પત્રવ્યવહાર મેં ચાલુ કર્યો છે. હું દલીલો ઉઠાવ્યે જાઉં, આપ એના જડબાતોડ જવાબો આપતા જાઓ અને એમાં જ મારું હૃદય પરિવર્તન થઈ જાય, બસ, આપની સાથેનો મારો આ ઝઘડો સફળ ! હા, તો મારી વાત એ હતી કે પ્રથમ પત્રમાં આપે કુદરતની ઉદારતાની જે વાતો લખી છે એ વાતોમાં ખાસ દમ એટલા માટે નથી કે એ કાંઈ નદી, સૂર્ય, વૃક્ષ વગેરેની ઉદારતા નથી પણ એ તો એમનો સ્વભાવ જ છે.

**નીચે તરફ જ વહેવાનો જેમ પાણીનો સ્વભાવ જ છે, ભરતી અને ઓટ એ જેમ સાગરનો સ્વભાવ જ છે, ઊંચે જ જવાનો જેમ અગ્નિની જ્વાળાનો સ્વભાવ છે તેમ કિરણો પ્રસરાવવાનો સૂર્યનો સ્વભાવ જ છે. બે કાંઠે વહેતા રહેવાનો નદીનો સ્વભાવ જ છે. વસંત ઋતુમાં હળ-ફૂલથી લચી પડવાનો વૃક્ષનો સ્વભાવ જ છે. સુવાસ ફેલાવવાનો પુષ્પનો સ્વભાવ જ છે.**

આમાં ઉદારતા ક્યાં આવી ? ઠીક છે. કો'ક કાવ્ય વગેરે બનાવવું હોય અને એમાં કુદરતના આ સ્વભાવને શબ્દોના અલંકારથી વિભૂષિત કરવો હોય તો ત્યાં આ બધી વાતો ચાલી જાય પણ જીવનના ગણિતમાં તો આ વાતો ન જ ચાલે. આપ એવી કો'ક દલીલ આપો કે ઉદારતાની વાત ઘીથી લચપચ ગરમાગરમ શીરો જે રીતે ગળા નીચે ઊતરી જાય છે એ રીતે મનમાં ઊતરી જાય.

**દર્શન,** એક આડ વાત તને કરી દઉં. કુદરત સાથેનો સંપર્ક માણસ જેમ જેમ ઘટાડતો જાય છે તેમ તેમ જીવન સાથેનો એનો સંપર્ક તૂટતો જાય છે. **વિજ્ઞાને માનવજગત પર**



**વરસાવેલા અનેક અભિશાપોમાંનો એક અભિશાપ આ છે કે એણે માનવને કલ્પનાતીત હદે સંવેદનહીન બનાવી દીધો છે.**

કોયલના ટહુકામાં એને માત્ર 'શબ્દ' નો જ અનુભવ થાય છે. પરમાત્માની મૂર્તિમાં એને માત્ર 'પદાર્થ'નાં જ દર્શન થાય છે. પ્રભુ સન્મુખ નૃત્ય કરી રહેલ ભક્તના પગમાં એને માત્ર 'વેદિયાવેડા'જ દેખાય છે. લાચારીથી ભીખ માગી રહેલ ભિખારીમાં એને 'દંભ' સિવાય બીજું કાંઈ દેખાતું નથી. ધરતીકંપમાં દટાઈ ગયેલ હજારો માણસોની વેદનાઓ એ ટી.વી. પર ચા પીતા પીતા મજેથી જેઈ શકે છે. નિર્દોષ પશુઓની થઈ રહેલ બેરહમ કતલની હદયદ્રાવક વાતો એ લાગણીહીન બનીને ટેસથી સાંભળી શકે છે. આ જ વાતાવરણમાં તારો ઉછેર થયો હોવાથી કુદરતના સહજ પરોપકારના સ્વભાવને તું 'ઉદારતા' માનવા તૈયાર ન થાય એ બિલકુલ સમજાય તેવી વાત છે. ખેર, તને તારી જ રીતે મારે સમજાવવો પડશે. જેની વાત હવે પછીના પત્રમાં.

## ૫

**દર્શન,**

સાગરમાં જ જનમતી, સાગરમાં જ જીવતી અને સાગરમાં જ જીવન પૂરું કરતી માછલી, કદાચ જિંદગીની છેલ્લી પળ સુધી પાણીની મહત્તા સમજી ન શકતી હોય એ શક્ય છે કારણ કે એ પોતાના જીવન દરમ્યાન એકાદ પળ માટે ય પાણીથી અલગ નથી પડતી. પાણીથી અલગ પડે તો એને ખ્યાલ આવે કે પાણી એ શું ચીજ છે ?

બસ, એ જ ન્યાયે **લાગણીના કારણે જ જન્મ પામતો, લાગણીના બળ પર જ જીવન જીવતો અને લાગણીસભર વાતાવરણમાં જ જીવન પૂરું કરતો માણસ કદાચ જિંદગીની છેલ્લી પળ સુધી લાગણીની મહત્તા ન સમજી શકતો હોય એ શક્ય છે.**

હું તને જ પૂછું છું, તું પેટમાં હતો ત્યારે જ તારી મમ્મીએ ગર્ભપાત કરાવી લીધો હોત તો ? જન્મતાની સાથે જ તને ઉકરડે પધરાવી દીધો હોત તો ? સ્તનપાન કરાવવાનો એણે ઘરાર ઇન્કાર કરી દીધો હોત તો ? તારા સ્વાસ્થ્યની બાબતમાં એણે સર્વથા ઉપેક્ષા

સેવી હોત તો ? ઘોડિયામાં તને સૂતેલો રાખીને એ બબ્બે દિવસ સુધી તારા મામાના ઘરે રહી પડી હોત તો ? પોતાની સુખશીલતાને પોષવા એણે ગમે ત્યાં, ગમે ત્યારે મળ-મૂત્ર કરી જવાની તારી પરવશતાને માફ ન કરી હોત તો ? તને લાગે છે ખરું કે તું જીવતો રહી શક્યો હોત ? અને છતાં તારા જીવન પાછળ મમ્મીનો આટલો બધો ગજબનાક ભોગ છે એનો તને અણસાર પણ છે ખરો ?

ના, તું તો એમ જ માની બેઠો છે કે આપણે તો આપણી રીતે જ મોટા થઈ ગયા છીએ. તને કદાચ ખ્યાલ નહીં હોય પણ એ હકીકત છે કે આજે આ દેશની લાખો સ્ત્રીઓ- કે જેમાં કો'ક માતા છે તો કો'ક પત્ની છે, કો'ક વિધવા છે તો કો'ક કુંવારી છે, કો'ક ત્યક્તા છે તો કો'ક રખડેલ છે - ગર્ભપાત કરાવીને પોતાના પેટના બાળકને આ ધરતી પરનો એક શ્વાસ પણ લેવા દેતી નથી. કલ્પના કરી જોજે આવી ક્રૂર સ્ત્રીઓમાં તારી માતાની. તું રાતના શાંતિથી સૂઈ નહીં શકે. તું અત્યારે ને અત્યારે દોડીને તારા મમ્મીના ચરણોમાં કદાચ આળોટી પડીશ અને આંખમાં આંસુ સાથે તું બોલી ઊઠીશ કે 'મમ્મી ! હું તારા પેટમાં હતો એ વખતે તને ગર્ભપાત કરાવી લેવાની દુર્બુદ્ધિ ન સૂઝી તો આ જીવન હું પામી શક્યો. તારો આ ઉપકાર હું જિંદગીની છેલ્લી પળ સુધી નહીં ભૂલું.'

દર્શન, તારી મમ્મીના ઉપકારને તો તું 'સ્વભાવ' ખાતે નહીં ખતવી દેને ? નહીં ખતવી શકે ને ? કારણ કે 'સ્વભાવ' નો તો એ જ અર્થ છે કે જે દરેકમાં એક સરખો હોય.

શું કહું તને ? હમણાં જ થોડાક જ દિવસ પહેલાં વર્તમાનપત્રમાં એક પ્રસંગ વાંચ્યો. ૨૪ વરસની કુંવારી પણ ગર્ભવતી થયેલ યુવતીએ બાબાને જન્મ આપ્યો. માત્ર પંદર જ મિનિટ બાદ એ જીવતા બાબાને એણે કચરાપેટીમાં નાખી દીધો. કૂતરા-કુક્કરોએ એને ફાડી નાખ્યો ત્યાં સુધી એ ત્યાં જ ઊભી રહી. 'મરી ગયા'નો પાકો ખ્યાલ આવી ગયા બાદ એ તુરત ડિસ્કોથેકમાં ગઈ અને કામુક સંગીતની તર્જ પર એણે પોતાના પ્રેમી સાથે નાચવાનું ચાલુ કર્યું. એ યુવતી તારી 'મમ્મી' હોત તો ? એ બાબો 'તું' જ હોત તો ? જવાબ લખજે આનો.



## ૬

## મહારાજ સાહેબ,

આપનો પત્ર વાંચ્યો. હું આખી રાત સૂઈ નથી શક્યો. મમ્મીના આ પ્રચંડ ઉપકારના ખ્યાલે કદાચ ઘણાં વરસો બાદ જેને સાચા કહી શકાય એવા લાગણીનાં આંસુથી આંખ છલકાઈ ગઈ. આપે સાચું જ લખ્યું છે કે 'મમ્મીનો મારા જીવન પાછળનો આટલો બધો ગજબનાક ભોગ મારા ખ્યાલમાં જ નથી.' પેપરમાં આપે વાંચેલ પ્રસંગમાં જે યુવતીની વાત છે એવી યુવતીઓ તો આજે ય આ જગતમાં ઓછી નથી પણ એવી યુવતીઓમાં મારી મમ્મીએ પોતાનો નંબર ન લગાવ્યો તો હું આ ધરતી પર જન્મ પામી શક્યો. આ એક જ વાસ્તવિકતા મને મમ્મી તરફ લાગણીસભર બનાવી દેવા પર્યાપ્ત છે.

શું લખું આપને ? બુદ્ધિના માધ્યમે જ જીવનવ્યવસ્થા ગોઠવવાનો આગ્રહી એવો હું આપના માત્ર એક જ પત્રથી લાગણીના પ્રવાહમાં ખેંચાઈ ગયો છું અને લાગણીના આ પ્રવાહમાં હું સતત ખેંચાતો જ રહું એવું હૃદય ઝંખ્યા જ કરે છે. આપને વિનંતિ કરું છું કે આપ મારા હૃદયમાં સુષુપ્ત પડેલા લાગણીના પ્રવાહને જીવંત કરી દો.

**દર્શન, ઝરણું તો પ્રગટ થવા તૈયાર જ હોય છે પણ તકલીફ એ છે કે આપણે પથ્થર હટાવવા તૈયાર નથી હોતા. હૃદયમાં રહેલ લાગણીનો પ્રવાહ સક્રિય થવા પ્રતિપળ તૈયાર જ હોય છે પણ આપણે બુદ્ધિના પથ્થરને હટાવવા તૈયાર નથી હોતા.**

ધન્યવાદ આપું છું તને કે તેં બુદ્ધિનો પથ્થર હટાવીને મારો એ ગત પત્ર વાંચ્યો. બાકી, એ પત્રના લખાણને તું બુદ્ધિથી ય વાંચી શક્યો હોત, 'મારી મમ્મીએ ગર્ભપાત જ્યારે નથી જ કરાવ્યો અને મને જન્મ આપી જ દીધો છે ત્યારે 'જો' અને 'તો' ની કલ્પના કરીને વાસ્તવિકતાની સામે આંખમીંચામણાં કરવાની જરૂર જ શી છે ?'

હા, બુદ્ધિને પત્રના વાંચનમાં આ રીતે તેં કામે લગાડી દીધી હોત તો આજે તું લાગણીના કારણે જે પ્રસન્નતા અનુભવી રહ્યો છે એ પ્રસન્નતા તું અચૂક ન જ અનુભવી શક્યો હોત. પણ, તું નસીબદાર નીકળ્યો. બુદ્ધિને એક બાજુ રાખીને હૃદયથી તેં પત્ર વાંચ્યો અને એ પત્રે તારામાં સુષુપ્ત પડેલા લાગણીના પ્રવાહને જીવંત કરી દીધો. પણ, લાગણીના એ પ્રવાહને જો તારે જીવંત જ રાખવો હોય તો હું તને એક જ સલાહ આપું છું

કે જેના જેના સહયોગથી આ જીવન ચાલી રહ્યું છે એ તમામને તું એકવાર ગંભીરતાથી સ્મૃતિપથ પર લાવી દે. મમ્મીની સાથે તારે પપ્પાને ય યાદ કરવા પડશે. ભાઈની સાથે તારે કુટુંબને ય યાદ રાખવું પડશે. શિક્ષકની સાથે તારે મિત્રોને ય યાદ રાખવા પડશે. સમાજની સાથે સરકારને ય તારે સ્મૃતિપથમાં રાખવી પડશે. માનવસૃષ્ટિની સાથે પશુસૃષ્ટિને ય તારે સ્મૃતિનો વિષય બનાવવી પડશે. પછી ?

તું આમાં એકની પણ સાથે છળકપટ નહીં કરી શકે કે એકની પણ સાથે તું દુર્વ્યવહાર નહીં આચરી શકે. કારણ કે આ તમામને તેં લાગણીના માધ્યમે નિહાળ્યા છે અને લાગણીનો એક જ સ્વભાવ છે, આગ જેવો. **આગ જેમ લાકડાને ખાઈ જાય છે, બસ, લાગણી એ જ રીતે દોષોને પી જાય છે.**

## ૭

**મહારાજ સાહેબ,**

આપનો પત્ર વાંચ્યો. હું એમ સમજ્યો છું કે લાગણીના પ્રવાહને જીવંત રાખવા માટે ઋણસ્મરણ એ શ્રેષ્ઠ કોટિનો વિકલ્પ છે એમ આપ કહેવા માગો છો પણ મનમાં પ્રશ્ન એ ઊઠે છે કે આમાં પરમાત્મા, સંત, સજ્જન વગેરે ક્યાં આવ્યા ? કારણ કે એ સહુનું ઋણ આપણાં પર ચડ્યું હોય એવું સ્પષ્ટ અનુભવાતું નથી. તો પછી એ સહુ પ્રત્યેના લાગણીના પ્રવાહને જીવંત રાખવાનો વિકલ્પ કયો ?

**દર્શન,** લાગણીના પ્રવાહને જીવંત રાખવાનો એક શ્રેષ્ઠ વિકલ્પ જેમ ઋણસ્મરણ છે તેમ બીજો શ્રેષ્ઠ વિકલ્પ ગુણસ્મરણ છે. **જેઓના સહયોગથી આ જીવન ચાલી રહ્યું છે એ તમામનો સમાવેશ જો ઋણસ્મરણમાં કરી શકાય તો જેઓને આદર્શ બનાવવાથી આ જીવન સરસ બનાવી શકાય તેમ છે એ તમામનો સમાવેશ ગુણસ્મરણમાં કરી શકાય.**

જેના પણ જીવનમાં આ ઋણસ્મરણ અને ગુણસ્મરણ, એ બન્નેએ મહત્ત્વનું સ્થાન જમાવ્યું છે એનું જીવન પ્રસન્નતાથી તરબતર ન રહે તો જ આશ્ચર્ય ! એનું હૃદય સંવેદનશીલ ન બન્યું રહે તો જ આશ્ચર્ય ! એનું અંતઃકરણ ઉદાર ન બને તો જ આશ્ચર્ય ! તને કદાચ



ખબર નહીં હોય કે બુદ્ધિ જ્યાં ચમત્કૃત થઈ જાય છે ત્યાં માણસ ખુશ થઈને પાછો ફરી જાય એ શક્ય છે, તાળીઓ પાડીને પાછો ફરી જાય એ શક્ય છે, ધન્યવાદ આપીને પાછો ફરી જાય છે એ શક્ય છે, રાજીનો રેડ થઈને પાછો ફરી જાય એ શક્ય છે, પણ માણસ જ્યાં લાગણીશીલ બની જાય છે, હૃદય એનું જ્યાં ગદ્ગદ બની જાય છે, ચિત્ત એનું જ્યાં પ્રેમસભર બની જાય છે ત્યાં એ કંઈક ને કંઈક આપ્યા વિના પાછો ફરી શકતો નથી. પોતાના સ્વાર્થને ધક્કો લાગે એવું પરમાર્થનું એકાદ નાનકડું પણ સત્કાર્ય કર્યા વિના એ રહી શકતો નથી. હૃદયને ઝંકૃત કરી દે એવું નાનકડું પણ સુકૃત કર્યા વિના એ રહી શકતો નથી.

તેં આ અંગ્રેજી પંક્તિ ક્યાંક વાંચી તો હશે ને ?

YOU CAN GIVE WITHOUT LOVING

BUT YOU CAN NOT LOVE WITHOUT GIVING.

અર્થ આનો સ્પષ્ટ છે.

વગર પ્રેમે પણ તમે કંઈક આપી શકો છો પણ જો તમે પ્રેમસભર છો તો તો આપ્યા વિના તમે રહી જ નથી શકતા. આ વાસ્તવિકતા એટલું જ જણાવે છે કે જ્યાં કેવળ છોડવાની જ પ્રક્રિયા છે ત્યાં પ્રેમની ગેરહાજરી સંભવી શકે છે પણ જો હૃદયમાં પ્રેમ હાજર છે તો ત્યાં આપવાની પ્રક્રિયા અમલી બન્યા વિના રહેતી જ નથી.

પ્રથમ પત્રમાં તેં મને પુછાવ્યું છે ને કે 'દાનની જરૂર જ શી છે ?' એનો ટૂંકો જવાબ એટલો જ છે કે **જેમ મડદાને ઑક્સિજનની જરૂર હોતી નથી પણ જીવતાને ઑક્સિજન વિના ચાલતું જ નથી તેમ બુદ્ધિને દાનની જરૂર લાગતી નથી પણ હૃદય તો દાન કર્યા વિના રહી શકતું જ નથી, સમજી જજે.**

## ૮

**મહારાજ સાહેબ,**

ગત પત્રના આપના લખાણે મને રીતસરનો ખળભળાવી મૂક્યો છે. મેં મારા ખુદના જીવનમાં આ વાસ્તવિકતાનો અનુભવ અનેક વખત કર્યો છે કે બુદ્ધિને ચમત્કૃત

કરી દેનારાં ભાષણો મેં સાંભળ્યા છે ઘણી વાર, પણ તાળીઓ પાડીને પાછા ફરી જવા સિવાય મેં બીજું કાંઈ કર્યું નથી. કમ્પ્યૂટરની કરામતો નિહાળીને આંખો આશ્ચર્યથી પહોળી જરૂર થઈ ગઈ છે પણ 'ગજબ' 'ગજબ' આટલું બોલવા સિવાય મેં બીજું કાંઈ કર્યું નથી. સરઘસમાં જીવસટોસટના ખેલો નિહાળતા હું બેઠક પરથી અનેકવાર ઊભો જરૂર થઈ ગયો છું પણ ઉત્તેજના સિવાય બીજું મેં કાંઈ જ અનુભવ્યું નથી. ટી.વી. પર આવતા દુનિયાભરના માથું કામ ન કરે એવા પ્રસંગો મેં માણ્યા છે ઘણીવાર પણ બુદ્ધિની કરામત સિવાય એમાં મને બીજું કાંઈ જ દેખાયું નથી.

પણ, **કો'ક સંતનું એકાદ પણ હૃદયસ્પર્શી પ્રવચન મેં સાંભળ્યું છે અને જીવનમાં નાનકડો પણ સમ્યક્ સુધારો કરવાનો તુર્ત જ મેં ચાલુ કરી દીધો છે. કો'ક ગરીબના મુખે એના જીવનની લાચારીની વાત ક્યારેક પણ સાંભળવા મળી છે અને અલ્પાંશે પણ એની એ લાચારીને ઘટાડવા હું સક્રિય બન્યા વિના રહ્યો નથી.**

તીર્થસ્થળમાં જીવનમાં ભલે એક જ વખત પરમાત્માની શાંત સુધારસ મૂર્તિ નિહાળી છે, પણ એનાં દર્શનનો નશો મગજ પર આજ સુધી છવાયેલો છે. વરસો પહેલાં ઘરે આવેલા કચ્છના એક માલધારીના મુખે ત્યાં પડેલા દુષ્કાળની ભયંકરતાની વાતો સાંભળેલી, અને રડતી આંખે મેં એને મારી પોતાની બચાવેલી મૂડીમાંથી પાંચસો રૂપિયા આપી દીધેલા કે જેની સ્મૃતિ આજે ય મારી આંખોને અશ્રુસભર બનાવી રહી છે.

ટૂંકમાં, **બુદ્ધિને ચમત્કૃત કરનાર પ્રસંગોએ મને વધુમાં વધુ સુખી બનાવ્યો છે પણ, હૃદયને ઝંકૃત કરનારા પ્રસંગોએ તો મને સુખીની સાથે આનંદિત પણ બનાવ્યો છે.**

અલબત્ત, જીવનમાં કરુણતા તો એ સર્જાઈ છે કે લાગણીશીલતાના આટઆટલા સુખદ અનુભવો છતાં ય કોણ જાણે કેમ, મન આજેય બુદ્ધિને નંબર એક પર જ રાખવા માગે છે. અને એમ કરવા જતાં જીવન રુક્ષ અને શુષ્ક બની જાય તો ય એની એને ચિંતા નથી. પત્રમાં છેલ્લે આપે જે લખ્યું છે ને એ જ હાલત છે અત્યારે મારી. આજ સુધીમાં મેં છોડ્યું છે ઘણું, આપ્યું છે બહુ ઓછું. મશીન પર ઊભા રહીને કાણામાં પૈસા નાખવાથી મશીન જે રીતે જીવનની નોંધ સાથેની ટિકિટ હાથમાં પકડાવી દે છે બસ, એ જ રીતે બુદ્ધિના કહેવાથી કો'કના હાથમાં મેં ૫૦૦-૧૦૦૦ રૂપિયા પકડાવી દીધા છે. નથી એમાં ક્યાંય અનુભવી પ્રસન્નતા કે નથી એમાં ક્યાંય પ્રવિષ્ટ કરી લાગણશીલતા. કારણ એક જ, પ્રેમનો અભાવ. અને એનું પણ કારણ એક જ, ઋણસ્મરણ કે ગુણસ્મરણનો સર્વથા અભાવ !



## ૩

**દર્શન,**

તારા સ્પષ્ટ આત્મનિરીક્ષણ બદલ તને ખૂબ ખૂબ ધન્યવાદ. કારણ કે આ જગતમાં ઢગલાબંધ જીવો તો એવા છે કે જેઓ આત્મનિરીક્ષણ કરવા જ તૈયાર નથી. રોગનું નિદાન કરાવવા જ જે તૈયાર ન હોય એને ન તો કુશળ ડૉક્ટર તંદુરસ્તી બક્ષી શકે કે ન તો અસરકારક ઔષધ પણ એને સાજો કરી શકે.

બસ, એ જ ન્યાયે મનના દોષોને જે જોવા જ તૈયાર ન હોય એને ન તો પરમાત્મા દોષમુક્ત કરી શકે કે ન તો સુંદર મજેનાં પણ ધર્માનુષ્ઠાનો એને દોષરહિત બનાવી શકે. આવા દુર્ભાગી જીવમાં તારો નંબર નથી એ જાણી હું અત્યંત પ્રસન્ન થયો છું. હવે મુખ્ય વાત. છોડવાની ભૂમિકા પરથી તારે આપવાની ભૂમિકા પર પહોંચવું છે ને ? વિચારોને બદલે લાગણીઓને તારે તારા જીવનનું ચાલકબળ બનાવવી છે ને ? બુદ્ધિ સર્જિત સુખને બદલે હૃદય સર્જિત આનંદને તારે અનુભૂતિનો વિષય બનાવવો છે ને ?

તો હું તને પૂછું છું, **તને પોતાને રસ શેમાં ? તને બધા જાણે એમાં ? કે પછી તને બધા ચાહે એમાં ?** તું કરોડપતિ છે, બુદ્ધિશાળી છે, ઑલિમ્પિક ચૅમ્પિયન છે, શ્રેષ્ઠ કળાકાર છે કે ગાયક છે એ તારી ખ્યાતિ ચારેય બાજુ ફેલાયેલી હોય અને છતાં તને કોઈ ચાહતું ન હોય એ સ્થિતિમાં તારી પ્રસન્નતા વધુ ટકી રહે ? કે પછી સમાજમાં તારી એવી કોઈ ખ્યાતિ ન પણ ફેલાયેલી હોય અને છતાં તારી આજુબાજુવાળા બધા જ તને ચાહતા હોય એ સ્થિતિમાં તારી પ્રસન્નતા વધુ ટકી રહે ?

તારે કહેવું જ પડશે કે **બધા જ જાણે અને છતાં કોઈ ન ચાહે એના કરતાં તો કોઈ જ ન જાણે અને છતાં એકાદ જણ પણ ચાહે એ જ સ્થિતિમાં મનની પ્રસન્નતા વધુ ટકી રહે.**

આનો અર્થ શું ? એ જ કે જીવન જીવવાની મજા જળવાઈ રહે છે માત્ર લાગણીના જ માધ્યમે ! બસ, મારે તને આ જ કહેવું છે કે અન્યો તરફથી મળી રહેલ જે લાગણી તારા જીવનને રસસભર બનાવી રહી છે, એ જ લાગણીના પ્રદાન દ્વારા અન્યોનાં જીવનને રસસભર બવાવી દેવાની બાબતમાં તું ઉપેક્ષા સેવે એ તો ચાલે જ શી રીતે ?

'દાન' માટેના ઉત્સાહને જીવનમાં પ્રગટાવવા માટેની આ મસ્ત ચાવી છે. 'લાગણી

મેળવીને જ હું જો હસી રહ્યો છું તો લાગણી આપીને જ મારે બીજાને હસતા રાખવા છે.' 'કરુણા પામીને જ હું જો જીવન ટકાવી શક્યો છું તો કરુણામય બનીને જ બીજાનાં જીવન મારે ટકાવવા છે.' 'પ્રેમ પામીને જ જો હું પ્રસન્નતા અનુભવી રહ્યો છું તો પ્રેમપ્રદાન દ્વારા જ અન્યોને પણ મારે પ્રસન્ન રાખવા છે.'

ટૂંકમાં, મારે જે જોઈએ છે એ મારે બીજા પાસેથી ઝૂંટવવું તો નથી જ પણ બીજાને એ મારે આપ્યા વિના ય રહેવું નથી' આ છે હૃદયને દાન માટે ઉલ્લસિત કરવાની અતિ મહત્ત્વની વિચારણા.

## ૧૦

**મહારાજ સાહેબ,**

વાસ્તવિકતા આટલી બધી સ્પષ્ટ હોવા છતાં ય મારા જેવા અનેક જીવો આ બાબતમાં સાવ બુદ્ધુ જેવા કેમ બની ગયા હોઈશું? પ્રેમ પામવાની બાબતમાં આગળ પણ પ્રેમ આપવાની બાબતમાં પાછળ ! લાગણી મેળવવાની ઝંખના પૂરી પણ લાગણી આપવાની બાબતમાં સાવ દેવાળિયા ! સદ્ભાવની ભૂખ પૂરેપૂરી પણ સદ્ભાવ આપવાની બાબતમાં પૂરી કંજૂસાઈ ! ઇચ્છા હૃદય મેળવવાની પણ ગણતરી બુદ્ધિ જ આપવાની !

ટૂંકમાં, જેના વિના મારે ચાલે જ નહીં, એ મારે કોઈને આપવું જ નહીં, આવું તુચ્છતાના ઘરનું ગણિત કયા હિસાબે મગજમાં ગોઠવાઈ ગયું હશે?

**દર્શન,** એક હકીકતનો ખ્યાલ રાખજે કે દીવાલ તોડ્યા વિના સરોવર, નદી બની શકતું નથી તો સતત વહેતા રહ્યા વિના નદી, સાગર બની શકતી નથી. તેં જે સમાધાન માગ્યું છે એનો આ જવાબ છે. **સ્વાર્થની દીવાલ તોડ્યા વિના જીવનમાં પરમાર્થવૃત્તિ જાગતી નથી અને પરમાર્થવૃત્તિને સક્રિય બનાવ્યા વિના જીવનમાં પ્રેમનો આનંદ અનુભવી શકાતો નથી.**

સરોવર દીવાલ તોડાવવા તૈયાર નથી થતું એનું કારણ એ છે કે દીવાલ સુરક્ષાની બાહેંધરી આપે છે. રખે ને, આ દીવાલ તૂટી ગઈ તો પછી મારા અસ્તિત્વનું શું?



પાણીની અત્યાર સુધી સંગ્રહી રાખેલ મારી મૂડીનું શું ? બસ, મન સ્વાર્થવૃત્તિની અનંતકાળની ઊભી થયેલ દીવાલને તોડી નાખવા તૈયાર થતું નથી એની પાછળ પણ આ જ કારણ છે. સુરક્ષાનું શું? સંગ્રહિત મૂડીનું શું? આ બે ભયમાં અટવાયેલું મન સ્વાર્થવૃત્તિ પર લેશ પણ કાપ મૂકવા તૈયાર થતું નથી. આ સ્થિતિમાં તેં જે આગળ જણાવ્યું છે એ ન બને તો જ આશ્ચર્ય !

બધા પાસેથી હું મેળવતો રહું, માગતો રહું, આંચકતો રહું પણ હું કોઈને કાંઈ જ ન આપું ! પણ હું તને સ્પષ્ટ ચેતવણી આપવા માગું છું કે **વૃક્ષની જે ડાળ લીલી હોય છે ત્યારે સીધી થવા તૈયાર થતી નથી એ ડાળ સૂકી થાય છે ત્યારે સીધી થઈ શકતી નથી એ જ ન્યાયે શક્તિના કાળમાં જે વ્યક્તિ સત્ત્વ ફોરવીને પોતાની સ્વાર્થવૃત્તિ પર પ્રહાર કરવા તૈયાર થતી નથી એ વ્યક્તિ અશક્તિના કાળમાં સ્વાર્થવૃત્તિ પર પ્રહાર કરવાની ક્ષમતા કેળવી શકે એ વાતમાં કોઈ જ માલ નથી.**

આજે શરીર તારું તંદુરસ્ત છે, બુદ્ધિ તારી ધારદાર છે, વિપુલ સંપત્તિનું તારી પાસે સ્વામિત્વ છે, મન તારું મજબૂત છે, પરિવાર તારો અનુકૂળ છે. તોડી જ નાખ ઉત્સાહરૂપી ઘણના ઘા લગાવીને સ્વાર્થવૃત્તિની મજબૂત દીવાલ ! એનું પરિણામ અનુભવીને તારી આંખો વિસ્મયથી પહોળી થઈ જશે.

## ૧૧

**મહારાજ સાહેબ,**

આપનો ગત પત્ર વાંચ્યા પછી મને ખાતરી થઈ ગઈ છે કે **ગણિતની બાબતમાં સાચો પડેલો હું ગણતરીની બાબતમાં સાવ જ ખોટો પડ્યો છું.** સ્કૂલમાં ગણિતના પેપરમાં મેં કાયમ માટે સોમાંથી સો માર્ક્સ જ મેળવ્યા છે, પપ્પાની ઑફિસના હિસાબના ચોપડા લખવાના ક્યારેક પ્રસંગો આવ્યા છે તો એકાદ વખત પણ એ હિસાબમાં મેં થાપ ખાધી નથી પણ, લાગે છે કે જીવનના ગણિતમાં હું સાવ જ ખોટો પડ્યો છું. કારણ કે આજ

સુધી મારા મનમાં એ જ ખ્યાલ હતો કે સત્કાર્યો કદાચ કરવાં પણ હોય તો ય એને આજે જ અમલી બનાવવાની જરૂર નથી, જિંદગી હજી તો બહુ લાંબી છે. અને આમે ય પાછલી અવસ્થામાં બીજું કરવાનું પણ શું છે ?

પણ, ગતપત્રમાં આપે 'લીલી ડાળ'ની વાત લખીને મારી ઊંઘ ઉડાડી દીધી છે. અત્યારે યુવાનીના કાળમાં જો હું 'સીધો' ન બન્યો તો પાછલી અવસ્થામાં 'સીધા' બનવાનું મારે માટે અસંભવિત જ છે. અને આપની આ વાત સાચી જ લાગે છે. કારણ કે સૂકી ડાળ સીધી થઈ શકતી નથી અને કદાચ કોઈ સીધી કરવા જાય પણ છે તો તૂટી ગયા વિના નથી રહેતી. વૃદ્ધાવસ્થામાં ધર્મારાધના થઈ નથી શકતી અને કદાચ પરાણે કોઈ કરવા જાય પણ છે તો ય એમાં એને નિષ્ફળતા મળ્યા વિના નથી રહેતી.

પ્રશ્ન આપને હવે મારે એટલો જ પૂછવો છે કે મારે શરૂઆત ક્યાંથી કરવી ? કયા પરિબળ પ્રત્યે મારે લાલ આંખ રાખવી ? કયા પરિબળને મારે જીવનમાં પ્રાધાન્ય આપી દેવું ?

**દર્શન,** મગજમાં જડબેસલાક ગોઠવાઈ જાય એવી એક નાનકડી કાળજી રાખવાનું તારા જીવનમાં તું શરૂ કરી દે. **તારા ખુદના જીવનમાં તને જે પણ ચીજો પ્રત્યે લગાવ છે, સદ્ભાવ છે, પ્રેમ છે, લાગણી છે એ ચીજો તું બીજાને કદાચ આપી દેવાનું પરાક્રમ ન દાખવી શકે તો ય બીજા પાસેથી એ ચીજો આંચકી લેવાનું હિચકારું કૃત્ય તો તું હરગિજ ન કર.**

દા.ત., તને પૈસા ખૂબ જ ગમે છે અને એના જ કારણે તું એ બીજાને આપતો નથી. કબૂલ, પણ હવે એટલી સાવધગીરી ખાસ રાખતો જા કે તક મળે તો ય બીજા પાસેથી એ પૈસા આંચકવા તો નથી જ ! ઝૂંટવવા તો નથી જ ! લૂંટવા તો નથી જ ! આ અંગેનો તારો દૃઢ સંકલ્પ અને એનો નિષ્ઠાપૂર્વકનો અમલ, એ બન્ને જો તારા જીવનમાં સ્થિર થઈ ગયા તો ખાતરી સાથે તને કહું છું કે તારા જીવનની મસ્તી કદાચ આસમાને પહોંચી જશે. કારણ કે તું બીજાનું જીવન નહીં લૂંટી શકે, તું બીજાની પ્રસન્નતા નહીં ઝૂંટવી શકે, કારણ કે તું ખુદ પ્રસન્ન રહેવા ઇચ્છે છે. તું કોઈની લાગણી સાથે ચેડાં નહીં કરી શકે કારણ કે તું ખુદ લાગણીભૂખ્યો છે !



## ૧૨

**મહારાજ સાહેબ,**

આપે સૂચવેલ વિકલ્પ પર ખૂબ ગંભીરતાથી વિચાર કર્યો ત્યારે ખ્યાલ આવ્યો કે મનોવૃત્તિ મારી અત્યંત કનિષ્ટ કક્ષાની છે. આપ લખો છો કે 'તને જે પસંદ છે એ તું બીજાને આપે નહીં તો કાંઈ નહીં, પણ બીજા પાસેથી એ ચીજ ઝૂંટવવાનું કૃત્ય તો કર જ નહીં.' મારી મનોવૃત્તિ અત્યારે એવી છે કે મને જે ચીજ પસંદ છે એ ચીજ મેળવવા, ટકાવવા અને વધારવા સામા પર આક્રમણ કરવું પડે તો કરી લેવું, સામાને દબાવવો પડે તો દબાવી દેવો, સામાને લૂંટવો પડે તો લૂંટી લેવો, અરે, સામાને બરબાદ કરવો પડે તો કરી દેવો પણ, એ ચીજ મેળવીને જ જંપવું. આ મનોવૃત્તિમાં આપની વાત અમલી બનાવવી મારે માટે તો અશક્યપ્રાયઃ છે. આપ જ જણાવો, આમાં કરવું શું ?

**દર્શન,** મને ખાતરી જ હતી કે તારા તરફથી આવો જ જવાબ આવશે, કારણ કે આ મનોવૃત્તિ કેવળ તારી જ નથી, આ જગતના બહુજનવર્ગની છે. રાગમાં અને આસક્તિમાં એ વર્ગ સપડાયો છે. અને રાગ તથા આસક્તિનું આ એક જ કાર્ય છે, એ માલિક બનવા દોડે છે. **રાવણને સીતાના માલિક બનવું હતું અને એમાંથી સર્જાયું રામાયણ. દુર્યોધનને હસ્તિનાપુરના માલિક બનવું હતું અને એમાંથી સર્જાયું મહાભારત.**

સદ્દામ હુસેન, હિટલર, ચંગીઝખાન, તૈમુર લંગ, સિકંદર, નેપોલિયન, ઔરંગઝેબ વગેરે રાજવીઓ અને સરમુખત્યારોએ ખૂંખાર યુદ્ધો ખેલીને વહાવેલી લોહીની નદીઓના મૂળમાં આ રાગ અને આસક્તિ સિવાય બીજું કાંઈ જ નહોતું. હવે તો તને ખ્યાલ આવે છે ને કે અનંતજ્ઞાનીઓએ 'લોભ'ને જ સર્વ પાપોના બાપ તરીકે કેમ વર્ણવ્યો હશે ? ક્રોધ ખરાબ જરૂર છે પણ એને જન્મ આપનાર લોભ તો ભયંકર છે. અભિમાન કદાચ ચોર જેવું છે પણ એને પેદા કરનાર લોભ તો ચંબલના ડાકુ જેવો છે. માયા કદાચ નાગણ જેવી છે પણ એને જન્મ આપનાર લોભ તો કોબ્રા સર્પ જેવો છે. વાસના કદાચ વિષ્ટા જેવી છે પણ એનો જનક લોભ તો ઉકરડા જેવો છે. નિંદા કદાચ ચિનગારી જેવી છે પણ એને જન્મ આપનાર લોભ તો દાવાનળ જેવો છે.

ટૂંકમાં, **પાવર હાઉસને જ જો બંધ કરી દેવામાં આવે છે તો જેમ સર્વત્ર અંધકાર**

**વ્યાપ્ત થઈ જાય છે તેમ જો લોભ પર જ હુમલો કરવામાં આવે છે તો મોહના સામ્રાજ્યમાં સર્વત્ર અંધકાર ફેલાઈ જાય છે.** તું જીવન જીતી જવા માગે છે ને ? પહેલું કામ આ કર. લોભના જોરને ઘટાડતો જા અને એ માટે તને જે ચીજ પસંદ છે એ ચીજ બીજા પાસેથી આંચકવાનું બંધ કરતો જા. પરિણામ નિહાળીને તું સ્તબ્ધ થઈ જઈશ.

## ૧૩

**મહારાજ સાહેબ,**

'લોભ'ની આટલી બધી ખતરનાકતા અને ભયંકરતા તો પહેલી જ વાર ખ્યાલમાં આવી. મને એમ લાગે છે કે ઘાંચીનો બળદ જેમ ઘાણીની આસપાસ જ ફર્યા કરે છે તેમ અમે સંસારરસિક જીવો લોભની આસપાસ જ ફર્યા કરીએ છીએ. બધું ય મને જ મળો. બધાય મને જ મળો. આવી ક્ષુલ્લક ગણતરી સાથેનું જ જીવન અને એમાં સફળ બની જવા માટેનો જ પુરુષાર્થ, અમારી મનોવૃત્તિને ગંદવાડની વાહક ન બનાવે તો બીજું કરેય શું ? હું ઈચ્છું છું કે આ ગંદવાડમાંથી મનને બહાર કાઢવા માટેનું જરૂરી માર્ગદર્શન આપની પાસેથી મને મળે.

**દર્શન,** એક નાનકડો પ્રશ્ન તને પૂછવા માગું છું. જે થાંભલાઓના આધારે તારું મકાન ટક્યું હોય એ થાંભલાઓને તોડી નાખવાની મૂર્ખાઈ તું ક્યારેય કરે ખરો ? જો ના, તો પછી **અન્ય જીવોનાં જીવનો એ તારા જીવન મકાન માટે થાંલભા જેવા છે, એ જીવોનાં જીવનો આંચકી લઈને તું તારા જીવનને ટકાવી શી રીતે શકીશ ?**

એ જીવોના સ્મિતને ઝૂંટવી લઈને તું તારા મુખ પરનું હાસ્ય ટકાવી શી રીતે શકીશ ? એ જીવોના સુખ પર આક્રમણ કરીને તું તારા સુખને સલામત શી રીતે રાખી શકીશ ? એ જીવોની પ્રસન્નતા પર પગ મૂકીને તું તારા મનની મસ્તી જાળવી શી રીતે શકીશ ? એ જીવોને મળેલ સગવડોની ઈર્ષ્યા કરીને તું તારા જીવનને અગવડમુક્ત શી રીતે રાખી શકીશ ? ના, આ સંભવિત જ નથી. સાગરની મુસાફરીએ નીકળેલા મુસાફરો કદાચ



અરસપરસની ચિંતા ન કરે તો ય એ સહુ પોતપોતાનાં જીવનો બચાવી શકે છે પણ વિમાનમાં મુસાફરી કરનારા યાત્રિકોએ તો એક-બીજાને સાચવી જ લેવા પડે છે. ત્યાં આકાશમાં એક પણ યાત્રિક જો ગરબડ કરે છે તો વિમાનના તમામ યાત્રિકોનું 'રામ બોલો ભાઈ રામ' થઈ જાય છે. આ હિસાબે તો કેટલીક વાર વિમાનનું અપહરણ કરી જનારાની અઘટિત માગણી પણ રાજસત્તાને કે વિમાનના પાયલોટને સ્વીકારી લેવી પડે છે.

દર્શન, ભલે તું જીવી રહ્યો છે અત્યારે ધરતી પર, પણ આકાશમાં જઈ રહેલા વિમાનમાં બેઠો છે એમ માનીને જ જીવતો જા. **ભલે સામાના જીવનને સલામત રાખવા નહીં પણ તારા ખુદના જીવનને સલામત રાખવા ય તારે સામાને સાચવવો પડશે, અપનાવવો પડશે, બચાવવો પડશે, આવકારવો પડશે.** અનાદિકાળથી મન પર કબજો જમાવી બેઠેલા લોભના ટાંટિયાને ઢીલા કરી દેવા માટે આ વિચારણા તારા માટે રામબાણ પુરવાર થયા વિના નહીં રહે !

## ૧૪

**મહારાજ સાહેબ,**

કેટકેટલીય વાર વિમાનમાં મુસાફરી હું કરી ચૂક્યો છું. પણ આપે જે વિચારણા આપી છે એ વિચારણા આજસુધીમાં મેં ક્યારેય કરી નથી. વાત આપની સાવ સાચી છે. વિમાનમાં દરેકે દરેકને સાચવી જ લેવા પડે છે. એકાદ પણ મુસાફરને દુશ્મન બનાવવાનું ત્યાં પરવડતું નથી.

પણ, આ અભિગમને ધરતી પર જીવન જીવતા અમલી બનાવવાનું કામ તો મીણના દાંતે લોખંડના ચણા ચાવવા કરતાં ય વધુ કપરું છે એમ મને લાગે છે. છતાં આપે જ્યારે આ જગતના જીવોનાં જીવનોને મારા જીવન મકાનના થાંલભાના સ્થાને હોવાનું સમજાવ્યું છે ત્યારે મારે એ સહુનાં જીવનોને સાચવી લેવા કટિબદ્ધ બનવું જ રહ્યું. પ્રશ્ન મારો એ છે કે એ દિશામાં આગળ વધવા મારે શરૂઆત ક્યાંથી કરવી ?

**દર્શન,** બે પરિબળોને તું બરાબર સમજી લે. પ્રથમ પરિબળ છે દયા અને બીજું પરિબળ છે પ્રેમ. આ બન્ને પરિબળોની અલગ અલગ અપેક્ષાએ જાત જાતની વ્યાખ્યાઓ થઈ શકે છે પણ તારી જે ભૂમિકા છે એને નજરમાં રાખીને જો વ્યાખ્યા કરું તો એ વ્યાખ્યા આ છે–

**બીજાના દુઃખે દુઃખી થાય એનું નામ છે દયા અને બીજાના સુખે સુખી થાય એનું નામ છે પ્રેમ.**

દયા વિના જો ધર્મમાં પ્રવેશ નથી તો પ્રેમ વિના ધર્મમાં સ્થિરતા નથી. દયા જો માણસાઈની જાહેરાત છે તો પ્રેમ સજ્જનતાથી માંડીને ઉપરની તમામ શ્રેષ્ઠ કક્ષાઓની જાહેરાત છે. તું આ ક્ષેત્રમાં પદાર્પણ કરવા માગે છે ને ? તો શરૂઆત અહીંથી કર. દયાને તારા હૃદયમાં એવી જડબેસલાક પ્રતિષ્ઠિત કરી દે કે અન્યનું દુઃખ તું કદાચ શક્તિ-સામગ્રી કે સંયોગના અભાવે દૂર ન પણ કરી શકે તો ય અન્યનું દુઃખ તું જોઈ તો ન જ શકે. રસ્તાના એક ખૂણે ટૂંટિયું વાળીને પડેલ કણસી રહેલ ભિખારીની વેદના જોઈને કમ સે કમ તું નિશ્ચિંતતાથી સૂઈ તો ન જ શકે. જુવાનજોધ દીકરાની ઘરમાંથી નીકળેલ લાશ પાછળ માથા પછાડતી સ્ત્રીને જોઈને કમ સે કમ એ દિવસ પૂરતું તો તું મિષ્ટાન્ન તો ન જ ખાઈ શકે. ઑપરેશનમાં બન્ને પગ ગુમાવી બેઠેલ કો'ક વૃદ્ધના કલ્પાંતને સગી આંખે નિહાળ્યા પછી કમ સે કમ એ દિવસ પૂરતા તો તારા પગ થિયેટર તરફ ન જ વળે. ગરીબીના કારણે માંદગીની દવા ન કરાવી શકતા કો'ક દરિદ્રની એ લાચારી નિહાળીને કમ સે કમ એ દિવસ પૂરતં તો હૉટલનું ખાવાનું છોડી જ દે.

ટૂંકમાં અન્યની આંખનાં આંસુ તારી આંખના ખૂણે આંસુના બુંદને જન્મ આપનારા તો કમ સે કમ બની જ રહે. શું કહું તને ? **જો 'એકડો' જ નથી, ગણિતની ઈમારત ધરાશાયી છે. જો 'દયા' જ નથી, જીવનની ઈમારત ધરાશાયી છે.**



# ૧૫

## મહારાજ સાહેબ,

આત્મનિરક્ષણ કર્યું ત્યારે ખ્યાલ આવ્યો કે અમારી આંતરિક સ્થિતિ કેટલી હદે કથળી ચૂકી છે ? **ગાયના મડદાની બિલકુલ બાજુમાં બેસીને કૂતરો જેમ સૂકા હાડકાને ટેસથી બટકા ભરી શકે છે તેમ પડોશીના ઘરમાંથી કો'ક જુવાનજોધ યુવકની લાશ નીકળતી હોય તો ય અમે ટેસથી ટી.વી. જોઈ શકીએ છીએ.**

ધરતીકંપમાં ૨૦૦૦ નાં મોત થાય, વાવાઝોડું ૫૦૦૦ ને ભરખી જાય કે કોમી હુલ્લડમાં ૧૦૦૦૦ ની રાખ થઈ જાય અમને ટેસથી મિષ્ટાન્ન આરોગવામાં કોઈ જ જાતનો વાંધો આવતો નથી. અમારા હૃદયની લગણીને ઉત્તેજિત કરવા કો'ક ભિખારી કદાચ પોતાના હાથ-પગના આંગળા મજબૂરીથી વિકૃત પણ કરી દે છે તો ય એના લક્ષમાં અમે એને સફળ બનવા દેતા નથી. કતલખાનું ચાહે દેવનારનું હોય કે અલ-કબીરનું, એમાં રહેંસાઈ જતાં પશુઓની સંખ્યા ચાહે હજારોમાં હોય કે લાખોમાં, અમને દર અઠવાડિયે થિયેટરમાં જતા અટકાવવામાં એ આંકડાઓ સફળ બનતા નથી.

ટૂંકમાં, હાથ છે એટલે અમે જેમ ખાઈ શકીએ છીએ, આંખ છે એટલે અમે જેમ જોઈ શકીએ છીએ, પગ છે એટલે અમે જેમ ચાલી શકીએ છીએ, જીભ છે એટલે અમે જેમ બોલી શકીએ છીએ, તેમ હૃદયનું ધબકવાનું ચાલુ છે એટલે અમે જીવી રહ્યા છીએ. બાકી, આપ જેને જીવંતતા માનો છો એ લાગણીતંત્ર તો અમારું ક્યારનું ય મૂર્ચ્છિત અવસ્થામાં ચાલ્યું ગયું છે. અલબ ા, આશ્વાસન લેવું હોય તો અમે એટલું લઈ શકીએ તેમ છીએ કે એ લાગણીતંત્ર સાવ જ ખતમ નથી થઈ ગયું. ક્વચિત, કો'ક પ્રસંગ વિશેષમાં એ ચોક્કસ ઝંકૃત થઈ જાય છે, કો'ક અત્યંત નિકટના આત્મીયજનની વિદાયમાં કે વેદનામાં એ ચોક્કસ વ્યથિત થઈ જાય છે. અને આ એક જ આશા છે, અમારા બચવાની.

બાકી, 'અન્યનાં દુઃખોને દૂર ન કરી શકે તો કાંઈ નહીં પણ કમ સે કમ જોઈ ન શકે એવા હૃદય'ની આપની માંગ જ અમારી કનિષ્ટ કક્ષાની જાહેરાત છે. ખોટું નહીં બોલું આપની પાસે, પણ ગઈકાલ સુધી અમારી સ્થિતિ એ હતી કે અન્યના અને એમાંય ખાસ કરીને અમે જેઓને પ્રતિસ્પર્ધીઓ માન્યા છે, દુશ્મનો માન્યા છે, સ્વાર્થપ્રતિબંધક માન્યા

છે તેઓ પ્રત્યેનું અમારું માનસિક વલણ આ હતું કે **એમનું સુખ એ અમારું દુઃખ હતું અને એમનું દુઃખ એ અમારું સુખ હતું !** પણ ના, હવે એ વલણને તો હૃદયમાં સ્થાન ન આપવાનો મારો નિર્ધાર પાકો જ છે.

૧૬

**દર્શન,**

આ પત્રવ્યવહાર આગળ લંબાવતા પહેલાં એક અતિ મહત્ત્વની વાસ્તવિકતા પર તારું ધ્યાન દોરવા માગું છું. તેં કોઈ ભંગારના વેપારીને જોયો તો હશે ને ? એની દુકાનમાં ઝૂંપડપટ્ટીમાંથી તો ભંગાર આવે જ પણ, વાલકેશ્વરમાંથી ય ભંગાર આવે. વિધવાને ત્યાંનો ભંગાર તો એની દુકાનમાં હોય જ પણ, વાંઢાને ત્યાંનો ભંગાર પણ એની દુકાનમાં હોય. હોળીના દિવસે તો એ ભંગાર માટે તલપતો હોય પણ, દિવાળીના દિવસે ય એનો રસ ભંગારમાં જ હોય. એ મુંબઈમાં તો ભંગાર શોધતો હોય પણ, મહાબળેશ્વરમાં પણ એની નજર ભંગારભૂખી જ હોય.

ટૂંકમાં, ભંગારના વેપારીને ભંગાર સિવાય બીજા એકેયમાં રસ ન હોય. હવે આ વેપારી પાસે તું ઝવેરાતની કે સોના-ચાંદીની વાતો કરવા લાગે તો એમાં તને સફળતા કેટલી મળે ? આ વેપારીની દુકાનમાં પ્રવેશીને તું હીરા-માણેક શોધવા લાગે તો એમાં તને સફળતા કેટલી મળે ? આ વેપારીને તું સોના-ચાંદી તરફ આકર્ષિત કરવા માગે તો એમાં તને સફળતા કેટલી મળે ? કહેવું જ પડશે તારે, કે જરાય નહીં.

બસ, આ જ વાસ્તવિકતા સર્જાઈ છે મારા-તારા અને આપણા સહુનાં જીવનમાં. **અનંતકાળના સંસાર પરિભ્રમણમાં આપણે એક જ કામ કર્યું છે. દોષો સેવવાનું અને દોષો જોવાનું.** ક્રોધ આપણે કરતા રહ્યા છીએ અને અન્યના રહેલ ક્રોધ જોઈને એની નિંદા આપણે કરતા રહ્યા છીએ. વાસનામાં આપણે ગળાબૂડ રહ્યા છીએ અને અન્યમાં રહેલ વાસનાને આપણે કાતિલ નજરે જોતા રહ્યા છીએ. દુર્જનમાં રહેલ દોષો તો આપણે જોયા જ છે પણ, સજ્જનોમાં અપ્રગટરૂપે રહેલા દોષોને ય આપણે શોધતા રહ્યા છીએ. ઘરમાં તો આપણી નજર આપણે દોષો તરફ કેન્દ્રિત કરી જ છે પણ, મંદિરમાં ય આપણે આ જ ધંધા કર્યા છે. હવે આ સ્થિતિમાં આપણામાં ગુણો શોધવાના કોઈ પ્રયત્નોમાં કરે તો એમાં એને સફળતા કેટલી મળે ?



અરે, આપણે ખુદ આપણામાં ગુણો શોધવા લાગીએ તો એમાં આપણને સફળતા કેટલી મળે ? આ વાત હું તને એટલા માટે જણાવી રહ્યો છું કે પત્રવ્યવહારમાં આવનારી ગુણોની વાતો વાંચીને તું સાવ નિરાશ ન બની જાય કે 'આપણામાં આવા ગુણોનું તો સાવ દેવાળું જ છે !' ના, ભંગારના વેપારીની દુકાનમાં હીરા-માણેકનાં દર્શન થાય તો આપણા જેવા દોષસેવક-દોષદર્શકના જીવનમાં ગુણોનાં દર્શન થાય. પણ, એટલા માત્રથી આપણે હતાશ થવાની જરૂર નથી કે આપણે આ જીવન હારી ગયા ! ના, બાજી સુધારી લેવી હજી આપણા હાથમાં છે. કારણ કે આપણી નજર સામે કદાચ આપણો ભૂતકાળ અને વર્તમાનકાળ જ છે પણ અનંતજ્ઞાનીઓની નજર તો આપણા ભવિષ્યકાળ તરફ છે.

**'બગડેલા છીએ' એની સામે આપણી નજર છે જ્યારે 'સુધરી શકીએ તેમ છીએ' એ સંભાવનાનો ખ્યાલ જ્ઞાનીઓને છે.** દોષોની વાસ્તવિકતાએ આપણે વ્યથિત છીએ જ્યારે ગુણોની સંભાવનાએ જ્ઞાનીઓ સ્વસ્થ છે. હકીકત જ્યારે આ જ છે ત્યારે આપણે આ એક જ કામ કરવા જેવું છે. જ્ઞાનીઓની નજરમાં રહેલ 'સંભાવના'ને 'વાસ્તવિકતા'ના સ્તર પર લાવવા કટિબદ્ધ બની જઈએ. બસ, વાત પૂરી થઈ જાય છે.

૧૭

**મહારાજ સાહેબ,**

આપના ગત પત્રે સાચે જ મને નિરાશાની ગર્તામાં સરકી જતા બચાવી લીધો. કારણ કે પત્રવ્યવહારના માધ્યમે આપ અનંતજ્ઞાનીઓએ ફરમાવેલા ગુણોની જે પણ વાતો લખતા હતા એ વાતોની સામે જ્યારે મારા દોષસભર જીવનની સરખામણી કરતો

હતો ત્યારે એમ લાગતું હતું કે આ જીવનમાં તો આપણે 'સારા' બની શકીએ એવી કોઈ જ શક્યતા નથી. પણ, ભંગારના વેપારીની વાત લખીને આપે મને નિરુત્સાહી થતો અટકાવી દીધો છે. ભંગારનો વેપારી ભંગાર કાઢીને જો સોના-ચાંદીનો ધંધો નવો શરૂ કરી શકે છે તો હું પણ દોષસભર જીવનને તિલાંજલિ આપીને નવેસરથી ગુણપ્રાપક જીવન જીવી શકું જ છું.

ટૂંકમાં, **મારે 'સારા' બનવું હોય તો ભૂતકાળની મારી 'ખરાબી'ને મારે વધુ પડતું વજન આપવા જેવું નથી.** સાવધ બની જાઉં, જાગ્રત બની જાઉં તો હું ચોક્કસ સારું જીવન જીવવા દ્વારા સારો બની શકું છું. આપના આ માર્ગદર્શને મને ખૂબ ખૂબ ઉત્સાહમાં લાવી દીધો છે જે બદલ હું આપનો ખૂબ ખૂબ આભાર માનું છું.

હવે મૂળ વાત. લાગણીતંત્રને ધબકતું રાખવા માટે આપે 'અન્યનાં દુઃખને કમ સે કમ જોઈ તો ન જ શકે' એવા હૃદયની જે વાત કરી છે એ ક્ષેત્રમાં મારે કોઈ પણ હિસાબે સફળતા તો મેળવવી જ છે પણ એ અંગે કોઈ અતિ મહત્ત્વની બાબત મારે ધ્યાનમાં રાખવા જેવી હોય તો આપ ખાસ જણાવશો.

**દર્શન,** સાવ સીધી-સાદી બે વાતો તારે ધ્યાનમાં રાખવાની છે. **જડ પ્રત્યેના રાગથી બચવા તારે વિચારશીલ બનવાનું છે અને જીવો પ્રત્યેના દ્વેષથી બચવા તારે લાગણીશીલ બનવાનું છે.** અનંતકાળના સંસાર પરિભ્રમણમાં આ જીવે જો કોઈ ભયંકર ભૂલો કરી હોય તો તે આ જ કરી છે. લાગણીશીલ એ બની ગયો છે જડ પ્રત્યે અને એના જ કારણે ખેંચાઈ ગયો છે એ રાગમાં. અને વિચારશીલ એ બની ગયો છે જીવો પ્રત્યે અને એના જ કારણે એ ખેંચાઈ ગયો છે દ્વેષમાં. ક્રૂરતા, કઠોરતા, કર્કશતા, સંવેદનહીનતા વગેરેને જન્મ આપવાનું કામ કર્યું છે દ્વેષે અને દ્વેષને જન્મ આપવાનું કામ કર્યું છે વિચારશીલતાએ.

શું કહું તને ? આંખનો સુરમો પેટમાં પધરાવી દેવાની ભૂલ કદાચ એટલી બધી ઘાતક નથી નીવડતી પણ જડક્ષેત્રે દાખવવાની વિચારશીલતા જ્યારે જીવક્ષેત્રે દાખવવામાં આવે છે ત્યારે કઈ હોનારત નથી સર્જાતી એ પ્રશ્ન છે. આ પંક્તિ પર ગંભીરતાથી વિચારજે. સ્તબ્ધ થઈ જઈશ.



## ૧૮

**મહારાજ સાહેબ,**

જડ પ્રત્યે બનવું વિચારશીલ અને જીવો પ્રત્યે બનવું લાગણીશીલ, આપના આ સૂચન પર ગંભીરતાથી વિચાર તો કર્યો પણ એમા હું ખાસ ફાવ્યો નહીં. ઇચ્છું છું કે આપ જ આ બાબત પર કંઈક વધુ પ્રકાશ પાડો.

**દર્શન,** જડક્ષેત્રે આમ તો ઢગલાબંધ પદાર્થો પ્રત્યે જીવનું આકર્ષણ છે. મીઠાઈ ગમે છે, ફરસાણ ફાવે છે, મારુતિ આકર્ષે છે, બંગલો ગલગલિયાં કરાવે છે, ફર્નિચર જામે છે, ફૅશનેબલ વસ્ત્રો ખેંચે છે પણ **આ તમામ પદાર્થો કરતાં સૌથી વધુ આકર્ષણ જીવનું હોય તો એ છે વિત્ત પ્રત્યે ! સંપત્તિની વાત આવે છે અને એ બધું જ છોડીને એની પાછળ દોડવા લાગે છે.**

એને મેળવવા, ટકાવવા અને વધારવા એ જે કાંઈ પણ કરવું પડે એ તમામ કરવા તૈયાર થઈ જાય છે. હવે વિત્ત પ્રત્યેના જાલિમ આકર્ષણથી મુક્ત થવું હોય તો એનો એક શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે 'વિત્ત'ના સ્વરૂપ અંગે ગંભીરતાથી વિચારણા કરવી. શું કરાવે છે આ વિત્ત ? પરમાત્માને એ ભુલાવે છે, ગુરુને એ ગૌણ બનાવે છે, ધર્મની એ મશ્કરી કરાવે છે, મા-બાપની એ અવગણના કરાવે છે, પરિવારની એ ઉપેક્ષા કરાવે છે, શરીરની તંદુરસ્તીની એ અવગણના કરાવે છે, આત્માનું એ વિસ્મરણ કરાવે છે, પાપ-પુણ્યની વાતો એ ભુલાવે છે, પરલોક પ્રત્યે એ આંખમીંચામણાં કરાવે છે, મિત્રને એ દુશ્મન બનાવે છે, ઢગલાબંધ વ્યસનોને એ આમંત્રણ આપી બેસે છે.

ટૂંકમાં, જેના પણ જીવનમાં કેન્દ્રસ્થાને આ 'વિત્ત' ગોઠવાઈ જાય છે એ આત્મા છેલ્લામાં છેલ્લી હદની ક્રૂરતા આચરવા તૈયાર થઈ જાય છે. કબૂલ, સંસાર ચલાવવા માટે વિત્ત અનિવાર્ય છે પણ એનો અર્થ એ નથી કે એ જ જીવનમાં મુખ્ય બની જાય અને એના સિવાયનું બાકીનું બધું જ ગૌણ બની જાય. એમ તો જીવન ટકાવવા રોજ ખોરાક પણ લેવો પડે છે અને સંડાસ પણ જવું પડે છે પણ એટલા માત્રથી આખો દિવસ કાંઈ ભોજનની અને સંડાસની જ બોલબાલા કર્યા કરવાની હોતી નથી.

બસ, એ જ ન્યાયે **વિત્ત વિના આ સંસાર ન ચાલતો હોવા છતાં ય એને જીવનમાં**

**નંબર 'એક'નું સ્થાન આપી દેવાની ભૂલ તો હરગિજ કરવા જેવી નથી.'** આનું નામ છે વિચારશીલતા. તપાસી જોજે તારા અંતઃકરણને ! વિત્તની તાકાત કદાચ તારા અંતઃકરણમાં ગોઠવાઈ હશે પણ વિત્તની આ ભયંકરતા તો તેં ક્યારેય વિચારી પણ નહીં હોય. અને એક વાર અત્યંત ગંભીરતા સાથે આ ભયંકરતા વિચારી જો. વિત્ત સાથેની તારી મહોબ્બતમાં કડાકો બોલાયા વિના નહીં રહે.

શું કહું તને ? અનંતા આત્માઓ જે વિચારશીલતાની મૂડી પર પોતાના આત્માને વૈરાગ્યવાસિત બનાવી ચૂક્યા છે એ વિચારશીલતાની મૂડીનો તું પણ સ્વામી બની જા. ન્યાલ થઈ જઈશ.

## ૧૯

**દર્શન,**

**જડ ક્ષેત્રે વિચારશીલતાને પ્રાધાન્ય આપવાથી જેમ રાગને કન્ટ્રોલમાં રાખી શકાય છે તેમ જીવક્ષેત્રે લાગણીશીલતાને પ્રાધાન્ય આપવાથી દ્વેષને કન્ટ્રોલમાં રાખી શકાય છે.**

તને કદાચ ખબર નહીં હોય પણ હકીકત એ છે કે જીવોના ગલત વર્તાવ પ્રત્યે મન પુષ્કળ વિચારો કરે છે એટલે જ એ દ્વેષગ્રસ્ત બની જાય છે. દા.ત., તારા નોકરના હાથે કપ-રકાબી તૂટી ગયા છે. હવે તું ચડે તે વિચારમાં, કરે છે એના આ વર્તાવનું 'પોસ્ટમૉર્ટમ' 'આજે તો એણે કપ-રકાબી જ તોડ્યા છે, કાલે એ કદાચ ટી.વી. પણ તોડી નાખે, આજે તો રૂ.૨૦૦ નું જ નુકસાન થયું છે, કાલે એ કદાચ રૂ.૨૦,૦૦૦ ની નુકસાનીમાં પણ ઉતારી દે, આજે તો કપ-રકાબી તૂટી જવા બદલ એણે મારી માફી માગી લીધી છે, કાલે એ કદાચ મારી સામે પણ બોલવા લાગે. ના, આવું કાંઈ બને એ પહેલાં જ એની સાથે કડકાઈથી કામ લેવા દે. નાહકના પસ્તાવાના દિવસો જોવાના ન આવે.

આ શેનું પરિણામ ? વિચારશીલતાનું જ. આના બદલે જો તું નોકર પ્રત્યે બની ગયો હોત લાગણશીલ તો વિના વિલંબે તેં એને ક્ષમા આપી દીધી હોત. આગળ વધીને તેં કદાચ એને પ્રેમ પણ આપ્યો હોત. એની સાથે મધુર વ્યવહાર કરીને તેં એનું દિલ જીતી



લીધું હોત. ન પેદા થયો હોત તારા દિલમાં એના પ્રત્યે દ્વેષ કે ન પેદા થયો હોત નોકરના દિલમાં તારા તરફનો ભય.

શું કહું તને ? બાળમંદિરમાં શીખવાડાતું ૧ + ૧ = ૨ નું ગણિત જેમ બાહ્ય જગતમાં જિંદગીભર યાદ રાખવું પડે છે તેમ જડ પ્રત્યે વિચારશીલતા અને જીવો પ્રત્યે લાગણીશીલતાનું આ ગણિત સદ્ગૃહસ્થ બનવાની ભૂમિકાથી માંડીને જ્યાં સુધી આપણે પરમાત્મા ન બની જઈએ ત્યાં સુખી અમલી બનાવવાનું છે. આના અમલમાં જે પણ આત્માએ, જે પણ ભૂમિકાએ ગરબડ કરી એ આત્મા એ ભૂમિકાથી નીચે ગબડ્યો જ સમજજે. પછી ચાહે એ આત્મા સંત હોય, સજ્જન હોય કે સદ્ગૃહસ્થ હોય. હું તને અત્યારે બીજું કાંઈ નથી કહેતો. માત્ર એક જ દિવસ માટે તું આ ગણિતને અમલી બનાવવા પ્રયત્નશીલ બનજે.

**થાળીમાં આવતા પેંડાને જોઈને વિચારશીલ બનીશ તો તને પેંડામાં વિષ્ટાનાં દર્શન થશે અને વ્યક્તિના દુષ્ટ વર્તાવ છતાં એના પ્રત્યે લાગણશીલ બનીશ તો તને એ વ્યક્તિમાં સજ્જનનાં દર્શન થશે.**

વિષ્ટા દર્શન તને રાગમાં ખેંચાવા નહીં દે તો સજ્જન દર્શન તને દ્વેષનો ભોગ નહીં બનવા દે. તું તારી જાતને સ્વસ્થ, મસ્ત અને પ્રસન્ન રાખવા માગે છે ને ? તો એનો એક માત્ર વિકલ્પ આ જ છે. સાડી સ્ત્રીને જ અપાય, ધોતિયું પુરુષને જ અપાય. વિચાર જડને જ અપાય, જીવને લાગણી જ અપાય. શરૂ કરજે આ પ્રયોગ.

## ૨૦

**મહારાજ સાહેબ,**

અરમાન ઊતરી ગયા મારા, આપનાં પત્ર વાંચીને. હું મારી જાતને માનતો હતો બુદ્ધિમાન પણ વિચાશીલ અને લાગણીશીલના આપે બતાવેલા ગણિતને વાંચતા સમજાઈ ગયું કે **હું કદાચ જાણકાર છું પણ સમજદાર તો બિલકુલ નથી.**

કારણ કે આજ સુધી મેં ઊંધું જ કર્યું છે. જડક્ષેત્રે બન્યો છું લાગણશીલ અને જીવક્ષેત્રે બન્યો છું વિચારશીલ. સારું રૂપ જોયું નથી અને વગર વિચાર્યે એના તરફ હું આકર્ષાયા વિના રહ્યો નથી. શબ્દો મજેના કાન પર પડ્યા નથી અને ભાવાવેશમાં ખેંચાઈને ઝૂમવાનું મેં ચાલુ કર્યું નથી. સંપત્તિની વાત સાંભળી નથી અને લાંબી દૃષ્ટિ દોડાવયા વિના એની પાછળ દોડવાનું મેં ચાલુ કર્યું નથી. ભોજનનાં મનગમતાં દ્રવ્યો જોયા નથી અને સારાસારનો કે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક દાખવ્યા વિના અકરાંતિયો બનીને હું એના પર તૂટી પડ્યો નથી.

એક બાજુ જડક્ષેત્રે આ મૂર્ખાઈ કરી છે તો બીજી બાજુ જીવક્ષેત્રે જુદી જ મૂર્ખાઈ કરી છે. ભીખ માગતા ભિખારીને મેં જોયો છે અને એને મેં સીધી સલાહ જ આપવાની ચાલુ કરી છે, 'તબિયત મસ્ત છે તો પછી ભીખ શા માટે માગે છે ? થોડીક મહેનત-મજૂરી કરતો જા, નહિતર તારા હાડકા હરામના થઈ જશે.' કાળઝાળ દુષ્કાળમાં ઑફિસે કો'ક પાંજરાપોળવાળા આવ્યા છે તો એમની સાથે મેં બરછટ વ્યવહાર જ કર્યો છે.

'આવા દુષ્કાળો તો દર વરસના થઈ ગયા. તમે દરેક વખતે આમ વગર બોલાવ્યે આવી જ જાઓ એ શે ચાલે ? અમારે ય સંસાર ચલાવવાનો છે !' ઘરમાં કામ કરી રહેલ ઘાટીએ પગાર વધારો માગ્યો છે તો તરત જ એને સંભળાવી દીધું છે, 'પગાર ટૂંકો પડતો હોય તો ઘર ખર્ચમાં કાપ મૂકતો જા. બપોરની ચા પીવાનું બંધ કરી દે અને ઘરવાળી માટે કપડાં ખરીદવાનું ઓછું કરી દે. બાકી, જે પરિસ્થિતિ ઊભી થઈ હોય એમાં ગોઠવાઈ જતા શીખી જઈશ તો સુખેથી જીવી શકીશ.' દુકાનના નોકરે એકાદ ખાડો પાડ્યો છે તો એને ગુજરાતી ભાષામાં કહી દીધું છે, 'દુકાન કાંઈ પરોપકાર કરવા નથી ખોલી. એક પણ દિવસનો ખાડો પાડ્યો છે તો એ દિવસનો પગાર કપાઈ જશે. બાકી આપણે તો શિસ્તમાં માનીએ છીએ.'

ટૂંકમાં, શિસ્તના નામે કે સંયોગના બહાના હેઠળ માત્ર વિચારશીલ બનીને મેં જીવો પ્રત્યે કઠોરતા જ આચરી છે, ક્રૂરતા જ દાખવી છે, દ્વેષ જ ઊભો કર્યો છે. આ ગણિતમાં મારું જીવન રફેદફે ન થઈ જાય તો બીજું થાય પણ શું ? ચોવીસે ય કલાક અંતઃકરણ રાગ-દ્વેષથી જ ખદબદતું ન રહે તો બીજું બને પણ શું ?

અલબત્ત, એ રસ્તે હવે ન જ જવાનો મારો નિર્ધાર પાકો છે. **મારા અંતઃકરણમાં મારે સજ્જનના અંતઃકરણમાં વહેતું દયાનું ઝરણું પ્રગટાવવું છે. સંતના અંતઃકરણમાં વહેતી પ્રેમની નદી પ્રગટાવવી છે અને એમ કરતાં કરતાં પરમાત્માના અંતઃકરણમાં વહેતો કરુણાનો સાગર પણ પ્રગટાવવો છે.** એ માટે આપના માર્ગદર્શનની મને અપેક્ષા છે.



## ૨૧

**દર્શન,**

જમીન ખેડાઈ ગયા પછી એમાં વાવેતર કરવાનો માળીનો ઉત્સાહ જેમ વધી જાય છે તેમ ગત પત્રનું તારું લખાણ વાંચીને, તને સમ્યક્ સમજણના ઘરમાં લઈ આવવાનો મારો ઉત્સાહ પણ વધી ગયો છે. કારણ કે આટલા વખતના પત્રવ્યવહારે તારી મનની ભૂમિને એટલી બધી નરમ બનાવી દીધી લાગે છે કે હવે એમાં કદાગ્રહની બરછટતા, પૂર્વગ્રહની કર્કશતા કે હઠાગ્રહની કઠોરતા હોવાનું સંભવતું નથી. જે મન આ ત્રણ ખતરના આગ્રહોથી રહિત બની જાય છે એ મનને સમ્યક્ સમજણના ઘરમાં લઈ આવવામાં સફળતા મળ્યા વિના રહેતી નથી.

હવે મૂળ વાત. એક વાત સતત તારી નજર સામે રાખજે કે **ક્યારેય પાછા ન ફરતા અને ક્યારેય અટકવાનું નામ ન લેતા એવા 'સમય' પાસેથી શાશ્વત મેળવી લેવા કટિબદ્ધ બનવું એમાં જ આ જીવન પામ્યાની સફળતા છે.**

તપાસી જો તારા ખુદના જીવનને. શું મેળવવા તું દોડી રહ્યો છે ? જે મળી રહ્યું છે એનાથી તારું ભાવિ કેટલું સદ્ધર બની રહ્યું છે ? તારા અંતઃકરણમાંથી આનો જે પણ જવાબ મળશે એ જવાબ તને ખળભળાવી મૂક્યા વિના નહીં રહે. દોટ છે તારી પદાર્થો મેળવવાની અને એ તમામ પદાર્થો ખુદ ક્ષણભંગુર છે. સમય એને નષ્ટ કરી દેવાની ક્ષમતા ધરાવે છે. વિપરીત સંયોગો કે વિષમ વાતાવરણ એને ખતમ કરી દેવાની તાકાત ધરાવે છે. વ્યક્તિઓ તરફથી થતું આક્રમણ એને રફેદફે કરી દેવાની પાશવી ક્ષમતા ધરાવે છે. સમય પસાર થાય છે અને આજે અલમસ્ત દેખાતું પણ શરીર ક્ષીણ થતું જાય છે. ધરતીકંપનો એક જ આંચકો આવે છે અને અડીખમ ઊભેલો આકર્ષક બંગલો પળવારમાં ધરાશાયી થઈ જાય છે. ગળાની ફોડકીના નિદાનમાં કૅન્સર આવે છે અને અબજોની પણ સંપત્તિમાંથી રસ ઊડી જાય છે. પત્નીના ગાલ પર કરચલીઓ પડવા લાગે છે અને એનામાંથી રસ ઊડવા લાગે છે. અચાનક લાગેલી આગમાં ગોડાઉન ઝડપાઈ જાય છે અને લાખોનો માલ પળભરમાં ભસ્મીભૂત થઈ જાય છે.

**વરસોની દોડધામ પછી ઊભી કરેલ આબરૂ મરણ પછીના બીજે દિવસે પેપરમાં**

**આવતી ચાર લીટીની શ્રદ્ધાંજલિમાં સીમિત થઈને, એના પછીના દિવસે પસ્તીમાં રૂપાંતરિત થઈ જાય છે.**

હું તને એટલું જ પૂછું છું કે જે ખુદ રક્ષણીય છે એ તારી રક્ષા શી રીતે કરી શકશે ? જે ખુદ ક્ષણભંગુર છે એનો સંગ્રહ તને શાશ્વત શી રીતે બનાવી શકશે ? જે ખુદ નાશવંત છે એની પ્રાપ્તિ તને અવિનાશી શેં બનાવી શકશે ? તારા ખુદના જીવનકાળ દરમ્યાન જ જે પદાર્થો તારા માટે વિશ્વાસઘાતક પુરવાર થાય તેવા છે એ પદાર્થો ભવાંતરમાં તારા માટે આશ્વાસક શેં પુરવાર થશે ? વિચારીને જવાબ લખજે.

## ૨૨

**મહારાજ સાહેબ,**

આટલાં વરસોની જાલિમ દોડધામ પછી જીવનમાં જે કાંઈ એકઠું કરી શક્યો છું એને સ્મૃતિપથમાં લાવ્યા પછી એના પર ગંભીરતાથી વિચાર કર્યો ત્યારે ખ્યાલ આવ્યો કે **પદાર્થો મેળવવા જતા હું આત્મા વેચી બેઠો છું. ક્ષણભંગુરને મેળવવામાં સફળ બની ગયેલો હું શાશ્વતને મેળવી લેવાની હાથમાં આવી ગયેલ અણમોલ તકને સાવ જ વેડફી બેઠો છું.**

ઇહલૌકિક સુખ-સગવડ અને સલામતીની ચિંતા કરવા જતાં પારલૌકિક સદ્ગતિની સંભાવનાને સાવ જ નષ્ટ કરી બેઠો છું. સંગ્રહની પાછળ જ પાગલ બની ગયેલો હું, સમાધિની વાતને તો સાવ જ વિસરી ગયો છું. પ્રતિષ્ઠા જમાવવામાં ફાવી ગયેલો હું, પ્રસન્નતાને તો સાવ ગૌણ જ બનાવી બેઠો છું. આપ મને 'પરલોકમાં મારા માટે આશ્વાસક કોણ ?' એમ પૂછો છો પણ મને તો એમ લાગે છે કે જીવનમાં અત્યંત કટોકટીની પળ આવીને ઊભી રહી જાય તો અત્યારે ય મારા માટે આશ્વાસક બની રહે એવું કાંઈ જ મારી પાસે નથી.

સંપત્તિની રેલમછેલ, સગવડોની વણઝાર, પદાર્થોના ખડકલા, જમાવેલી પ્રતિષ્ઠા



જાલિમ માંદગી વચ્ચે આમાંની કઈ ચીજ સ્વસ્થતા આપવાની છે મને ? એક્સિડન્ટમાં હાડકાં-પાંસળાં તૂટી ગયા હોય એવી જાલિમ વેદના વચ્ચે આમાંની કઈ ચીજ મને હસતો રાખી શકવાની છે ?

ના, હવે હું કોઈ જ ભ્રમણામાં રહેવા નથી માગતો. હું એ ચીજની પ્રાપ્તિને જીવનનું લક્ષ બનાવવા માગું છું કે જે ચીજની પ્રાપ્તિ મારા પરલોકને તો સદ્ધર બનાવીને રહે જ પણ મારા વર્તમાનને ય પ્રસન્નતાથી તરબતર બનાવી દે. સુખમાં તો મને ખુવાર થતો અટકાવે જ પણ દુઃખમાંય મારી ખુમારીને આંચ ન આવવા દે. શ્રીમંતાઈમાં તો મને નમ્ર રાખે જ પણ નુકસાનીમાં ય મને દીનતાનો શિકાર ન બનવા દે. સફળતામાં તો મને સજ્જન રાખે જ પણ નિષ્ફળતામાં ય મને દુર્જનતાનો શિકાર ન બનવા દે. જીવતા તો મને શાંતિ આપે જ પણ મરતા ય મને અસમાધિમાં ખેંચાવા ન દે. મને એમ લાગે છે કે એ ચીજની પ્રાપ્તિ માટે બાહ્ય જગતનાં મેં નક્કી કરેલા ઢગલાબંધ સિદ્ધાંતોને મારે તિલાંજલિ આપવી જ પડે. આપ એ અંગે શું કહો છો ?

**દર્શન,** તારા મનમાં પેદા થયેલ સુંદર લક્ષ્ય બદલ તને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે. જો એ લક્ષ્યે તારે પહોંચવું જ છે તો બાહ્ય જગતના ઢગલાબંધ સિદ્ધાંતોને તારે તિલાંજલિ આપવી જ પડે એમાં લેશ બેમત નથી.

કારણ કે **બાહ્ય જગતમાં તો આ એક જ સિદ્ધાંત ચાલે છે કે LIFE IS A JOURNEY FROM I TO I પણ આભ્યંતર જગત તો આમાં આગળ વધતાં એટલો સુધારો સૂચવે છે કે LIFE IS A JOURNEY FROM I TO WE.**

'હું થી હું' સુધીની યાત્રાઓ તો ઘણી કરી. 'હું થી તમે' સુધીની યાત્રાઓ પણ આપણે ઘણી કરી પણ આ જીવનમાં તો આપણે યાત્રા કરવાની છે 'હું થી આપણે' સુધીની. એ અંગેની વિશેષ વાત હવે પછીના પત્રમાં.

## ૨૩

**દર્શન,**

એક અતિ મહત્ત્વની વાસ્તવિકતા તારા ધ્યાન પર આ પત્રમાં હું લાવવા માગું છું. **જે માણસ જીવતા જ 'સર્વસ્થ' બને છે એ માણસને મર્યા પછી 'સ્વર્ગસ્થ' બનતા અટકાવવાની તાકાત આ જગતના કોઈ જ પરિબળમાં નથી.**

અલબત્ત, વ્યવહાર તો અત્યારે આ જગતમાં એવો ચાલે છે કે જે પણ માણસ આજે મરે છે, આવતી કાલના પેપરમાં આવતી શ્રદ્ધાંજલિમાં એના નામ આગળ 'સ્વર્ગસ્થ' લખાઈ જ જાય છે. પછી ભલે એ માણસે જીવનકાળ દરમ્યાન પોતાના બાપ પાસેથી પણ ઘરે જમાડવા બદલ પૈસા માગ્યા હોય કે બિલકુલ ખોટા જ રસ્તે કરોડો રૂપિયા ભેગા કર્યા હોય ! ભલે એ માણસે જીવનભર જુગારની ક્લબો ચલાવી હોય કે દારૂનાં પીઠાંઓ ખોલ્યા હોય ! ભલે એ માણસ પોતાની યુવાનીના કાળમાં વ્યભિચારમાં જ ગળાડૂબ રહ્યો હોય કે અન્ય કમજોર જીવોને દબાવતો જ રહ્યો હોય ! માત્ર એનું મોત થઈ જાય એટલે તુર્ત જ એને 'સ્વર્ગસ્થ'નું વિશેષણ મળી જાય. હું અહીંયાં એવા માણસની વાત તને નથી કરતો.

હું તો તને એવા માણસની વાત કરું છું કે જેણે પોતાની જીવનયાત્રાની શરૂઆત ભલે 'હું' થી કરી છે પણ આજે જેની જીવનયાત્રા વિસ્તરતા વિસ્તરતા 'તમે'ની સીમા ઓળંગીને છેક 'આપણે'ના લક્ષ્યસ્થાને પહોંચવા સતત આગળ ધપી રહી છે. જેમ સમુદ્ર નાની-મોટી, છીછરી-ગંભીર, સ્વચ્છ-ગંદી, પ્રખ્યાત-અપ્રખ્યાત તમામ પ્રકારની નદીઓને સ્વીકારી જ લેતો હોય છે તેમ આવો માણસ કમજોર-બહાદુર, સજ્જન-દુર્જન, પાપી-પુણ્યવાન, સંત-શેતાન તમામ પ્રકારના જીવોને પોતાના અંતઃકરણમાં સમાવી જ ચૂક્યો હોય છે. અને એ હિસાબે તો એ 'સર્વસ્થ' બની ગયો હોય છે. આવો 'સર્વસ્થ' બની ચૂકેલો આત્મા એના જીવનની સમાપ્તિ બાદ 'સ્વર્ગસ્થ'ન બને તો જ આશ્ચર્ય !

તું તારા જીવનને સમ્યક્ વળાંક આપવા માગે છે ને ? તો લક્ષ્યસ્થાન આ નક્કી કરી દે, 'સર્વસ્થ' બનવાના જ પ્રયત્નો, અને એ બનતા રોકે એવાં તમામ પરિબળો સાથે જબરદસ્ત સંઘર્ષ. યાદ રાખજે, **પૈસાએ આ જગતમાં ધનવાન તો ઘણાંયને બનાવ્યા છે પણ શ્રીમંત બનવા માટે તો હૃદયને જ ઉદાત્ત અને ઉમદા બનાવવું પડે છે.** અને 'હું' 'તમે' ને ગૌણ બનાવીને 'આપણે' ને પ્રાધાન્ય આપ્યા વિના હૃદયને ઉદાત્ત બનાવી શકાય એવી કોઈ જ શક્યતા નથી.

શું કહું તને ? ભર્યા ભર્યા ઘરવાળો હજી કદાચ દુર્ગતિમાં ગયો છે પણ ભર્યા ભર્યા મનવાળો તો એક પણ આત્મા દુર્ગતિમાં ગયો નથી. હું ઇચ્છું છું, તારો નંબર 'ભર્યા ભર્યા મનવાળા'માં લાગી જાય.

## ૨૪

**મહારાજ સાહેબ,**

આપના ગત પત્રે મને રીતસરનો ખળભળાવી મૂક્યો છે. સાચા અર્થમાં 'સ્વર્ગસ્થ' બનવા માટે 'સર્વસ્થ' બન્યા વિના ચાલે તેમ નથી અને 'સર્વસ્થ' બનવા માટે 'સ્વ'ને જ કેન્દ્રમાં રાખીને જીવન જીવી શકાય તેમ નથી. કારણ કે 'સ્વ'ને કેન્દ્રમાં ત્યારે જ રાખી શકાય છે કે જ્યારે 'સર્વ'નું પ્રાધાન્ય મનમાંથી હટી ગયું હોય છે. અને 'સર્વ'ને જો કેન્દ્રમાં રાખ્યા છે તો 'સ્વ'ને એક ખૂણામાં હડસેલી દેવાની હિંમત દાખવવી જ પડે છે.

મને એમ લાગે છે કે ઘરમાં પંદર મહેમાનને રાખવા હજી કદાચ સહેલા છે પણ હૃદયમાં સર્વજીવોને રાખવા એ તો ભારે મુશ્કેલ કાર્ય છે. અને છતાં એ અભિગમને આત્મસાત્ કર્યા વિના જો 'સ્વર્ગસ્થ' બની શકાય તેમ નથી જ તો પછી મારે આપની પાસેથી એ અંગેનું માર્ગદર્શન મેળવીને જ રહેવું છે.

**દર્શન,** 'સ્વર્ગસ્થ' બનવા માટે 'સર્વસ્થ' બન્યા વિના ચાલે તેમ જ નથી અને 'સર્વસ્થ' બનવા માટે 'સ્વ'ને ગૌણ કરી દીધા વિના ચાલે તેમ જ નથી આ વાત તારા મગજમાં જ્યારે જડબેસલાક ગોઠવાઈ જ ગઈ છે ત્યારે એ દિશામાં પ્રયાણ કરવાનું તારા માટે ખૂબ સરળ બન્યું રહેશે એમ મને લાગે છે. એક હકીકત તું સદાય નજર સામે રાખજે કે **જેમ દૂધમાં પડતી સાકર ખલાસ નથી થઈ જતી પણ વ્યાપક બની જાય છે તેમ 'સર્વ'માં 'સ્વ'નું વિસર્જન કરનારો ખલાસ નથી થઈ જતો પણ વ્યાપક બની જાય છે.**

આપણા મનમાં ઘર કરી ગયેલ ઢગલાબંધ ભ્રમણાઓમાંની એક ભ્રમણા આ પણ

છે કે બીજાનું કરવા જઈએ એટલે જાતનું ગૌણ બનાવવું જ પડે. ના, હકીકત એ છે કે સો રૂપિયાની નોટ મેળવનારને જેમ સો રૂપિયાની અંદર દસ રૂપિયા મળી જ રહે છે, ઘરની દીવાલમાંથી મુક્ત થઈને બહાર આવનારને જેમ વિરાટ આકાશ મળે છે, તેમ સર્વનાં હિતની કે સુખની ચિંતા કરનારનું પોતાનું હિત કે સુખ અકબંધ બની જ રહે છે. આ હકીકતનો હૃદયગત સ્વીકાર એટલા માટે જરૂરી છે કે સ્વાર્થવિસર્જન માટે મનમાં કોઈ કચવાટ ઊભો ન રહે. પરાર્થકરણ માટે મનનો ઉત્સાહ સદાય ઉછળતો જ રહે.

પરોપકારની તક ઝડપવામાં મન ક્યારેય પાછું ન પડે. અન્યનાં દુઃખ સામે પોતાનું દુઃખ ક્યારેય મહત્ત્વનું ન બની રહે. અન્યનાં સુખ ખાતર પોતાનાં સુખને છોડવામાં ક્યારેય હિચકિચાટ ઊભો ન રહે. ત્યાગ કે દાન ક્યારેય ઉદ્વેગનું કારણ ન બની રહે, સંગ્રહ કે આવક માટે મન ક્યારેય પાગલ ન બન્યું રહે. કરી જોજે આ હકીકતનો હૃદયગત સ્વીકાર ! સ્તબ્ધ થઈ જઈશ.

## ૨૫

**મહારાજ સાહેબ,**

આપના ગત પત્રે સમજણની એક નવી જ દિશા ખોલી આપી છે. ત્યાગ કે દાન અંગે મારા મનમાં એવો ખ્યાલ હતો કે ઈંટ પર નાખેલું પાણીનું ટીપું જેમ નામશેષ થઈ જાય છે તેમ ત્યાગ કે દાનમાં જે કાંઈ પણ અપાય છે એ નામશેષ થઈ જાય છે. પણ આપે આખી વાત જુદી જ રીતે રજૂ કરી.

દૂધમાં પડીને સાકર જે રીતે વ્યાપક બની જાય છે, બસ, એ જ રીતે ત્યાગ કે દાનમાં જે કાંઈ પણ અપાય છે, સર્વનાં હિત કે સુખ માટે જે કાંઈ પણ સ્વાર્થવિસર્જન થાય છે એમાં ખલાસ તો કાંઈ જ થતું નથી. બલ્કે, એ બધું જ વ્યાપક બની જાય છે. મને એમ લાગે છે કે બુદ્ધિમાં અમારી જાતને ખાં માનતા અમે સમ્યક્ સમજણના ક્ષેત્રે સાવ મૂર્ખ જ સાબિત થઈએ તેમ છીએ. કારણ કે ત્યાગ અને દાન જેવાં અતિ ઉદાત્ત પરિબળ માટે ય



અમે કેવા ભ્રમમાં છીએ ?

**ત્યાગ એટલે છોડી દેવું, દાન એટલે આપી દેવું, આ છે અમારી માન્યતા અને ત્યાગ તથા દાન એટલે વ્યાપક બનાવી દેવું, આ છે વાસ્તવિકતા.** નસીબદાર માનું છું મારી જાતને કે આપના તરફથી મને આ સ્પષ્ટ અને સમ્યક્ સમજ પ્રાપ્ત થઈ છે. ઇચ્છું છું કે આ દિશામાં આપ હજી વિશેષ ને વિશેષ પ્રકાશ પાડો.

**દર્શન,** દાનના કેન્દ્રમાં જ્યારે પ્રેમસભર હૈયું જ છે ત્યારે એ પ્રેમને તું સહેજ વ્યવસ્થિત સમજી લે એ જરૂરી છે. **શ્રેષ્ઠ પ્રેમ એ છે કે જ્યાં લેવાવાળો કે દેવાવાળો કોઈ ન હોય તો ય એ વહે છે.** અર્થાત્ પ્રેમનો સ્વીકાર કરનાર હાજર હોય કે ન હોય, પ્રેમનો પ્રતિભાવ આપનાર હોય કે ન હોય, બસ, હૃદયમાંથી પ્રેમ વહ્યા જ કરે છે. જાહેર રસ્તા પર રાતના સમયે પ્રકાશ આપતી લાઇટ તેં જોઈ છે ને ? એ રસ્તેથી કોઈ પસાર થનાર કોઈ હોય કે ન હોય, લાઇટ પ્રકાશ આપતી જ રહે છે. એ પ્રકાશ જેના પર પડતો હોય એ કોઈ પ્રતિભાવ આપે ક ન આપે લાઇટ પ્રકાશ આપતી જ રહે છે.

બસ, શ્રેષ્ઠ પ્રેમ આવો છે. એને નથી પડી હોતી સ્વીકારની કે નથી પડી હોતી પ્રતિભાવની. એ ઇન્કાર છતાં ય વહ્યા કરે છે તો ગલત પ્રતિભાવ છતાં ય વહ્યા કરે છે. તું કદાચ પૂછીશ, આવો પ્રેમ કોની પાસે હોય ? જવાબ એનો એ છે કે આવા પ્રેમના માલિક પરમાત્મા હોય છે. એમના હૃદયમાંથી પ્રેમ વહ્યા જ કરતો હોય છે. કોઈ એમના પ્રેમને ઝીલે કે ન ઝીલે, એમના પ્રેમનો પ્રતિભાવ કોઈ પ્રેમથી આપે કે દ્વેષથી આપે. એની એમને પડી નથી હોતી. પુષ્પ સુવાસ પ્રસરાવે જ છે, લાઇટ પ્રકાશ આપે જ છે, બસ, પરમાત્માનું હૈયું પ્રેમ વહાવ્યા જ કરે છે.

## ૨૬

**દર્શન,**

**મધ્યમ પ્રેમ એ છે કે જે લેનારો હોય તો જ વહે છે અને લેનારો ઉપસ્થિત હોય ત્યારે જ વહે છે.** અર્થાત્ પોતાના આપેલ પ્રેમનો સ્વીકાર કરનાર કોઈ હાજર હોય તો જ

અને ત્યારે જ એ પ્રેમ વહે છે. અંધારી રાતે હાથમાં ટૉર્ચ લઈને જતા માણસને તેં જોયો તો હશે જ. જરૂર પડે છે તો જ એ ટૉર્ચ ખોલે છે અને ચોક્કસ વ્યક્તિ કે વસ્તુ પર જ એ ટૉર્ચનો પ્રકાશ ફેંકે છે.

બસ, મધ્યમ પ્રેમ આવો હોય છે. ધરતીકંપના કારણે, વાવાઝોડના કારણે, રોગના કારણે, દરિદ્રતાના કારણે કે પ્રતિકૂળતાના કારણે જો કોઈને એ હેરાન થતો કે દુઃખી થતો જુએ છે, તુર્ત જ એ સક્રિય બની જાય છે. અનાજ આપીને, આવાસ આપીને, દવાની વ્યવસ્થા કરીને, સગવડ આપીને, હૂંફ આપીને એ સામી વ્યક્તિના દુઃખને હળવું કરવા પ્રયત્નશીલ બની જાય છે. અલબત્ત, આ પ્રેમની કમજોરી એ હોય છે કે એ લેનાર હોય તો જ સક્રિય બને છે છતાં આ પ્રેમની એક વિશેષતા એ છે કે એ અનુકૂળ પ્રતિભાવની એવી પરવા કરતો નથી. અર્થાત્ પ્રેમના બદલામાં મને ય પ્રેમ મળવો જ જોઈએ કે સગવડ પ્રદાનના બદલામાં મને ય સગવડ મળવી જ જોઈએ, દાન બદલ મારી પ્રશંસા થવી જ જોઈએ કે ત્યાગ બદલ મારી કદર થવી જ જોઈએ, આવી ગણતરી આ પ્રેમમાં હોતી નથી.

એ લેનાર હોય છે તો જ સક્રિય બને છે એ વાત સાચી પણ બદલામાં કદાચ ગલત પ્રતિભાવ મળે છે તો ય એની સક્રિયતામાં ઓટ આવતી નથી. આ તો સંસાર છે. એમાં જાતજાતના વિષમ સ્વભાવવાળા જીવો વસે છે. બને એવું કે કો'ક આત્મા મદદ લઈને એને યાદ પણ ન રાખે કે કો'ક આત્મા સહાય લઈને કદાચ નિંદા પણ કરે. કો'ક આત્મા હૂંફ પામીને ય અવગણના કરે કે કો'ક આત્મા ખાઈને ય ખોદ્યા કરે, કો'ક આત્મા સંપત્તિ લઈને ય કૃતઘ્ન બને કે કો'ક આત્મા વાત્સલ્ય મેળવીને ય બે-કદર બને પણ આ મધ્યમ પ્રેમને એની કાંઈ પડી હોતી નથી.

એનું તો એક જ ગણિત હોય છે કે **'સામાને આશ્વાસનની, હૂંફની, પ્રેમની, અનાજની, દવાની, સંપત્તિની, સગવડની જો જરૂર છે તો શક્તિ પ્રમાણે આપણે તે-તે ચીજ એને આપી દેવી. એ આપીને એને ભૂલી જવું પણ, એને યાદ રાખીને કે એના તરફથી અનુકૂળ પ્રતિભાવ મળવાની અપેક્ષા રાખીને આપણે મનને વ્યગ્ર કે સંક્લિષ્ટ તો હરગિજ ન બનાવવું.'**

અલબત્ત, આવા પ્રેમના માલિક બનવા ય મનને માર્યા વિના, દબાવ્યા વિના કે અવગણ્યા વિના ચાલતું નથી.



## ૨૭

**દર્શન,**

જઘન્ય પ્રેમ એ છે કે જે દેનારો હોય તો જ વહે છે. અર્થાત્ સામાને ભલે ને ગમે તેટલી જરૂરિયાત છે પણ એની જરૂરિયાત સંતોષ્યા પછી એના તરફથી જો સમ્યક્ પ્રતિભાવ મળે છે તો જ એ પ્રેમ સક્રિય બને છે. સંપત્તિ આપું પણ વળતર તો મળવું જ જોઈએ. અનાજ આપું પણ પ્રશંસા તો થવી જ જોઈએ. નોકરી અપાવું પણ કદર તો થવી જ જોઈએ. મદદ કરું પણ ધન્યવાદ તો મળવા જ જોઈએ. કામમાં સહાય કરું પણ 'આભાર'ના શબ્દો તો સંભળાવા જ જોઈએ.

ટૂંકમાં, સક્રિય બનીને સામાને સહાયક કે મદદગાર બનવાની પૂરતી તૈયારી પણ બદલામાં પ્રશંસા, કદર, ધન્યવાદ મેળવાની તીવ્રતમ અપેક્ષા, આ છે જઘન્ય પ્રેમ.

તું દાનક્ષેત્રે પા પા પગલી ભરવા માગે છે ને? તારે તારા હૃદયને તપાસી લેવું પડશે કે હૃદયમાં રહેલ પ્રેમની કક્ષા કઈ છે? એટલું તો હું તને ચોક્કસ કહીશ કે **શ્રેષ્ઠ પ્રેમનું સ્વામિત્ત્વ તારી પાસે ન હોય તો ય જઘન્ય પ્રેમના સ્વામિત્ત્વમાં તો તું સંતુષ્ટ બનીશ જ નહીં.**

કારણ કે એ પ્રેમના આયુષ્યનો કોઈ જ ભરોસો હોતો નથી. પ્રશંસા થાય છે પણ શબ્દો ઓછા પડે છે અને એ પ્રેમ રવાના થઈ જાય છે. કદર થાય છે પણ મનને એ ઓછી લાગે છે અને એ પ્રેમ નિષ્ક્રિય બની જાય છે. ધન્યવાદ મળે છે પણ મનની અપેક્ષા મોટી હોય છે અને એ પ્રેમ આપઘાત કરી લે છે. વળતર તો મળે છે પણ મનની આકાંક્ષા મોટી હોય છે અને એ પ્રેમ ખતમ થઈ જાય છે. ના, 'આપતો જ રહે' એ ઉત્તમ અથવા મધ્યમ પ્રેમ તો બરાબર છે પણ 'મળે તો જ આપતો રહે' એ જઘન્ય પ્રેમ તો અ-પ્રેમ જેવો જ છે.

શું કહું તને? ઉત્તમ અને મધ્યમ પ્રેમ આનંદકારક બને છે જ્યારે જઘન્ય પ્રેમ અહંપોષક બને છે.

**આનંદકારક બનતો પ્રેમ આત્માને માટે સદ્ગતિનું કારણ બનતો હોય છે જ્યારે અહંપોષક બનતો પ્રેમ આત્માને માટે નુકસાનકારક બનતો હોય છે.** ખબર છે તને? પુષ્ટ થતો અહં, એ શરીર પરના સોજા જેવો છે. શરીર પરના સોજાથી 'તંદુરસ્તી'નો ભ્રમ

સેવી શકાય છે પણ એ ભ્રમ આખરે તો 'મોત'નું જ કારણ બનતો હોય છે. પુષ્ટ થતા અહંથી 'પ્રસન્નતા'નો ભ્રમ સેવી શકાય છે પણ એ પ્રસન્નતા આખરે તો 'દુર્ગતિ'નું કારણ જ બનતી હોય છે. સાવધાન !

## ૨૮

**મહારાજ સાહેબ,**

ત્રણ પ્રકારના પ્રેમની વાત જીવનમાં પહેલી જ વાર જાણી. ગંભીરતાથી આત્મનિરીક્ષણ કર્યું ત્યારે ખ્યાલ આવ્યો કે મારા જીવનમાં જે કાંઈ થોડો-ઘણો પ્રેમ સક્રિય છે એ જઘન્ય કક્ષાનો જ છે. ત્યાગ, દાન કે ભોગ, જ્યાં ક્યાંય પણ આ ત્રણમાંથી કંઈક આપ્યું છે ત્યાં બદલાની વૃત્તિ પ્રધાનપણે રહી છે. કદાચ એમ પણ કહી શકું કે આપ્યું છે પૈસા જેટલું અને બદલામાં ઈચ્છ્યું છે રૂપિયા જેટલું ! ભોગ આપ્યો છે બિંદુ જેટલો અને બદલામાં પ્રશંસા ઈચ્છી છે સિંધુ જેટલી ! ત્યાગ કર્યો છે રાઈ જેટલો અને બદલામાં કદર ઝંખી છે પર્વત જેટલી !

શું કહું ? **આપીને મેળવ્યું છે એમ નહીં પણ મેળવવા માટે જ આપ્યું છે આ જ ભૂમિકા રહી છે મારા પ્રેમની.** પણ આપે જ્યારે ઉત્તમ અને મધ્યમ કક્ષાના પ્રેમની સ્પષ્ટ સમજ આપી જ છે ત્યારે જઘન્ય કક્ષાના પ્રેમમાંથી બહાર નીકળીને મારે મધ્યમકક્ષાના પ્રેમ સુધી પહોંચવા પ્રયત્નશીલ બનવું જ છે. ઈચ્છું છું એ અંગેનું આપનું માર્ગદર્શન.

**દર્શન,** અંગ્રેજીમાં આવતા આ બે વાક્યોને એકવાર તું બરાબર સમજી લે. પહેલું વાક્ય છે. I like you અને બીજું વાક્ય છે I love you.

તું ઉત્તમ અથવા તો મધ્યમ કક્ષાના પ્રેમ સુધી જ્યાં જવા માગે છે ને ? તારે તારા હૃદયને Like થી મુક્ત કરીને love થી યુક્ત કરવું જ પડશે. કારણ કે જઘન્ય કક્ષાના પ્રેમના કેન્દ્રસ્થાને Like હોય છે જ્યારે ઉત્તમ-મધ્યમ કક્ષાના કેન્દ્રસ્થાને Love હોય છે.

**'તું મને ગમે છે' આ છે પ્રેમની જઘન્ય કક્ષા અને 'હું તને ચાહું છું' આ છે પ્રેમની ઉત્તમ અથવા તો મધ્યમ કક્ષા.** અલબત્ત, અહીંયાં એક વાતનો તને ખુલાસો કરી દઉં કે



હવસખોર અને વાસનાલપંટ વ્યક્તિઓ જે રીતના સંદર્ભમાં Love શબ્દનો પ્રયોગ કરે છે એ રીતનો સંદર્ભ તું અહીંયાં ન સમજતો કારણ કે વ્યક્તિઓને મન તો Love નો એક જ અર્થ અભિપ્રેત છે, રૂપાળી ચામડી, એના પરનું આધિપત્ય. એને ચૂંથવાની ગીધવૃત્તિ. એમાં જાતને ભૂલી જવાની ગણતરી. એમાં ગરબડ ઊભી થતાં જ એ વ્યક્તિથી વિમુખ થઈ જવાની સ્વાર્થી ગણતરી.

ના, હું તો તને પરમાત્મા, સંત અને સજ્જનના મનમાં બેઠેલા Love શબ્દના અર્થ તરફ ઈશારો કરવા માગું છું અને એ અર્થ આ જ છે 'બદલાની અપેક્ષા વિના જીવોને ચાહતા જ રહો અને ચાહવાના ફળસ્વરૂપે જીવોને કંઈક ને કંઈક આપતા જ રહો.' અને હું તને ખાતરી સાથે કહું છું કે Like ના ગંદા ખાબોચિયામાંથી તારા હૃદયને મુક્ત કરીને જ્યાં તું Love ની નદી તરફ જવા કટિબદ્ધ બનીશ ત્યાં તારું અંતઃકરણ કદાચ આજસુધીમાં ક્યારેય નહીં અનુભવેલ આનંદથી, મસ્તીથી અને પ્રસન્નતાથી તરબતર બની ગયા વિના નહીં રહે.

## ૨૯

**મહારાજ સાહેબ,**

હું સ્તબ્ધ થઈ ગયો છું આપનો પત્ર વાંચીને. **મીઠાને સાકર સમજીને દૂધમાં નાખવાથી કદાચ દૂધ જ બગડી જાય છે પણ Like ને Love સમજીને જીવન જીવવા જતાં મેં તો જીવનના કદાચ અતિ મહત્ત્વનાં વરસો બગાડી નાખ્યા છે.**

શું કહું ?

આપની સાથે પત્રવ્યવહાર ચાલુ ન કર્યો હોત તો કદાચ જિંદગી પૂરી થઈ જાત પણ Like અને Love વચ્ચેના જમીન-આસમાન જેવા મહત્ત્વના તફાવતને હું સમજી ન શક્યો હોત. આજે હું ખૂબ આનંદિતછું. પ્રયત્નો કરીને પણ ખાબોચિયામાંથી બહાર નીકળીને નદી તરફ જવા હું ઉત્કંઠિત છું. Like ની સ્વાર્થપ્રચુર જીવનપદ્ધતિને તિલાંજલિ આપીને Love ની ઉદાત્તસભર જીવનપદ્ધતિ અપનાવવા હું લાલાયિત છું.ઈચ્છું છું એ

અંગેનું આપનું માગદર્શન.

**દર્શન,** એક નવા જ ક્ષેત્ર તરફ આ પત્રમાં હું તારું ધ્યાન દોરવા માગું છું. આપણે ત્યાં સામાન્યથી ચાર પુરુષાર્થની વાત આવે છે. અર્થ પુરુષાર્થ, કામ પુરુષાર્થ, ધર્મ પુરુષાર્થ અને મોક્ષ પુરુષાર્થ. જેના જીવનમાં કેન્દ્રસ્થાને અર્થપુરુષાર્થ જ હોય છે એ વ્યક્તિ સહુથી તૂટતો જાય છે, સહુ સાથે તોડતો જાય છે. અર્થાત્ પૈસા ખાતર એ સગા બાપ સાથે ય દુશ્મનાવટ આદરી બેસે છે તો જિગરજાન મિત્ર સાથે ય વિશ્વાસઘાત કરી બેસે છે. પોતાના દીકરાને ય ઘરની બહાર તગેડી મૂકે છે તો પોતાના ઉપકારી પ્રત્યેય કૃતઘ્ન બની બેસે છે. પોતાની પત્નીને ય સળગાવી બેસે છે તો પોતાના ભાગીદારને ય કોર્ટમાં ઢસડી જાય છે.

ટૂંકમાં, સંપત્તિને કેન્દ્રમાં રાખવા જતાં જીવોને એ પરિધિ પર ફેંકતો જ જાય છે. આવા જીવને પ્રેમ સાથે કાંઈ નાહવા-નિચોવાનું ય હોતું નથી. પૈસા મળતા હોય તો એકવાર એ પોતાનો જાન પણ જોખમમાં મૂકવા તૈયાર થઈ જાય છે અને પૈસા જતા હોય તો એકવાર એ કો'કનો જાન લેવા પણ તૈયાર થઈ જાય છે.

**પૈસા મળતા હોય તો એ ગુંડાના ચરણ ચાટવા ય તૈયાર થઈ જાય છે અને પૈસા આપવા પડે તેમ હોય તો એ પરમાત્માને છોડી દેવા ય તૈયાર થઈ જાય છે.** આવા અધમાધમ કક્ષાનું જીવન જીવતા માણસ પાસે પ્રેમની અને એના ફળસ્વરૂપે જીવનમાં સહજરૂપે અમલી બનતા ત્યાગની કે દાનની વાત કરવા જવામાં સિવાય નુકસાન, બીજું કાંઈ જ નથી બનતું. વાંદરાને સલાહ આપવા ગયેલ સુગરીને નુકસાનીમાં જ ઊતરવું પડ્યું હતું ને ? સાવધાન !

## 30

**દર્શન,**

અર્થપુરુષાર્થ પછી બીજા નંબરમાં આવે છે કામપુરુષાર્થ. જેના જીવનમાં કેન્દ્રસ્થાને હોય છે કામપુરુષાર્થ, એ વ્યક્તિ પોતાનાં સુખ ખાતર એકાદ વ્યક્તિને પોતાના જીવનમાં



સ્થાન આપતી જ હોય છે. લગ્નજીવનમાં પ્રવેશ એ કામપુરુષાર્થને જ આભારી છે ને ? જેની સાથે લગ્નના સંબંધે એ બંધાય છે, એને ખુશ રાખવા, એને પ્રસન્ન રાખવા, એને સ્વસ્થ રાખવા એ કદાચ લાખો રૂપિયા ખરચવા પડે તો એ માટે ય એકવાર તો તૈયાર થઈ જ જાય છે. એના સુખ ખાતર એ પોતાનું સુખ જતું કરવા ય તૈયાર થઈ જાય છે તો કષ્ટોને અપનાવવા ય તૈયાર થઈ જાય છે.

ટૂંકમાં, **અર્થપુરુષાર્થમાં કેન્દ્રસ્થાને જડ એવી સંપત્તિ જ હોય છે જ્યારે કામપુરુષાર્થમાં કેન્દ્રસ્થાને જીવંત એવી એકાદ પણ વ્યક્તિ હોય જ છે** અને એટલે જ કામપુરુષાર્થવાળો અર્થપુરુષાર્થવાળા જેટલો ભયંકર, ક્રૂર કે ઘાતકી નથી બની શકતો. કામી માણસ લોભી જેટલો પ્રેમહીન કે લાગણીહીન નથી બની શકતો. કામાંધ માણસ લોભાંધ જેટલો અપ્રજ્ઞાપનીય નથી બની શકતો. અને એટલે જ એ પ્રેમની વાત સમજી શકે છે, લાગણી અને સ્નેહને જીવંત રાખી શકે છે. દાન અને ત્યાગ માટે તત્પર બની શકે છે. અન્યના દુઃખની વેદનાને સમજી શકે છે. અન્યની પ્રસન્નતાને પ્રાધાન્ય આપી શકે છે. તને કદાચ ખબર નહીં હોય પણ શાસ્ત્રકારોએ અર્થચિંતાને 'અધમ'માં મૂકી છે પણ કામચિંતાને તો 'મધ્યમ માં જ મૂકી છે.

આનો અર્થ શું ? આ જ કે કામને રામ સુધી લઈ જવામાં હજી કદાચ સફળતા મળી જાય એ શક્ય છે પણ અર્થને અરિહંત સુધી લઈ જવામાં સફળતા મળવી તો ખૂબ જ મુશ્કેલ છે. **કામાંધને અંતસમયે ય પશ્ચાતાપના અગ્નિમાં પાવન બનાવવો સહેલો છે પણ લોભાંધને તો અંત સમયે પણ પશ્ચાતાપથી યુક્ત બનાવવો મુશ્કેલ છે.**

રામાયણનો રાવણ અને મહાભારતનો દુર્યોધન, એ બન્ને દષ્ટાન્ત નજર સામે જ છે ને ? 'આના કરતાં સીતાને મેળવવાના પ્રયત્નો ન કર્યા હોત તો સારું થાત' આવો વિચાર રાવણને અંત સમયે પણ આવ્યો છે પણ અંત સમયે લોહીના ખાબોચિયામાં તરફડી રહેલા દુર્યોધને તો અશ્વત્થામાને 'પાંચેય પાંડવોનાં માથાં લઈ આવવા'ની આજ્ઞા કરી છે ! સમજી શકે છે ને તું લોભની ભયંકરતા ? એ ખુદ મરે છે, અનેકને મારતો જાય છે !

## ૩૧

## દર્શન,

અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થ પછી ત્રીજા નંબરના પુરુષાર્થમાં વાત આવે છે ધર્મપુરુષાર્થની.

**માત્ર અર્થપુરુષાર્થમાં પાગલ બનનાર જો બધાય સાથે સંબંધ બગાડી બેસે છે, કામપુરુષાર્થને પ્રાધાન્ય આપનાર જો એકાદ સાથે સંબંધ બાંધી બેસે છે તો જગતના અનંત જીવો સાથે સંબંધ બાંધ્યા વિના ધર્મપુરુષાર્થમાં આગળ વધી શકાતું નથી.** તું Like માંથી Love માં જવા માગે છે ને ? અર્થ અને કામને ગૌણ બનાવીને ધર્મને તારે પ્રાધાન્ય આપવું જ પડશે. તિરસ્કારભાવ અને રાગભાવને તિલાંજલિ આપીને પ્રેમભાવને તારે હૃદયમાં પ્રતિષ્ઠિત કરવો જ પડશે. સીમિતમાંથી અસીમમાં છલાંગ લગાવવાની હિંમત તારે કેળવવી જ પડશે. એક અપેક્ષાએ કહેવું હોય તો એમ કહી શકાય કે અર્થપુરુષાર્થવાળાને જો સંગ્રહ વિના ચેન પડતું નથી, કામપુરુષાર્થવાળો જો ત્યાગને અમલી બનાવતો જ રહે છે તો ધર્મપુરુષાર્થવાળો દાનમાં કૂદ્યા વિના રહી શકતો નથી.

અલબત્ત, કઠિનમાં કઠિન કોઈ પુરુષાર્થ હોય તો એ છે ધર્મપુરુષાર્થ. કારણ કે જગતના એક પણ જીવને તિરસ્કારનો, અવગણનાનો, ઉપેક્ષાનો કે અનાદરનો વિષય બનાવીને તમે સાચા અર્થમાં ધર્મી બની શકતા જ નથી અને આપણા જીવનની કોઈ મોટામાં મોટી સમસ્યા હોય તો તે આ એક જ છે, **આપણે કો'કને ચાહી શકીએ છીએ પણ સર્વને ચાહી નથી શકતા. આપણે સદ્‌ગુણીઓ પર સદ્‌ભાવ ટકાવી શકીએ છીએ પણ દુર્ગુણીઓ પર સદ્‌ભાવ ટકાવી નથી શકતા. અનુકૂળ બનનાર પ્રત્યે તો આપણે લાગણી પ્રદર્શિત કરી શકીએ છીએ પણ પ્રતિકૂળ બનનાર પ્રત્યે લાગણી પ્રદર્શિત કરી નથી શકતા. ધર્મી પ્રત્યે તો આપણે મનનું વલણ આદરવાળું બનાવી શકીએ છીએ પણ પાપી પ્રત્યે મનના વલણને કૂણું નથી બનાવી શકતા.**

ટૂંકમાં, અનંત અનંતકાળથી આપણે કાં તો અર્થમાં અને કાં તો કામમાં અટવાયા છીએ પણ ધર્મમાં તો આપણે પ્રવેશ પણ પામ્યા નથી. હા, વચન અને કાયાના સ્તરે આપણે ધર્મક્રિયાઓ પુષ્કળ કરી છે, ધર્મક્રિયાઓમાં મનને કદાચ એકાગ્ર પણ બનાવ્યું છે



પણ અંતઃકરણને ધર્મનો જે રીતનો સ્પર્શ થવો જોઈએ એ રીતનો સ્પર્શ કરાવવામાં આપણે સદંતર નિષ્ફળ રહ્યા છીએ. પૂછી જોજે તારા અંતઃકરણને. એક-બે સાથે નહીં, લાખ-દસ લાખ સાથે નહીં, કરોડ-દસ કરોડ સાથે નહીં, સંખ્યાત-અસંખ્યાત સાથે નહીં પણ અનંત સાથે જોડાવાની એની તૈયારી છે ? જો હા, તો તારા ભાવિને ઉજ્જવળ બનતું રોકવાની તાકાત કોઈ જ પરિબળમાં નથી એ નિશ્ચિત વાત છે.

## ૩૨

## દર્શન,

અર્થ, કામ અને ધર્મપુરુષાર્થ પછી ચોથા નંબરનો જે પુરુષાર્થ છે એનું નામ છે મોક્ષપુરુષાર્થ. જોકે તાત્ત્વિક રીતે વિચારીએ તો મુખ્ય પુરુષાર્થ તો બે જ છે. અર્થપુરુષાર્થ અને ધર્મપુરુષાર્થ. કામ અને મોક્ષ એ તો અર્થ અને ધર્મનાં ફળ છે.

અર્થાત્, **પાંચેય ઈન્દ્રિયોના વિષયો જેને જોઈએ છે એને અર્થપુરુષાર્થમાં વ્યસ્ત રહ્યા વિના જો ચાલતું નથી તો જેને સર્વકર્મોથી છુટકારારૂપ મોક્ષ જોઈએ છે એને ધર્મપુરુષાર્થને આત્મસાત્ કર્યા વિના ચાલતું નથી.** છતાં અહીંયાં અપેક્ષાવિશેષથી અર્થ, કામ, ધર્મ અને મોક્ષ એ ચારેયને સ્વતંત્ર પુરુષાર્થ તરીકે વર્ણવ્યા છે. અર્થપુરુષાર્થ જો વ્યક્તિને જીવોથી તોડે છે, કામપુરુષાર્થ જો વ્યક્તિને એકાદ-બે કે પાંચ-પંદર જીવોથી જોડે છે, ધર્મપુરુષાર્થ જો વ્યક્તિને અનંત જીવોથી જોડે છે તો મોક્ષપુરુષાર્થ તો વ્યક્તિને ખુદને અનંત બનાવે છે. અનંત બનાવે છે એટલે ? એટલે આ જ કે સંસાર પરિભ્રમણના કાળમાં આ જીવને તે-તે ગતિના તે-તે ભવોમાં જે કાંઈ પણ પ્રાપ્ત થયું છે એ બધું ય અંતવાળું જ પ્રાપ્ત થયું છે.

પુણ્ય મળ્યું છે પણ અંતવાળું. જીવન મળ્યું છે પણ અંતવાળું. સુખ મળ્યું છે પણ અંતવાળું. અરે, જ્ઞાનનો ઉઘાડ થયો છે પણ અંતવાળો. ગુણોનું પ્રગટીકરણ થયું છે પણ અંતવાળું. આત્મશક્તિઓનો ઉઘાડ થયો છે પણ અંતવાળો. શાતા મળી છે પણ અંતવાળી.

પણ, જ્યાં જીવનો મોક્ષ થાય છે ત્યાં આ બધું ય અનંત બની જાય છે. સુખ અનંત, જ્ઞાન અનંત, ગુણો અનંત, વીર્ય અનંત, શાતા અનંત, દર્શન અનંત, જીવન અનંત, આનંદ અનંત, સ્થિતિ અનંત, શુદ્ધિ અનંત. બસ, પછી જીવને કાંઈ જ કરવાનું રહેતું નથી અને કાંઈ જ મેળવવાનું રહેતું નથી.

દર્શન, મારે-તારે અને આપણે સહુએ આ સ્થિતિએ પહોંચવાનું છે. **'અનંત' બનવાથી ઓછામાં સંતુષ્ટ બનવાનું નથી અને એ સદ્‌ભાગ્યના સ્વામી બનવા માટે અનંત જીવો સાથે પ્રેમના સંબંધે બંધાયા વિના રહેવાનું નથી.** મને લાગે છે કે Like થી Love સુધી પહોંચવા માટેની પ્રક્રિયા તારા ખ્યાલમાં બરાબર આવી ગઈ હશે.

## ૩૩

**મહારાજ સાહેબ,**

ચાર પુરુષાર્થ અંગે આપે કરેલા વિશ્લેષણને વાંચીને દિલ આનંદથી તરબતર બની ગયું છે. 'અનંત' બનવું હોય તો 'અનંત' સાથે જોડાઈ ગયા વિના ચાલે તેમ જ નથી એ આપની વાત મગજમાં એકદમ જડબેસલાક ગોઠવાઈ ગઈ છે. પ્રશ્ન મારો હવે એ છે કે અનંત સાથે જોડાઈ જવા માટે શરૂઆત ક્યાંથી કરવી ?

**દર્શન,** એક અંગ્રેજી વાક્ય તારા ખ્યાલમાં છે ? જેણે પણ પોતાના જીવનમાં કંઈક સારું કરવું છે, ગુણોના ઉઘાડની દિશામાં જેણે પણ કંઈક નક્કર કરવું છે એણે એ વાક્ય નજર સામે જ રાખવા જેવું છે. આ રહ્યું એ વાક્ય. Start from where you are and with what you have.

**તમે જ્યાં છો ત્યાંથી અને તમારી પાસે જે છે તેનાથી શરૂ કરો.** મેં મારી જિંદગીમાં એવા કેટલાય આત્માઓ જોયા છે કે જેઓના પગ માંડ ધરતી પર જામ્યા હતા અને સીધા આકાશમાં ઊડવા તેઓ કૂદકા લગાવવા તૈયાર થઈ ગયા. ન આકાશમાં ઊડી શક્યા તેઓ અને ધરતી પર તેઓ ટકી પણ ન શક્યા. આ વાત હું તને એટલા માટે લખી રહ્યો છું કે



તારી બાબતમાં પણ આવી કરુણતા ન સર્જાય. અનંત સાથે જોડાઈ જવાની વાત સાંભળીને તું એવા કઠિન માર્ગ પર અત્યારથી કદમ ન મૂકવા લાગે કે તું એમાં મળતી નિષ્ફળતાથી નિરાશ થઈને કાયમ માટે એ માર્ગે જવાનું જ માંડી વાળે.

ના, અત્યારે તારી જે ભૂમિકા છે એને નજર સમક્ષ રાખીને તારી પાસે જે કાંઈ છે એનો સમ્યક્ ઉપયોગ ચાલુ કરી દે, તું ધીમે ધીમે પણ લક્ષ્યસ્થાને પહોંચ્યા વિના નહીં રહે. કદાચ તારી ખુદની ભૂમિકા તું ન સમજી શકતો હોય તો આટલા વખતના પત્રવ્યવહાર પછી હું તારી જે ભૂમિકા સમજ્યો છું એના આધારે તને એટલું જ કહું છું કે **આજુબાજુવાળાના અથવા તો નજીકવાળાના દુઃખ અને હર્ષને તું તારા સમજવાની વૃત્તિ કેળવી લે.**

જે આત્મા આજુબાજુવાળાને પોતાના હૃદયમાં સમાવી નથી શકતો એ અનંતને પોતાના હૃદયમાં સમાવી શકે એવી કોઈ જ શક્યતા નથી. અને જે આત્મા આજુબાજુવાળાને પોતાના હૃદયમાં સમાવી શકે છે, આજુબાજુવાળાના દુઃખને પોતાનું દુઃખ અને આજુબાજુવાળાના હર્ષને પોતાનો હર્ષ સમજી શકે છે એને અનંત સુધી પહોંચવામાં લેશ તકલીફ પડતી નથી. આ અભિગમને તું કદાચ સરળ માનતો હોય તો હું તને એટલું જ કહું છું કે એકવાર તું એને અમલી બનાવવા પ્રયત્ન કરજે. નવ નેજાંરે પાણી ઊતરી જશે.

## ૩૪

**મહારાજ સાહેબ,**

આપની આગાહી કહો તો આગાહી અને અનુમાન કહો તો અનુમાન, બન્ને સાવ સાચા નીકળ્યા. આજુબાજુવાળાના દુઃખને મારું પોતાનું દુઃખ સમજી શકવા જેટલી સહૃદયતા હું કેળવી શક્યો નથી તો આજુબાજુવાળાના હર્ષને મારો પોતાનો હર્ષ સમજી શકવા જેટલી ઉદારતા હું દાખવી શક્યો નથી. પહેલી જ વાર મને ખ્યાલ આવ્યો કે લાગણીના ક્ષેત્રે હું આટલો બધો સંકીર્ણ છું. હૃદયને ઉદાર બનાવવાના ક્ષેત્રે હું આટલો

બધો ક્ષુદ્ર છું. પ્રશ્ન તો મનમાં એ થાય છે કે આવું કેમ બનતું હશે ? આસમાનમાં ઊડવાની વાત કરનારો ધરતી પર સ્વસ્થતાથી ચાલી કેમ નહીં શકતો હોય ? કરોડના દાનનાં સ્વપ્ન સેવનારો પાંચ રૂપિયા ય પ્રસન્નતાથી છોડી કેમ નહીં શકતો હોય ? અનંત સાથે જોડાઈ જવા તૈયાર થઈ જનારો આજુબાજુવાળા પાંચ-પંદર સાથે ય જોડાઈ કેમ નહીં શકતો હોય ?

**દર્શન,** એક જ કારણ છે. **દૂરવાળા સાથે માત્ર માનસિક સંબંધ જ હોય છે જ્યારે નજીકવાળા સાથે માનસિક સંબંધ ઉપરાંત કાયિક સંપર્ક પણ હોય છે. દૂરવાળા દૂર જ હોવાના કારણે એમની પાસે કોઈ અપેક્ષા હોતી નથી જ્યારે નજીકવાળા નજીક જ હોવાના કારણે એમની પાસે ભરપૂર અપેક્ષાઓ હોય છે.** અને સૌથી મોટી મુશ્કેલી એ છે કે પુણ્ય પોતાનું નબળું હોવાના કારણે અને પાત્રતા સામા જીવની વિષમ હોવાના કારણે અપેક્ષાઓ પૂરી થતી નથી, ઇચ્છાઓ સંતોષાતી નથી.

બસ, આ જ કારણસર નજીકવાળાના હર્ષ અને દુઃખને પોતાના બનાવવામાં ખૂબ મુશ્કેલી પડે છે. અને તોય એમાં સફળ બન્યા વિના અનંત સાથે સંબંધ બાંધવામાં સફળતા મળે એવી કોઈ જ શક્યતા નથી.

દર્શન, શું કહું તને ? જમીનવાળા પર જે રહેમ નથી કરતો એને આસમાનવાળાની મહેર નથી મળતી એ સત્ય સતત નજર સામે રાખજે. તું લાગણીશીલ બન્યા વિના રહી નહીં શકે. ઉદાર બન્યા વિના તને ચેન નહીં પડે. હૈયાને કરુણાથી પરિપ્લાવિત બનાવ્યા વિના તું પ્રસન્ન રહી નહીં શકે.

બાકી, વાંચી છે કો'ક શાયરની આ પંક્તિ ?

**'કાળમાં તને આવડો શો વિશ્વાસ ?**
**આપણી પાસે સિલ્લક કેટલો શ્વાસ ?'**

જિંદગી સતત ટૂંકી થઈ રહી છે, મોત પ્રત્યેક પળે નજીક આવી રહ્યું છે, શરીર સતત ક્ષીણ થઈ રહ્યું છે, પુણ્યનો કોઈ ભરોસો નથી, મનના વિચારોનું કોઈ ઠેકાણું નથી, સત્કાર્યો તું જે પણ કરવા માગે છે એ અત્યારથી જ શરૂ કરી દે. જીવન જીતી જઈશ.



## ૩૫

**મહારાજ સાહેબ,**

આપના સૂચનને ગંભીરતાથી મન પર લઈને જીવનની આખી જ વ્યવસ્થા નવેસરથી ગોઠવી રહ્યો છું. મારી પોતાની જાત તરફ નજર કરતાં મને એમ લાગી રહ્યું છે કે લાગણીહીનતા એ મારી મોટામાં મોટી કમજોરી છે અને સૌપ્રથમ મારે એ કમજોરી સામે જ જંગે ચડવું છે. આ અંગે આપનું માર્ગદર્શન અપેક્ષિત છે.

**દર્શન,** લાગણીના ક્ષેત્રે એક અતિ મહત્ત્વની બાબત તું ધ્યાનમાં રાખી લેજે. **દીવામાં પૂરેલ તેલ જેમ ખુદને માટે જ લાભરૂપ પુરવાર થાય છે, વૃક્ષને સીંચેલું પાણી જેમ ખુદને માટે જ લાભકારક પુરવાર થાય છે તેમ કો'કને આપેલ લાગણી ખુદને માટે જ લાભદાયક અને પ્રસન્નતાકારક પુરવાર થાય છે.**

કદાચ અલગ રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે કપડાંને સાબૂ ન લગાડવામાં કપડું જ મેલું રહી જાય છે. માથામાં તેલ ન નાખવામા માથું જ કોરું રહી જાય છે પણ અન્યને લાગણી આપવાની બાબતમાં કંજૂસ રહેવામાં કે ઉપેક્ષા દાખવવામાં તો આપણે ખુદ જ લાગણીહીન બન્યા રહીએ છીએ, અસ્વસ્થ અને ઉદ્વિગ્ન બન્યા રહીએ છીએ, સંક્લેશ અને અપ્રસન્નતાના શિકાર બન્યા રહીએ છીએ.

આનો અર્થ શું ? એ જ કે લાગણીનું પ્રદાન અન્યને માટે કદાચ હૂંફદાયક બન્યું રહેતું હશે પણ ખુદને માટે તો સ્વસ્થતાકારક અને પ્રસન્નતાકારક બન્યું રહે છે. તેં પોતે તારા જીવનમાં કદાચ આ હકીકતનો અનેક વખત અનુભવ કર્યો હશે. મનની લાખ ના છતાં એની ઉપરવટ જઈને, અહંકારની અવગણના કરીને, અંતઃકરણના અવાજને માન આપીને, સામી વ્યક્તિના ગલત વર્તાવની કે કઠોર-કર્કશ શબ્દપ્રયોગની નોંધ લીધા વિના એને તેં લાગણી આપી હશે, પ્રેમ અને ક્ષમા આપી હશે, હૂંફ અને વાત્સલ્ય આપ્યું હશે અને એના દ્વારા તેં ખુદે ગજબનાક પ્રસન્નતા અનુભવી હશે. અને આના કરતાં વિપરીત, તેં જો લાગણીને દબાવી હશે, પ્રેમ અને ક્ષમા આપવાને બદલે તેં ઉપેક્ષા સેવી હશે, તો એ બદલ તું પોતે જ અસ્વસ્થ અને વ્યગ્ર રહ્યો હોઈશ.

ગણિત સ્પષ્ટ છે. **લાગણી સામાને માટે કદાચ Want ના સ્થાને હશે પણ આપણા**

**માટે તો Need ના સ્થાને છે.** લાગણી નહીં મળે તો સામો માણસ કદાચ સત્ત્વના બળે ય પ્રતિકૂળતામાંથી બહારી નીકળી જશે પણ લાગણી નહીં આપવા દ્વારા આપણે તો આપણી જાતને સતત ઉદ્વિગ્નતાના અને અસ્વસ્થતાના કળણમાં જ ખૂંપાવતા જશું. આગમાં સામે ચડીને ઝંપલાવવાની મૂર્ખાઈ જો આપણે નથી જ કરતાં તો લાગણીનો અખૂટ ભંડાર અંદરમાં વિદ્યમાન છતાં એના પ્રદાનની બાબતમાં કંજૂસાઈ દાખવવા દ્વારા આપણી જાતને સતત તનાવમાં રાખવાની મૂર્ખાઈ પણ આપણે નથી જ કરવા જેવી.

## ૩૬

### મહારાજ સાહેબ,

આપે લખ્યું છે એ જ પ્રમાણે મેં અનેક વખત અનુભવ્યું છે. અંતઃકરણની લાગણી-પ્રદાનની વૃત્તિને અવગણીને મનને લાગણી ન આપવાની સલાહને સ્વીકારીને અનેક વખત હું સામી વ્યક્તિને લાગણી આપવાથી દૂર રહ્યો છું અને એના ફળસ્વરૂપે હું પોતે જ ઉદ્વિગ્નતાનો શિકાર બનતો રહ્યો છું. કદાચ એનાથી અહં પુષ્ટ થયો છે પણ આત્માએ તો પ્રસન્નતા ગુમાવી જ છે. પણ, હવે એ મૂર્ખાઈના ભોગ ન બનવાનો મારો દૃઢ નિર્ધાર છે. બીજાની પ્રસન્નતાની અવગણના કરી બેસું એ તો હજી કદાચ શક્ય બને પણ મારી જ ખુદની પ્રસન્નતાની અવગણના હુ કરી બેસું અને એ ય સમ્યક્ સમજણ આવ્યા પછી, તો તો પછી મારામાં અને ગાંડામાં ફેર જ શું ? ના, હવે તો એ રસ્તે કદમ ન જ માંડવાનો મારો સંકલ્પ પાકો છે. છતાં આ અંગે આપના તરફથી કો'ક નક્કર માર્ગદર્શન ઝંખું છું.

**દર્શન, દાનના ક્ષેત્રમાં પ્રવેશ કર્યા વિના લાગણીના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની વાત સર્વથા વાહિયાત છે** એ વાત તું ખાસ સમજી રાખજે. તું કોઈને પણ લાગણી આપવા જો માગે છે તો તારે કંઈક ને કંઈક ભોગ આપવો અનિવાર્ય જ બની જાય છે. નાનકડો સરખો ય ભોગ આપ્યા વિના માત્ર લાગણી આપવાની વાત એ તો એક જાતનો દંભ છે.

વાંચી છે ને તેં આ અંગ્રેજી પંક્તિ ?



You can give without loving
but you can not love without giving.

**તમે વગર પ્રેમે કો'કને કંઈક આપી શકો છો પણ કંઈક પણ આપ્યા વિના તમે કોઈને ય પ્રેમ તો નથી જ કરી શકતા.** હકીકત જ્યારે આ જ છે ત્યારે હું તને એટલું જ કહું છું કે આ જગતમાં શ્રેષ્ઠ કોટિનું કોઈ દાન હોય તો એ અભયદાન છે.

**दाणाणं सेट्ठं अभयप्पयाणं**

આ શાસ્ત્રપંક્તિ પણ એ જ વાત કરે છે. અલબત્ત, સંપત્તિ આપીને ય તમે કો'કને નિર્ભય બનાવી શકો છો. અન્ન આપીને ય તમે કો'કને અભય બનાવી શકો છો પણ શ્રેષ્ઠ કોટિની નિર્ભયતા તો જીવને ત્યારે જ અનુભવાય છે કે જ્યારે એને 'જીવન'નું દાન મળે છે. અર્થાત્ કો'કને મોતના મુખમાં ધકેલાતો તમે બચાવો છો જ્યારે અથવા તો તમારા તરફથી એના જીવનને સંપૂર્ણ સલામતીની બાંહેધરીનો તમે અનુભવ કરાવો છો જ્યારે, ત્યારે એને જે આનંદનો અનુભવ થાય છે એ કલ્પનાતીત હોય છે.

શું કહું તને ? આ જગતના કોઈ પણ જીવને વધુમાં વધુ ગમતી કોઈ ચીજ હોય તો એ છે એનું ખુદનું જ જીવન. અને એ જ્યારે સલામત બની જાય છે ત્યારે એનામાં બાકીની ગમે તેવી કીમતી પણ ચીજોની ગેરહાજરીને મર્દાનગીપૂર્વક હસી કાઢવાનું સામર્થ્ય પેદા થયા વિના રહેતું નથી.

## ૩૭

### દર્શન,

દાનમાં જો અભયદાન પહેલે નંબરે આવે છે તો સમાધિદાન બીજે નંબરે આવે છે. ભૂખના કારણે જેનું ચિત્ત વિહ્વળ છે એને અન્ન આપવા દ્વારા સમાધિપ્રદાન કરી શકાય છે. રોગના કારણે જેનું મન વ્યગ્ર છે એને ઔષધ આપવા દ્વારા સમાધિમાં ઝીલતો કરી શકાય છે. પરિસ્થિતિ પ્રત્યેના ગલત અભિગમના કારણે જેનું મન ડામાડોળ છે એને

સમ્યક્ સમજણ આપવા દ્વારા સમાધિમાં રમતો કરી શકાય છે. અપેક્ષાભંગના કારણે કે ધંધામાં આવેલ નુકસાનીના કારણે જે ખળભળી ઊઠ્યો છે એને સદ્બુદ્ધિસૂચક હિતશિક્ષા આપવા દ્વારા સમાધિ આપી શકાય છે.

યાદ રાખજે કે **આ સમાધિદાન પણ સરળ તો નથી જ. કારણ કે આ જીવની સામાન્ય મનોવૃત્તિ કઠોર જ રહી છે. કોમળ બનવું એને જામતું નથી.** અન્યનાં દુઃખમાં ભાગ પડાવવાનું એને ગમતું નથી. દુઃખીની ઉપેક્ષા એ એના સ્વભાવમાં વણાઈ ગઈ છે. ક્યાંક કો'કના દુઃખનાશમાં એ સહાયક બને પણ છે તો ય પહેલાં એ પાકું કરી લે છે કે આમાં કંઈક વળતર મળશે કે કેમ ? અહં પુષ્ટ થશે કે નહીં ? આવી જાતજાતની દૂષિત મનોવૃત્તિઓની અવગણના કરીને કો'કને સમાધિ આપવા કટિબદ્ધ બનવું એ સાચે જ ભારે સત્ત્વ માગે છે.

શું કહું તને ? **વિજ્ઞાનમાં 'હૃદય' એ સ્થળવાચક શબ્દ છે, પણ અધ્યાત્મમાં તો 'હૃદય' એ ગુણવાચક શબ્દ છે.** વિજ્ઞાનને છાતીની ડાબી બાજુએ રહેલા હૃદયના ધબકારા ચાલુ રહે એમાં જ રસ છે જ્યારે અધ્યાત્મને અન્યના દુઃખે દ્રવિત થઈ જાય એવા લાગણીસભર હૃદયમાં રસ છે. ધક્ ધક્ અવાજ ચાલુ રહે એને જ 'જીવંત માણસ' માનવાની વાત વિજ્ઞાન કરે છે જ્યારે લાગણીઓની અભિવ્યક્તિ થતી રહે એને જ 'જીવંત માણસ' માનવાની વાત અધ્યાત્મ કરે છે.

આ વાસ્તવિકતા તરફ તારું ધ્યાન હું એટલા માટે દોરી રહ્યો છું કે 'દાન'ના ક્ષેત્રે આગળ વધવા માટે તારે અધ્યાત્મજગતના ગણિતને જ નજર સામે રાખીને જીવન વ્યવસ્થા ગોઠવવી પડશે. તારે અધ્યાત્મ જગતના જ 'જીવંત માણસ' બનવાની તૈયારી દાખવવી પડશે. તને કદાચ ખ્યાલ નહીં હોય પણ આ જગતના ઢગલાબંધ માણસો એવા છે કે જેઓ પુષ્કળ શ્રીમંત છે પણ અન્ય જીવોના સુખમાં નિમિત્ત બનવાની બાબતમાં સાવ કંગાળ છે. હું નથી ઇચ્છતો કે આવી શ્રીમંતાઈ તારા લમણે ઝીંકાય અને તું કેવળ વિજ્ઞાનની વ્યાખ્યામાં જ ગોઠવાઈ શકે એવો 'જીવંત માણસ' બન્યો રહે !



## ૩૮

## મહારાજ સાહેબ,

વૈજ્ઞાનિક હૃદય અને અધ્યાત્મિક હૃદય વચ્ચેની આપે જણાવેલ ભેદરેખા વાંચીને હું સાચે જ સ્તબ્ધ બની ગયો છું. ગંભીરતાથી આત્મનિરીક્ષણ કર્યું ત્યારે ખ્યાલ આવ્યો કે સ્થળવાચક હૃદયને જીવંત રાખવા જ અમે ઝઝૂમી રહ્યા છીએ, ગુણવાચક હૃદય જીવે કે મરે, અમને એની લેશ પરવા નથી. કદાચ અમારા મનમાં એવું ગણિત ગોઠવાઈ ગયું છે કે ગુણવાચક હૃદયને જીવંત રાખવા જવામાં તો આ જીવનમાં આપણે કાચા જ રહી જશું, બધાયથી છેતરાતા જ જશું, વિકાસની દિશામાં કદમ જ નહીં માંડી શકીએ. અને એનું જ આ પરિણામ અમે ભોગવી રહ્યા છીએ કે અમે કોઈ વ્યક્તિને નહીં પણ મશીનને મળતા હોઈએ એવું લાગે છે. અમે કોઈ જીવંત વ્યક્તિ સાથે નહીં પણ મૃત પથ્થર સાથે વ્યવહાર કરી રહ્યા હોઈએ એવું લાગે છે.

**અમારું જીવન શિવયાત્રા બનવાને બદલે શબયાત્રા બની ગયું હોય એવું લાગે છે.** આ કરુણતા સર્જાવામાં કદાચ અનેક પરિબળો કારણભૂત હશે પણ એ પરિબળોમાં સૌથી મહત્ત્વનું પરિબળ કયું હશે ?

**દર્શન,** એમ કહેવાય છે કે સ્થળવાચક હૃદય વાયુનો પ્રકોપ વધવાના કારણે 'એટેક'નું ભોગ બને છે. ગુણવાચક હૃદય માટે હું એટલું કહીશ કે સંપત્તિ પાછળની દોટ બેફામ બનવાના કારણે એ 'એટેક'નું ભોગ બને છે. સંપત્તિના ઉપલક્ષણથી તું પદ, પ્રતિષ્ઠા, ખ્યાતિ, અહંપુષ્ટિ વગેરે બધું ય સમજી લેજે. જેણે પણ પોતાના જીવનના ચાલકબળ તરીકે આમાંના એક પણ પરિબળને ગોઠવી દીધું, એણે જાણ્યે-અજાણ્યે પણ 'લાગણીતંત્ર'ના એટેકને આમંત્રણ આપી જ દીધું. પ્રખ્યાત વિચારક ઈમર્સનનું આ વાક્ય નજર સામે રાખજે.

'શ્રીમંત હૃદય વગરનો ધનવાન એ કદરૂપો ભિખારી જ છે.' અહીંયાં 'શ્રીમંત હૃદય'નો અર્થ 'લાગણીસભર હૃદય' જ સમજવાનો છે.

શું કહું તને ? **માત્ર પંદર દિવસ માટે ઘરની બહાર રહેનારો માણસ અકળાઈ જાય છે પણ વરસોનાં વરસો સુધી લાગણીતંત્રને ફ્રિજમાં મૂકીને આપણે જીવી રહ્યા છીએ અને**

**છતાં આપણને એની કોઈ અકળામણ પણ નથી** એ કરુણતા જ છે ને ? તને હું એટલું જ કહીશ કે સ્થળવાચક હૃદયને જીવંત રાખવાના પ્રયત્નો તું ચાલુ રાખે એનો કોઈ વાંધો નથી પણ ગુણવાચક હૃદય ઉપેક્ષિત ન બની જાય એની તો તું સતત તકેદારી રાખતો રહેજે અને એ માટે આ એક જ કામ કરજે. કોઈને ય તું દુઃખી બનાવતો નહીં અને કોઈનાય દુઃખ પ્રત્યે તું આંખમીંચામણાં કરતો નહીં.

## ૩૯

**મહારાજ સાહેબ,**

વાત આપની સાવ સાચી છે. જીવન જીવવા માટે સર્વથા બિનજરૂરી એવાં પદ-પ્રતિષ્ઠા-અહં વગેરેને સાચવવા, ટકાવવા અને વધારવા અમે અમારા લાગણીતંત્રને છેલ્લી હદે નિષ્ઠુર બનાવી દીધું છે. પણ હવે એમાં સુધારો કરવાનો મારો પોતાનો દૃઢ નિર્ધાર છે. અભયદાન અને સમાધિદાનની આપની સલાહને અમલી બનાવવાની બાબતમાં મારે ચોક્કસ રીતે આગળ વધવું જ છે. ઇચ્છું છું કે આ અંગે આપના તરફથી કંઈક વિશેષ માર્ગદર્શન મળે.

**દર્શન,** તારી જે ભૂમિકા છે એને ખ્યાલમાં રાખીને તને હું એટલું જ કહીશ કે અભયદાન અને સમાધિદાનની બાબતમાં તારે આગળ વધવું જ હોય તો સંપત્તિદાન માટે તારી જાતને તું તૈયાર કરતો જા.

**સંપત્તિ એક એવું માધ્યમ છે કે જે ભય અને સંક્લેશનું કારણ પણ બની શકે છે તો અભય અને સમાધિનું કારણ પણ બની શકે છે.** સંપત્તિ ખાતર માણસે લાખોને માર્યા પણ છે તો સંપત્તિના માધ્યમે માણસે લાખોને બચાવ્યા પણ છે. સંપત્તિ ખાતર માણસે અનેકને સંક્લેશો પણ કરાવ્યા છે તો સંપત્તિના માધ્યમે માણસ અનેકને સમાધિમાં નિમિત્ત પણ બન્યો છે. હું ઇચ્છું છું કે તારી પાસે રહેલ સંપત્તિનો સદુપયોગ થતો રહે અભયદાનમાં અને સમાધિદાનમાં. સંપત્તિ પ્રાપ્તિના તારા પ્રયત્નોમાં તું ક્યારેય નિમિત્ત ન બને કોઈનાય



મોતમાં કે કોઈનાય સંક્લેશમાં.

યાદ રાખજે આ વાત કે **સંપત્તિ વિનાનું જીવન કદાચ દુર્બળ છે પણ દાન વિનાની સંપત્તિ તો ક્લેશકારક છે, દુઃખદાયક છે, દુર્ગતિદાયક છે.** તેં એવા કોઈ શ્રીમંતને આજ સુધીમાં જોયો નહીં હોય કે જેના જીવનમાં દાન ન હોવા છતાં ય એ પ્રસન્નતા અનુભવી રહ્યો હોય અને તેં એવા કોઈ ગરીબને ય આજસુધીમાં જોયો નહીં હોય કે જેણે પોતાના જીવનમાં યત્કિંચિત્ દાન ચાલુ રાખ્યું હોય અને છતાં ય એણે પ્રસન્નતાની અનુભૂતિ ન કરી હોય. હાથ-કંકણ અને આરસી જેવી આ સ્પષ્ટ વાસ્તવિકતા હોવા છતાં ય કોણ જાણે કેમ, માણસ એમાંથી કોઈ બોધપાઠ લેવા તૈયાર નથી. ઘરમાં રહેલ કચરો બહાર કાઢવા એ તલપાપડ રહે છે. પેટમાં જામી ગયેલ મળ બહાર કાઢવા એ તત્પર રહે છે પણ જેનો સંગ્રહ જાત માટે કલેશકારક અને દુર્ગતિદાયક પુરવાર થાય તેમ છે એ સંપત્તિનો સદ્વ્યય કરવા એ તૈયાર નથી. રે કરુણતા !

## ૪૦

**મહારાજ સાહેબ,**

આપનો પત્ર ખૂબ ગંભીરતાથી વાંચ્યો. આપની વાત સાવ સાચી છે. સંપત્તિના સંગ્રહમાં અમને જે આનંદ છે એનો લાખમા ભાગનો રસ અમને સંપત્તિના વ્યયમાં નથી. અને સંપત્તિના સદ્વ્યયનો રસ તો અંતરમાં છે કે કેમ એ જ પ્રશ્ન છે. સંપત્તિ મેળવીને કાં તો ભેગી કરવી છે અને કાં તો ઉડાડવી છે. કો'કનાં આંસુ લૂછવામાં એ સંપત્તિનો સદ્વ્યય થાય એવી ઝંખના અંતરમાં પેદાય થતી નથી. આ ઝંખના પેદા થાય એ માટે કરવું શું ?

**દર્શન,** એક નાનકડા પણ અતિ મહત્ત્વના સત્ય તરફ તારું ધ્યાન દોરું ? **જ્યાં સુધી આપવાની ક્રિયા ચાલુ છે ત્યાં સુધી પ્રાપ્ત કરવાની ક્રિયા પણ ચાલુ જ છે,** એ વાસ્તવિકતા તું સદાય તારી નજર સામે રાખજે. ખેડૂત ધરતીને અનાજ આપે છે, ધરતી ખેડૂતને

અનાજ આપવાની બાહેંધરી આપે છે, વાદળાં ધરતીને પાણી આપે છે, ધરતી આકાશને વાદળાંના સર્જનની બાહેંધરી આપે છે. માણસ માણસને પ્રેમ આપે છે, માણસને એ પ્રેમના બદલામાં જીવન જીવવાનો ઉત્સાહ મળી રહે છે.

બસ, આ જ ગણિત સમજી લેજે સંપત્તિના સદ્વ્યયની બાબતમાં. માણસ સન્માર્ગે સંપત્તિ વાપરતો રહે છે અને સન્માર્ગ માણસને ક્યારેય દરિદ્રતાનો શિકાર ન બનવાની બાહેંધરી આપે છે. માણસ સંપત્તિના સદ્વ્યય દ્વારા કો'કનાં આંસુ લૂછે છે અને લૂછાયેલા એ આંસુ માણસને કાયમ માટે હસતો રાખવાની બાહેંધરી આપે છે. માણસ સંપત્તિના સદ્વ્યય દ્વારા કો'કને મોતના મુખમાં ધકેલાતો બચાવી લે છે અને અભયદાનનું કરેલું એ સુકૃત માણસના અકુદરતી મોતની સંભાવના પર ચોકડી લગાવી દે છે.

એટલું જ કહીશ તને કે **જે ખેડૂત વાવણી વખતે શ્રેષ્ઠ જ વાવે છે એને લણણી વખતે પસ્તાવાનો વખત આવતો નથી. મળેલ સંપત્તિનો આ જનમમાં જે શ્રેષ્ઠ સદુપયોગ કરે છે એને પરલોકમાં રોવાનો વખત નથી આવતો.**

અલબત્ત, આકાશ જેમ અનંત છે તેમ માણસની મૂર્ખાઈ પણ અનંત છે. એ સંપત્તિ મૂકીને મરે છે પણ સામે ચડીને કો'કને આપવા તૈયાર થતો નથી. અંત સમયે સંપત્તિ છોડવાના ખ્યાલે એ રડે છે પણ જીવન જીવતા સંપત્તિના સદ્વ્યય દ્વારા એ હસતો રહેવા તૈયાર નથી. ઈચ્છું છું કે આવી મૂર્ખાઈનો તારા જીવનમાં વહેલી તકે અંત આવી જાય.

## ૪૧

**મહારાજ સાહેબ,**

આપ સાચા છો. મોત નિશ્ચિત છે એ જાણવા છતાં અને પરલોકમાં કાણી કોડી ય સાથે લઈ જવામાં સફળતા નથી મળવાની એ જાણવા છતાં અમે અમારા હાથમાં રહેલ સંપત્તિનો સદ્વ્યય કરવા દ્વારા અમારા મોતને અમે મંગળમય બનાવવા તૈયાર નથી,



અમારા પરલોકને અમે સદ્ધર બનાવવા તૈયાર નથી, એ અમારી અનંત મૂર્ખાઈ જ છે. પણ, લાગે છે કે આપના તરફથી મળી રહેલ બહુમૂલ્ય માર્ગદર્શનથી આજે નહીં તો કાલે પણ, આ મૂર્ખાઈનો અંત જરૂર આવશે. પણ, મનમાં એક વાત હજી નથી બેસતી કે દાનના આટઆટલા લાભો જાણવા છતાં, સમજવા છતાં, સાંભળવા છતાં એના અમલ માટે હૃદયમાં એવો કોઈ પ્રચંડ ઉત્સાહ કેમ નથી જાગતો ?

**દર્શન,** એક અગત્યની બાબત તરફ તારું ધ્યાન દોરું ? **માણસને 'ગતિ'માં જેટલો રસ છે એટલો રસ 'દિશા' માં નથી. 'પુરુષાર્થ' માટે એ જેટલો તત્પર છે એટલો 'સમ્યક્' માટે એ તત્પર નથી. 'પહોંચવાની' એને જેટલી ઉતાવળ છે એટલી ઉતાવળ એને 'બનવાની' નથી.** આનું જ આ પરિણામ આવ્યું છે કે આજનો માણસ દોડ્યો છે ઘણો પણ દોટની દિશા પસંદ કરવામાં એ મોળો પુરવાર થયો છે. પદાર્થવૃદ્ધિના ક્ષેત્રે સફળતાને વરેલો આજનો માણસ, પ્રસન્નતાની અનુભૂતિની બાબતમાં વામણો પુરવાર થયો છે. પ્રતિષ્ઠા જમાવવામાં ફાવી ગયેલો આજનો માણસ, પોતાનું જીવન જમાવવાની બાબતમાં કંગાળ પુરવાર થયો છે.

શું કહું તને ? **વિજ્ઞાન પાસે 'ગતિ' છે પણ 'દિશા' તો ધર્મ પાસે જ છે. 'પુરુષાર્થ'ની વાત વાતાવરણમાં છે પણ 'સમ્યક્'ની ઓળખ તો શિષ્ટ પુરુષો પાસે જ છે. 'પહોંચવા'ની બાબતમાં તાકાત આગળ છે પણ 'બનવા'ની વાત તો અંતઃકરણ પાસે જ છે.**

તું 'દાન' માટે ઉલ્લસિત થવા માગે છે ને ? 'ગતિ'ને બદલે 'દિશા'ને પ્રાધાન્ય આપતો જા. માત્ર 'પુરુષાર્થ'ને જ ગૌરવ આપવાને બદલે 'સમ્યક્ પુરુષાર્થ'ને મહત્ત્વ આપતો જા. 'પહોંચવા'ની બાબતમાં જ આંધળિયા કરવાને બદલે 'બનવા'ની બાબતનું નિરીક્ષણ કરતો જા. તું દાન કર્યા વિના રહી નહીં શકે. દાન માટેની તકો તું ઝડપતો તો રહીશ જ પણ આગળ વધીને કહું તો દાન માટેની તકો તું શોધતો ફરીશ. શક્તિઓના દુર્વ્યયથી તો તું બચતો રહીશ જ પણ શક્તિઓના સદ્વ્યય માટે તું તત્પર જ રહીશ. કારણ ? તીવ્ર ગતિને જ્યારે સમ્યક્ દિશા મળે છે ત્યારે જીવન પ્રસન્નતાથી કેવું તરબતર બની જાય છે, એનો તને અલ્પ પણ અનુભવ થઈ ચૂક્યો જ હશે.

## ૪૨

## મહારાજ સાહેબ,

આપનું નિદાન સાવ સાચું છે. માતા-પિતા તરફથી, શિક્ષણસંસ્થા તરફથી, સમાજ તરફથી, મિત્રવર્ગ તરફથી અને સરકાર તરફથી અમને 'ગતિ' માટે જ પ્રોત્સાહન મળ્યું છે અને મળે છે, દિશા અંગેની વાત લગભગ કોઈ કરતું નથી. એ હિસાબે જ ડિગ્રી મેળવવામાં સફળ બની ચૂકેલા અમે સંસ્કારી બનવામાં સફળ નથી બની શક્યા. સંપત્તિ મેળવવામાં સફળ બની ચૂકેલા અમે સંવેદનશીલ બન્યા રહેવામાં સફળ નથી બની શક્યા.

**મોટા માણસ તરીકેની ખ્યાતિ પામી ચૂકેલા અમે મહાન માણસની મહાનતાને સ્પર્શી પણ નથી શક્યા. શરીરનો વિકાસ સાધવામાં સફળતાને વરેલા અમે, મનના વિકાસને સમજી પણ નથી શક્યા.**

પણ આપના તરફથી મળી રહેલ માર્ગદર્શનના હિસાબે મેં તો 'દિશા'ને 'સમ્યક્' બનાવવા પુરુષાર્થ આદરી જ દીધો છે. એ અંગે મારે શી સાવધગીરી રાખવી જોઈએ ? આપશ્રી જણાવશો.

**દર્શન,** આ જગતના જીવોની સામે સામાન્યથી પોતાના જીવનની દિશા નક્કી કરવા માટે ત્રણ વિકલ્પો છે. એમાંનો એક વિકલ્પ છે 'સમૃદ્ધ' થવાનો. આ વિકલ્પવાળાના મનમાં સમૃદ્ધિ તરીકે એક જ ચીજ ગોઠવાઈ હોય છે અને એ ચીજનું નામ છે 'સંપત્તિ'. 'સંપત્તિ છે તો બધું જ છે અને સંપત્તિ નથી તો કાંઈ જ નથી' આ ગણિત એના મગજમાં એવું જડબેસલાક ગોઠવાઈ ગયું હોય છે કે એને સંપત્તિ સિવાય બીજું કાંઈ દેખાતું જ નથી.

વ્યક્તિ સાથેના એના વ્યવહારોમાં ય કેન્દ્રસ્થાને સંપત્તિ હોય છે તો વ્યક્તિઓ સાથે બંધાતા સંબંધોમાં ય કેન્દ્રસ્થાને સંપત્તિ હોય છે. વચનોમાં એ સંપત્તિનું જ પ્રાધાન્ય રાખતો હોય છે તો વિચારધારાય એની સંપત્તિ કેન્દ્રિત જ રહેતી હોય છે. આવા આત્મા માટે તને એટલું જ કહીશ કે એ અનિવાર્યપણે કંજૂસાઈનો શિકાર બનતો જ હોય છે અને હકીકત એ છે કે **કંજૂસ માણસ તકલીફ અને પરિશ્રમ સિવાય કશાયનો માલિક બની શકતો નથી. સંપત્તિ અર્જિત કરવા એ વેઠતો હોય છે જાલિમ તકલીફો અને સંપત્તિ**



**સાચવવા એ કરતો હોય છે સખત પરિશ્રમ.**

બસ, તકલીફ અને પરિશ્રમ એ બે સિવાય એના નસીબમાં કાંઈ જ હોતું નથી, કાંઈ જ બચતું નથી. વિચારજે આ વિકલ્પ પર ગંભીરતાથી. મારી વાત તને સો ટકા સાચી લાગશે.

## ૪૩

## દર્શન,

જીવનની દિશા નક્કી કરવાના ત્રણ વિકલ્પોમાં બીજા નંબરનો વિકલ્પ છે 'સમર્થ' બનવાનો. આ વિકલ્પવાળાના મનમાં સામર્થ્ય તરીકે એક જ ચીજ ગોઠવાઈ હોય છે અને એ ચીજનું નામ છે 'સત્તા'. 'જો હાથમાં સત્તા છે તો ભલભલા અબજોપતિને ય વશમાં રાખી શકાય છે અને જો હાથમાં સત્તા નથી તો સાવ લબાડ માણસ પાસે ય તમારે દીનતા દાખવવી પડે છે.' આ માન્યતા એના મગજમાં એવી જડબેસલાક ગોઠવાઈ ગઈ હોય છે કે સત્તા મેળવવા એ જે પણ કરવું પડે એ કરવા તૈયાર હોય છે અને તમામ પ્રયત્નો એના સત્તાપ્રાપ્તિ તરફ જ જતા હોય છે. જે સોસાયટીમાં પોતે રહેતો હોય છે ત્યાં એ 'પ્રમુખ' થવા જ તલસતો હોય છે. જે મંડળમાં એ દાખલ થયો હોય છે ત્યાં એ 'નેતા' થવા જ તડપતો હોય છે. કો'ક સંસ્થામાં એ જોડાયો હોય છે તો ત્યાં એ 'આગેવાન' થવા જ ઝઝૂમતો હોય છે.

અરે, **કો'કની શોકસભામાં એ જાય છે તો ત્યાંય એની નજર 'પ્રમુખ પદ'ની ખુરસી તરફ હોય છે.**

ટૂંકમાં, સર્વત્ર એ પોતાની જાતને કેન્દ્રસ્થાને રાખવા માગતો હોય છે અને સત્તા, પદ કે ખુરસી વિના કેન્દ્રસ્થાને ન જ રહી શકાય એ ખ્યાલે એ સતત સત્તા મેળવવા સંઘર્ષો કરતો જ રહે છે. અલબત્ત, આ રીતે 'સમર્થ' બની જવામાં સફળતા મળી પણ જાય છે તો ય એ સફળતા મનની તમામ સ્વસ્થતા અને પ્રસન્નતાને સાફ કરી નાખ્યા વિના રહેતી

નથી એ હકીકત છે.

દર્શન, એક વાત ખાસ ખ્યાલમાં રાખજે કે **જાતે મર્યા વિના જેમ પત્નીને વિધવા કરી શકાતી નથી તેમ આંતરિક પ્રસન્નતા અને મસ્તીનું બલિદાન આપ્યા વિના બાહ્ય જગતમાં 'એક નંબર' પર આવી શકાતું નથી.**

આ તો બહિર્જગત છે. અહીંયા સ્થાનો ઓછાં છે અને એ સ્થાનો પર કબજો જમાવવા માગતા માણસોની સંખ્યા બેસુમાર છે. કાવાદાવા, ખૂનખરાબા, છળપ્રપંચ વગેરે છેલ્લામાં છેલ્લી કક્ષાના રસ્તાઓ અપનાવવાની માનસિક તૈયારી દાખવ્યા વિના એ સ્થાનો પર કબજો જમાવવામાં સફળતા મળે એવી કોઈ જ શક્યતા નથી. તું જ વિચારજે. સત્તાપ્રાપ્તિ દ્વારા સામર્થ્યવાન કદાચ બની પણ જવાય પણ એમ કરવા જતાં જો તમામ સુખનું જેને આધારબિંદુ કહેવાય છે એ 'મનની પ્રસન્નતા' જ ગિરવે મુકાઈ જતી હોય તો એ સામર્થ્યને કરવાનું શું ?

એટલું જ કહીશ તને કે પત્નીના કર્કશ સ્વભાવને નિભાવી લેવાય પણ એનો બદલો લેવા જાતે આપઘાત કરીને એને વિધવા ન બનાવાય. કષ્ટો વેઠી લેવાય પણ એનાથી બચવા મનની પ્રસન્નતાને ખતમ કરીને સામર્થ્યવાન બનવા દોટ ન મૂકાય.

## ૪૪

**દર્શન,**

જીવનની દિશા નક્કી કરવાના જે ત્રણ વિકલ્પો છે એમાં ત્રીજા નંબરનો વિકલ્પ છે 'શુદ્ધ' થવાનો. આ વિકલ્પવાળાના મનમાં શુદ્ધિ તરીકે એક જ ચીજ ગોઠવાઈ હોય છે અને એ ચીજનું નામ છે 'સદ્‌ગુણો'.

**'જો જીવનમાં સદ્‌ગુણોનો ઉઘાડ છે તો જ મનમાં પ્રસન્નતા છે, કુટુંબમાં શાંતિ છે, વ્યવહારમાં સ્વસ્થતા છે, મરણમાં સમાધિ છે, પરલોકમાં સદ્‌ગતિ છે અને પરંપરાએ પરમગતિનું નૈકટ્ય છે'**



આ શ્રદ્ધા એના મગજમાં એવી આત્મસાત્ થઈ ગઈ હોય છે કે સદ્‌ગુણોના ઉઘાડ માટેની એક પણ તક એ જતી કરતો નથી. દોષોની શક્યતા દેખાવા માત્રથી ત્યાંથી એ ભાગી છૂટ્યા વિના રહેતો નથી. કષ્ટો વેઠીને એ સદ્‌ગુણોને ટકાવી રાખે છે અને સુખ મળતું હોવા છતાં ય એ દોષોથી બચતો રહે છે.

ટૂંકમાં, શરીરની સુખશીલતા અને મનની સ્વચ્છંદતા એ બન્નેને દબાવતા રહીને સદ્‌ગુણોના ઉઘાડ માટે એ પ્રયત્નશીલ બનતો જ રહે છે. અલબત્ત, એમાં એને કદાચ સફળતા નથી પણ મળતી તો ય એનો એને કોઈ રંજ નથી હોતો કે એ પોતાના એ દિશાના પ્રયત્નો છોડી નથી દેતો.

દર્શન, ચિત્ર સ્પષ્ટ છે. સમૃદ્ધ થવું છે જો તારે તો સંપત્તિ પાછળ આંધળી દોટ લગાવવી પડશે. સમર્થ થવું છે જો તારે તો સત્તા પાછળ પાગલ બનવું પડશે અને શુદ્ધ થવું છે જો તારે તો સદ્‌ગુણોના ઉઘાડ તરફ લક્ષ્ય કેન્દ્રિત કરવું પડશે. યાદ રાખજે, સમૃદ્ધ થવામાં અને સમર્થ થવામાં તને સફળતા મળી પણ જશે તો ય એ સફળતા તારા અંતઃકરણને તૃપ્ત તો નથી જ કરી શકવાની અને શુદ્ધ થવાના પ્રયત્નોમાં તને કદાચ નિષ્ફળતા મળશે તો ય એ નિષ્ફળતા તારા અંતઃકરણને કલુષિત તો નથી જ કરી શકવાની. તું તારી જાતને જો બુદ્ધિમાન માનતો હોય, સુજ્ઞ માનતો હોય, હોશિયાર માનતો હોય તો તારા માટે આ ત્રણ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી એ મોટો પડકાર છે.

**સમૃદ્ધ બરબાદ થયો છે, સમર્થ કમજોર પુરવાર થયો છે પણ શુદ્ધ તો આબાદ જ થયો છે. કયો વિકલ્પ અપનાવવો એ તારે નક્કી કરવાનું છે.**

## ૪૫

**મહારાજ સાહેબ,**

આપના છેલ્લા ત્રણ પત્રોએ 'દિશા' અંગેનું આખું ચિત્ર સ્પષ્ટ કરી દીધું છે. જગતના જીવો સામે જોઉં છું ત્યારે સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે કે ગતિસૂચક બધીય

દિશાઓ છેવટે તો આ ત્રણ દિશાઓમાં જ સમાવિષ્ટ થઈ જાય છે.

અલબત્ત, એમાં **સમૃદ્ધ થવાની ઝંખનાવાળા જીવો ચિક્કાર છે, સમર્થ થવાની કામનાવાળા જીવો ઓછા છે અને શુદ્ધ થવાની અભિપ્સાવાળા જીવો તો આંગળીના વેઢે ગણાય તેટલા છે.** કારણ એમાં એ લાગે છે કે સંપત્તિ સહુને સુલભ છે અને એના વિના જીવન ચાલતું જ નથી. સત્તા સેંકડોમાં કે લાખોમાં એકાદને જ મળે છે અને કદાચ એ નથી પણ મળતી તો ય એના વિના જીવન ચલાવવામાં કોઈ મુશ્કેલી નથી પડતી જ્યારે સદ્‌ગુણો ભારે કષ્ટસાધ્ય છે અને એના વિના જીવનમાં બહુ અગવડો વેઠવી પડે છે એવું અનુભવાતું નથી.

બસ, આવા જ કો'ક કારણસર સમૃદ્ધ, સમર્થ અને શુદ્ધ થવાની ઝંખનાવાળા જીવોની સંખ્યામાં ઉત્તરોત્તર અલ્પતા દેખાય છે. હા, મારો પોતાનો નંબર આજસુધીમાં સમૃદ્ધ થવામાં કે સમર્થ થવામાં જ હતો પણ પત્રવ્યવહારના માધ્યમે આપે આપેલા આટલા સ્પષ્ટ માર્ગદર્શન પછી હવે 'શુદ્ધ' થવામાં જ મારો નંબર લગાવવાનું મેં નક્કી કરી દીધું છે. એ માટે મારે જે કાંઈ કરવું પડશે એ કરવાની અને જે કાંઈ છોડવું પડશે એ છોડવાની મારી પૂરી તૈયારી છે. છતાં એ અંગે આપશ્રી કંઈક વિશિષ્ટ માર્ગદર્શન આપશો તો મને આનંદ થશે.

**દર્શન,** સૌપ્રથમ તો 'શુદ્ધ' થવાના વિકલ્પ પર તેં તારા મનની પસંદગી ઉતારી, એ બદલ તને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે. કારણ કે **આ જગતના બહુજનવર્ગની સામે તો માત્ર બે જ દિશા છે. કાં તો સમૃદ્ધ થાઓ અને કાં તો સમર્થ થાઓ. શુદ્ધ થવાની દિશાનો તો એ વર્ગને કોઈ ખ્યાલ જ નથી.** કદાચ અમારા જેવા એ દિશા તરફ આંગળી ચીંધણું કરે પણ છે તો ય રડ્યા-ખડ્યા કેટલાક જીવો એ દિશા તરફ આકર્ષિત થાય છે. બાકીના જીવો તો પ્રમાદનું કે ઉપેક્ષાનું ગોદડું ઓઢીને શાંતિથી સૂઈ જાય છે. આવા નિર્માલ્ય અને નિઃસત્ત્વ જીવોમાંથી તેં તારી જાતને બહાર કાઢી લેવાનો જે દૃઢ સંકલ્પ કર્યો છે એ બદલ તને ખૂબ ખૂબ ધન્યવાદ છે. અને શુદ્ધ થવાનો તારો આ સંકલ્પ વહેલી તકે ફળે એ માટેના મારા તને અંતઃકરણપૂર્વકના આશીર્વાદ છે.



## ૪૬

**દર્શન,**

'શુદ્ધ' થવાના સંકલ્પને સફળ ન બનવા દેનાર કોઈ ખતરનાકમાં ખતરનાક પરિબળ હોય તો એ છે પ્રલોભન. **ઢાળ જેમ પાણીને ઉપર ચડવા દેતું નથી તેમ પ્રલોભન માણસને શુદ્ધિના માર્ગે વિકાસ કરવા દેતું નથી.**

ઢાળ મળ્યો નથી અને પાણી નીચે ઊતર્યું નથી. પ્રલોભન સામે આવ્યું નથી અને માણસ નીચે ઊતર્યો નથી. તું જો સાચે જ 'શુદ્ધ' બનવાની બાબતમાં ગંભીર છે તો પ્રલોભનને અવગણવાની બાબતમાં તારે એટલા જ 'મજબૂત' બનવું પડશે. એક જ મુક્કાના પ્રહારે બરફની પાટ તોડી નાખવામાં સફળતા મેળવવી એ બહુ આસાન વાત છે પણ ઢગલાબંધ વખતના સંકલ્પો પછી પણ પ્રલોભનની સામે ન ઝૂકી જવાનું સત્ત્વ દાખવવું એ ભારે કઠિન કાર્ય છે.

અને આ સંસાર તો પ્રલોભનોનો સાગર છે. ઘરની બહાર પગ મૂકો, પ્રલોભન હાજર છે. આંખ ખોલો, સામે ટી.વી. છે. મેગેઝીનનાં પાનાઓ ફેરવો, અંદર વિજાતીયના આકર્ષક ચહેરાઓ છે. હૉટલ તરફ કદમ માંડો, અંદર ચટાકેદાર વાનગીઓ છે. મિત્રો સાથે વાતો કરો, કેન્દ્રમાં મસાલેદાર [?] વાતો છે. વેપારીને મળો, ધંધાના જાતજાતના વિકલ્પો છે. પેપર વાંચો, આકર્ષક જાહેરાતો છે. બજારમાં ફરવા નીકળો, આંખ ચકળવકળ થઈ જાય એવાં દૃશ્યો છે. એકાદ પ્રલોભનને પણ માણસ પરવશ બન્યો, એની શુદ્ધિમાં કડાકો બોલાયો જ સમજે.

અલબત્ત, આનો અર્થ એવો નથી કે શુદ્ધ થવામાં સફળ બનવું અશક્ય જ છે. ના, નીચે તરફ જ જવાના સ્વભાવવાળા પાણીને ય જો પંપ દ્વારા ઉપર ચડાવી શકાય છે તો પ્રલોભન આગળ હાર કબૂલી લેવાના સ્વભાવવાળા મનને ય પ્રચંડ સત્ત્વ દ્વારા વિકાસશીલ બનાવી શકાય છે. પ્રશ્ન માત્ર સંકલ્પનો જ નથી, સત્ત્વનો પણ છે. સમજણનો જ નથી, સાહસનો પણ છે. શુદ્ધ દાનતનો જ નથી, એ દાનતને વળગી રહેવાના દૃઢ મનોબળનો પણ છે. ઇચ્છાનો જ નથી, અભીપ્સાનો પણ છે.

ઇચ્છું છું કે આ વાસ્તવિકતાને તું બરાબર સમજી લે. **યુદ્ધમાં વિજેતા એ જ બની**

**શકે છે કે જે દુશ્મન છાવણીની રજેરજ માહિતી મેળવી લે છે. શુદ્ધ બનવામાં એ જ સફળ બની શકે છે કે જે અશુદ્ધિનાં તમામ પરિબળોને વ્યવસ્થિત જાણી લે છે.**

૪૭

**મહારાજ સાહેબ,**

પગની જે નસ દુઃખતી હોય અને એના પર જ કો'કનો પગ પડી જાય અને જે વેદના થાય એવી જ વેદના આપના ગતપત્રે મેં અનુભવી છે. પ્રલોભન પરવશતા, એ છે મારા જીવનની સૌથી મોટી નબળી કડી અને આપે ગતપત્રમાં એના પર જ ઘા લગાવ્યા છે.

અલબત્ત, નિદાન આપનું સાવ જ સાચું છે કે 'શુદ્ધિની આડે આવતું કોઈ ખતરનાક પરિબળ હોય તો એ છે પ્રલોભનને આધીન બની જતું મન. જ્યાં સુધી એના પર કાબૂ મેળવવામાં નહીં આવે ત્યાં સુધી 'શુદ્ધિ' એ માત્ર આદર્શ જ બની રહેશે, વાસ્તવિક જીવનમાં એનું અવતરણ શક્ય નહીં જ બને.'

શું કહું આપને ? પ્રલોભનોની વણઝારો વચ્ચે મને પોતાને સૌથી વધુ સતાવતું કોઈ પ્રલોભન હોય તો એ છે સંપત્તિ. એની પ્રાપ્તિની કે વૃદ્ધિની શક્યતા દેખાઈ નથી અને મેં એમાં ઝંપલાવ્યું નથી. પછી નથી એમાં હું દાખવી શકતો કોઈ વિવેક કે નથી એમાં હું જાળવી શકતો કોઈ વિનય. ઇચ્છું છું કે આપ એની ખતરનાકતા અંગે કંઈક પ્રકાશ પાડો.

**દર્શન,** એક મહત્ત્વની વાત ખ્યાલમાં રાખજે કે **જેના જીવનમાં પૈસાનો હિસાબ નથી હોતો, એના જીવનમાં પાપોનો ય હિસાબ નથી હોતો.** અમાપ સંપત્તિ અમાપ પાપોની જન્મદાત્રી બની જ રહે છે. તને કદાચ ખ્યાલ નહીં હોય પણ એ હકીકત છે કે **ધન સાથેનો ગાઢ સંબંધ અન્ય જીવો સાથેના અને ખુદના જીવન સાથેના સંબંધને તોડીને સાફ કરી નાખે છે.** નાનામાં નાના અને કમજોરમાં કમજોર જીવો સાથે ય પોતાના સંબંધો ટકાવી રાખ્યા હોય એવો એક અબજપતિ તને આજે જોવા નહીં મળે તો અબજોની



સંપત્તિ છતાં ય પોતાની જીવનની લાગણીશીલતા, સંવેદનશીલતા અને પ્રસન્નતા અકબંધ રાખી શક્યો હોય એવો એક અબજપતિ પણ તને આજે જોવા નહીં મળે. જે ચીજ પાછળની આંધળી દોટ અન્ય જીવો સાથે અને ખુદના જીવન સાથે સંબંધ બાંધવા ન દે, બંધાઈ ગયેલા સંબંધને ટકવા ન દે, ટકી રહેલા સંબંધમાં આત્મીયતા અનુભવવા ન દે એ ચીજને જીવનમાં પ્રાધાન્ય આપવા જવામાં સિવાય મૂર્ખાઈ બીજું કાંઈ જ નથી.

કબૂલ, સંપત્તિનું આકર્ષણ તારા મનમાં ભારે છે પણ એ આકર્ષણને આધીન બનીને જીવનવ્યવસ્થા ગોઠવવાનાં જે જાલિમ નુકસાનો છે એને તું જો ગંભીરતાથી સમજી લઈશ તો તારું જીવદળ જોતાં મને ખાતરી છે કે એ આકર્ષણમાં કડાકો બોલાયા વિના નહીં જ રહે. અને એક બીજી મહત્ત્વની વાત.

**જીવનના કો'ક તબક્કે તમામ 'ભૂખો' વૃદ્ધ થઈ જાય છે પણ એ સમયે ય ધનની ભૂખ તો યુવાન જ હોય છે. ખ્યાલ છે તને આ વાસ્તવિકતાનો ?**

૪૮

**મહારાજ સાહેબ,**

ધન સાથેના ગાઢ સંબંધથી થતાં બે જાલિમ નુકસાનોની વાત વાંચી પળભર તો હું સ્તબ્ધ થઈ ગયો. ન સંબંધ બંધાય જીવો સાથે અને ન સંબંધ જળવાય જીવન સાથે, એવી સંપત્તિની વિપુલતા પાછળની ઘેલછાને એક વાર તો બ્રેક લગાવી દેવાનું મન થઈ ગયું. પણ આપે જ ગતપત્રમાં છેલ્લે લખ્યું છે ને કે 'બધી ભૂખો વૃદ્ધ થઈ ગયા પછી ય ધનની ભૂખ તો યુવાન જ રહે છે' બસ, એ જ ન્યાયે મામૂલી પણ પ્રલોભન આવે છે અને મનમાં પાછું વિપુલ સંપત્તિનું ભૂત સવાર થઈ જાય છે. પ્રશ્ન તો મારો એ છે કે ધનની આ ખતરનાક ભૂખને સંતોષવાનો બીજો કોઈ સરળ ઉપાય ખરો ?

**દર્શન,** એક નાનકડી વાત એ છે કે **કાગડાને જો લાઉડસ્પીકર આપવાની ભૂલ**

**કરવા જેવી નથી, વાંદરાને દારૂ પીવાની છૂટ જો આપવા જેવી નથી તો મનની ધન પાછળની ઘેલછા પણ સંતોષવા જેવી નથી.**

પણ આમ છતાં ય તારું મન એ માટે જો અત્યારે તૈયાર ન હોય તો એ અંગે હું તને એક બીજી જ વાત કરવા માગું છું. તેં ક્યાંય ફૂટબૉલની મૅચ રમાતી તો જોઈ જ હશે ને ? એ મૅચના કેન્દ્રમાં એક જ ચીજ હોય છે, ફૂટબૉલ. મૅચ દરમ્યાન એ જે પણ ખેલાડી પાસે જાય છે એ ખેલાડી એક જ કામ કરે છે, જેવો ફૂટબૉલ પોતાની પાસે આવે છે, તુર્ત જ લાત લગાવીને બીજા પાસે ધકેલી દે છે.

અરે, મેદાન પરના ખેલાડીઓ ફૂટબૉલ પાછળ દોડે પણ છે તો ય એ દોટ ફૂટબૉલને રાખી મૂકવા માટેની નથી હોતી. ફૂટબૉલને લાત મારવા માટેની જ હોય છે. અને આમાં સૌથી વિચિત્ર વાસ્તવિકતા તો એ હોય છે કે ફૂટબૉલની આ મૅચ ત્યાં સુધી જ ચાલતી રહે છે કે જ્યાં સુધી ફૂટબૉલ એક ખેલાડી પાસેથી બીજા ખેલાડી પાસે ધકેલાતો રહે છે. ભૂલેચૂકે કોઈ ખેલાડી પોતાની પાસે આવેલ ફૂટબૉલને રાખી મૂકે છે તો એ જ પળે ફૂટબૉલની મૅચ સમાપ્ત થઈ જાય છે.

દર્શન, સંપત્તિ મેળવ્યા વિના તને ચેન નથી પડતું ને ? એક કામ કર. એને ફૂટબૉલ જેવી બનાવી દે. જેવી આવે તારી પાસે, તું એને સન્માર્ગે વાપરતો જા. ફરીવાર આવે તારી પાસે, ફરીવાર તું એનું દાન કરતો જા. ફરી પાછી આવે તારી પાસે, તું એને બીજા પાસે ધકેલતો જા.

ટૂંકમાં, **સંપત્તિ ભલે આવતી રહે તારી પાસે, તું એને રાખી મૂકવાની ભૂલ તો ન જ કર. સતત એને ધકેલતો રહે બીજા તરફ.** તારી કલ્પનામાં ય નહીં હોય એવી મજા-મસ્તી અને પ્રસન્નતા તને અનુભવવા મળશે, ફૂટબૉલની મૅચની જેમ જ વળી !



## ૪૯

**મહારાજ સાહેબ,**

આપ વાતને ક્યાંથી ક્યાં લઈ ગયા ? ક્યાં રમત ફૂટબૉલની ? અને ક્યાં વાત સંપત્તિની ? પણ, સાચે જ આપની વાતે મને વિચારતો તો જરૂર કરી મૂક્યો છે. સંપત્તિ સાથે વ્યવહાર ફૂટબૉલ જેવો કરવો, એ આવે તો એને આવવા જરૂર દેવી પણ, એને રાખી ન મૂકતા સતત બીજા તરફ ધકેલતા રહેવી.

અલબત્ત, આ વાત આમ તો આકર્ષક લાગે છે પણ એના અમલ માટે મન જલદી તૈયાર થઈ જાય એ શક્યતા બહુ ઓછી છે. કારણ કે મનના જાતજાતના સ્વભાવોમાં એક ખતરનાક સ્વભાવ છે 'સંગ્રહ'નો. એને બાટલી પરના બિલ્લાના સંગ્રહમાં ય રસ છે તો કવર પરની ટિકિટોના સંગ્રહમાં ય રસ છે. સિગરેટનાં ખાલી ખોખાના સંગ્રહ માટે ય એ લાલાયિત બને છે તો ચલણની બહાર ફેંકાઈ ગયેલા સિક્કાઓના સંગ્રહમાં ય એ પાગલ બને છે. અરે, કો'કે દીધેલી ગાળના શબ્દો ય એ સંગ્રહી બેસે છે તો કો'કના તરફથી મળેલ માહિતીઓને ય એ સંગ્રહી બેસે છે.

**આવા સંગ્રહશીલ મનને સંપત્તિના ત્યાગ માટે કે દાન માટે તૈયાર કરવું એ કાંઈ ખાવાના ખેલ નથી.** આપ કો'ક એવો વિકલ્પ સૂચવો કે મનને માટે અત્યંત કઠિન ગણાતો આ ત્યાગ કે દાનનો વિકલ્પ સહજરૂપે જ જીવનમાં અમલી બની જાય.

**દર્શન,** વાત તારી સાચી છે. 'સંઘર્યો સાપ પણ કામ લાગે' આ કહેવત મનના સંગ્રહશીલ સ્વભાવને હિસાબે જ પડી છે અને તો ય મારે તને કહેવું છે કે **ભયના ખ્યાલે કે લાભના ખ્યાલે મન ત્યાગ માટે અને દાન માટે અચૂક તૈયાર થઈ જ જાય છે.** આગ લાગે છે તો માણસ જાન બચાવવા બધું ય છોડીને ભાગે જ છે ને ? ખૂનની ધમકી મળતાં માણસ કરોડો રૂપિયા છોડી દેવા તૈયાર થઈ જ જાય છે ને ? રોગચાળો ફાટી નીકળતાં માણસ બધું ય છોડીને ત્યાંથી બહાર નીકળી જવા તૈયાર થઈ જ જાય છે ને ? ચોરોના જાલિમ આક્રમણ સામે માણસ સામે ચડીને એમને બધું ય આપી દેવા તૈયાર થઈ જ જાય છે ને ?

વ્યાજની લાલચે માણસ લાખો રૂપિયા ધીરવા તૈયાર થઈ જ જાય છે ને ? નફાના

ખ્યાલે માણસ ધંધામાં કરોડો રૂપિયા રોકવા તૈયાર થઈ જ જાય છે ને ? સંબંધ બાંધવાની લાલચમાં માણસ સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થઈ જ જાય છે ને ?

ટૂંકમાં, કાચીંડો જેમ પળે પળે રંગ બદલે છે તેમ મન પળે પળે પોતાનું વલણ ફેરવે છે. મનના વિચિત્ર ગણિતનો મને બરાબર ખ્યાલ છે અને એ હિસાબે જ તને મેં લખ્યું છે કે સંપત્તિને ફૂટબૉલ જેવી બનાવી દે. શી રીતે એ શક્ય બને ? એ વાત હવે પછીના પત્રમાં.

## ૫૦

**દર્શન,**

પોતાની પાસે આવી ગયેલા મસ્ત બિયારણને જો કો'ક ખેડૂત મૂર્ખાઈ આચરીને ડામરની સડક પર ફેંકી દે છે તો ખેડૂતની એ ચેષ્ટા અંગે આપણે કહી શકીએ કે એ ખેડૂતે બિયારણ વેડફી નાખ્યું. ડામરની સડક પર બિયારણ ન ફેંકતા કો'ક ખેડૂત જો પોતાના પેટમાં બિયારણ પધરાવી દે છે તો ખેડૂતની એ ચેષ્ટા અંગે આપણે કહી શકીએ કે એ ખેડૂતે બિયારણ વાપરી નાખ્યું પણ ડામરની સડક પર બિયારણ ન ફેંકતા અને સાથોસાથ પોતાના પેટમાં ય બિયારણ ન પધરાવતાં કો'ક ખેડૂત બિયારણને જો કાળી જમીન પર નાખે છે તો ખેડૂતની એ ચેષ્ટા અંગે આપણે કહી શકીએ કે એ ખેડૂતે બિયારણ વાવી દીધું.

હું તને જ પૂછું છું. **ખેડૂતને સૌથી વધુ આનંદ શેમાં ? ખેડૂત સૌથી વધુ ઉત્સાહિત શેમાં ? બિયારણ વેડફવામાં ? વાપરવામાં ? કે પછી વાવવામાં ?** કહેવું જ પડશે તારે કે 'વાવવામાં.' ડાહ્યો ખેડૂત પોતાની પાસે રહેલ કુલ બિયારણમાંથી વધુમાં વધુ બિયારણ વાવે છે. ઓછામાં ઓછું બિયારણ વાપરે છે અને વેડફતો તો બિલકુલ નથી.

કારણ ? એને બરાબર ખયાલ હોય છે કે જે બિયારણ વેડફાયું એ નકામું ગયું. જે બિયારણ વપરાયું એણે શરીરને થોડોક ટેકો આપ્યો પણ જે બિયારણ વવાયું એણે તો પોતાને શ્રીમંત બનાવી દીધો. પોતાને જીવનભર માટે શ્રીમંત બનાવી દે એવી ચીજ હાથમાં આવ્યા પછી કયો મૂરખ માણસ એ ચીજના વેડફાટમાં કે વપરાશમાં પાગલ બને ?



**દર્શન,** જે હકીકત બિયારણ માટે છે એ જ હકીકત સંપત્તિ માટે છે. ટી.વી. ખરીદવામાં કે પિક્ચરો-નાટકો જોવામાં જતી સંપત્તિ એ સંપત્તિનો વેડફાટ છે. ઘઉં-જુવાર-ઘી-ગોળ-વસ્ત્ર-જગ્યા વગેરેમાં જતી સંપત્તિ એ સંપત્તિનો વપરાશ છે તો **કો'કનું જીવન બચાવવામાં, કો'કનાં આંસુ લૂછવામાં, કો'કના જીવનને ઉત્સાહસભર બનાવવામાં, ઉપકારીઓની ભક્તિ કરવામાં, કમજોરોને સાચવી લેવામાં જતી સંપત્તિ એ સંપત્તિની વાવણી છે.**

તપાસજે તારા જીવનને. સંપત્તિનો વધુ ઉપયોગ શેમાં થઈ રહ્યો છે ? વેડફાટમાં ? વપરાશમાં ? કે પછી વાવણીમાં ?

## ૫૧

**મહારાજ સાહેબ,**

ખેડૂત વાવે છે ઘણું, વાપરે છે ઓછું અને વેડફતો લગભગ નથી. જ્યારે અમારા જેવા અનેકની હાલત આનાથી સાવ જ વિપરીત છે. **અમે વેડફીએ છીએ ચિક્કાર, વાપરીએ છીએ ઓછું અને વાવવાની વાત આવે છે ત્યારે ગલ્લાં-તલ્લાં કર્યા વિના રહેતા નથી.** આપ તો સંત બની ગયા છો એટલે અમારા જાલિમ ખર્ચાઓની આપને શી ખબર હોય ? પણ અમારી પાસે ટી.વી. લાવવા માટે રકમ છે. ગાડી લાવવા માટે વ્યવસ્થા છે. ફૅશન બદલાતાંની સાથે જ નવી ફૅશનનાં કપડાં લાવવાની અમારી પાસે ગોઠવણ છે. હૉટલોમાં જઈને અમે આસાનીથી ૨૦૦/૫૦૦ ઉડાડી શકીએ છીએ. હિલ સ્ટેશન પર જઈને જલસા કરવાની અમારી પાસે સગવડ છે, થિયેટરોમાં જવામાં અમને કોઈ વાંધો નથી. લારીઓ પાસે ઊભા રહીને ૫૦/૧૦૦ ખરચવામાં અમને કોઈ તકલીફ નથી. આ છે અમારો સંપત્તિનો વેડફાટ !

શરીર અને કુટુંબ લઈને અમે બેઠા છીએ એટલે એને સાચવવા અમે જીવન જરૂરી સામગ્રીઓ ખરીદવામાં પણ સંપત્તિનો વ્યય કરીએ જ છીએ. અનાજ-વસ્ત્ર-મકાન-દવા

વગેરેમાં અમારી જે સંપત્તિ જાય છે એ છે અમારો સંપત્તિનો વપરાશ ! અને આ આખોય પત્રવ્યવહાર જે પરિબળની પુષ્ટિ કરવા મારા-આપના વચ્ચે શરૂ થયો છે એ 'દાન'ની વાત જ્યાં પણ આવે છે ત્યાં સંકુચિત થઈ જાય છે અમારું હૃદય, ટૂંકા થઈ જાય છે અમારા હાથ, આવી જાય છે કાને બહેરાશ, નાની થઈ જાય છે અમારી દૃષ્ટિ, મૂંગી થઈ જાય છે અમારી જીભ, અટકી જાય છે અમારા પગ. શક્ય પ્રયત્ને દાનની એ વાતને અમે ઉડાડી જ દઈએ છીએ. આપવું જ પડે છે કંઈક તો બને એટલું ઓછું આપીએ છીએ અને જે પણ આપીએ છીએ એ ઉત્સાહ વિના આપીએ છીએ. આ છે અમારી સંપત્તિની વાવણી !

**વધુમાં વધુ બિયારણ વાવીને ખેડૂત પોતાની શ્રીમંતભાઈનું રિઝર્વેશન કરાવે છે જ્યારે વધુમાં વધુ સંપત્તિ વેડફીને અમે અમારું ભિખારીપણું રિઝર્વ કરાવી રહ્યા છીએ.**

મહારાજ સાહેબ, આ કરુણતા છે અમારા જીવનની અને આ મૂર્ખામી છે અમારા મનની. દરેક સ્થળે અને દરેક પળે જગત પાસેથી અમારે કંઈક ને કંઈક મેળવતા જ રહેવું છે અને કોઈપણ સ્થળે કે કોઈપણ પળે અમારે કોઈને ય કાંઈ પણ આપવું નથી. આ વૃત્તિ શેની સૂચક ગણાતી હશે ? ભિખારીપણાંની કે લૂંટારુંપણાંની ?

## ૫૨

**દર્શન,**

તેં જે કાંઈ લખ્યું છે એ જ તો આ જગતના બહુજનવર્ગની તાસીર છે અને એમાંથી કમ સે કમ તારો નંબર તો નીકળી જ જાય એ ગણતરીએ તો તારી સાથે આ પત્રવ્યવહાર ચાલુ કર્યો છે. ઈચ્છું છું કે તું ગંભીરતાપૂર્વક પત્રમાં જણાવાતી વાતો પર વિચાર કરે. આ જ વિષયના અનુસંધાનમાં એક સરસ મજેની વાત તને કરું ?

એક જગ્યાએ 'દાન'ની મેં સરસ વ્યાખ્યા વાંચી. લખ્યું હતું ત્યાં કે **दानं न तु त्यजनं किंतु वपनम्..દાન એટલે છોડવું એમ નહીં, પણ વાવવું.** તેં એવા એક ખેડૂતને



આજ સુધીમાં જોયો નહીં હોય કે ખેતરમાં વાવેલા દાણા બદલ જેની આંખમાં આંસુ આવી ગયા હોય. એવા એક વેપારીને તેં આજ સુધીમાં જોયો નહીં હોય કે બૅંકમાં પૈસા જમા કરાવ્યા બદલ જેના મોઢા પર ખિન્નતાનો ભાવ પેદા થયો હોય. એવા એક માળીને તેં આજ સુધીમાં જોયો નહીં હોય કે વૃક્ષને પાણી સીંચવા બદલ જેનું ચિત્ત ઉદ્વિગ્ન બની ગયું હોય.

કારણ ? આ એક જ. દરેકના મનમા બેસી ગયેલો આ સ્પષ્ટ ખ્યાલ કે આપણે કાંઈ છોડતાં નથી પણ વાવીએ છીએ. આપણે કાંઈ ખર્ચ કરતાં નથી પણ રોકાણ કરીએ છીએ. લખી રાખજે તારી ડાયરીમાં કે **આપવાની ક્રિયાને કારણે જો વ્યક્તિને એમ લાગે કે મેં કંઈક ગુમાવ્યું છે તો એ ચીજ એણે આપી જ નથી.** તું દાન માટે ઉત્સાહિત થવા માગે છે ને ? આ એક જ શ્રદ્ધાને તું આત્મસાત્ કરી લે. સ્વાર્થ સિવાયના પરમાર્થના જે પણ કાર્યોમાં તું સંપત્તિનો જે પણ વ્યય કરે છે એ સંપત્તિ તું વેડફતો નથી, વાપરતો નથી, છોડતો નથી પણ વાવે જ છે.

અને એક બીજી વાત, ધરતીમાં ખેડૂતે કરેલું વાવેતર હજી કદાચ નિષ્ફળ ગયું છે. બૅંકમાં વેપારીએ જમા કરેલા પૈસા હજી કદાચ નકામા થયા છે. વૃક્ષને માળીએ સિંચેલું પાણી હજી કદાચ વેડફાયું છે પણ, પરમાર્થના કાર્યોમાં ગાળેલી પ્રત્યેક ક્ષણ અને વાપરેલી પ્રત્યેક સંપત્તિ ક્યારેય નિષ્ફળ નથી ગઈ, સફળ જ થઈ છે. નિરર્થક નથી ગઈ, સાર્થક જ થઈ છે. આ બે શ્રદ્ધા તું આત્મસાત્ કરી લે. 'દાન' તારા જીવનમાં 'શ્વાસ' નું સ્થાન લીધા વિના નહીં રહે.

## ૫૩

**મહારાજ સાહેબ,**

**દાન એ ક્યારેય નિષ્ફળ ન જનારું વાવેતર છે.** આપની આ વાતે મને સાચે જ ખળભળાવી મૂક્યો છે. દુઃખ તો અત્યારે એ વાતનું થાય છે કે આવા ઉત્તમ કોટિના

પરિબળ માટે મેં આજ સુધીમાં અધમ વિચારણાઓ જ કર્યે રાખી છે. દાન જરૂરી નથી. દાન એ દેનારને અહંકારી બનાવવાનું અને લેનારને દીન બનાવવાનું જ કામ કરે છે. દાન એક જાતનો સંપત્તિનો દેખાડો જ છે. દાનમાં સંપત્તિના વેડફાટ સિવાય બીજું કાંઈ જ નથી. આવી ગલત વિચારણાઓ કરવા દ્વારા મેં મારી જાતને તો દાનથી દૂર રાખી જ છે પણ વાક્છટાના જોરે અનેકને પણ મેં દાન કરતા રોક્યા છે. વહેતા પાણી આગળ પથ્થર ગોઠવી દેનારો જેમ બગીચાનો દુશ્મન પુરવાર થાય છે તેમ ઢગલાબંધ જીવોને દાન કરતાં અટકાવીને એ જીવો માટે હું દુશ્મન જ પુરવાર થયો છું.

ખેર, 'જાગ્યા ત્યારથી સવાર' એ ન્યાયે મારે હવે આપે પૂર્વપત્રમાં લખ્યું છે તેમ 'દાન'ને 'શ્વાસ'ના સ્થાને ગોઠવી દેવું છે. શ્વાસ લીધા વિના હું જેમ રહેતો જ નથી તેમ દાન વિના ય હું ન રહી શકું એ ભૂમિકાએ મારે પહોંચવું છે. ઇચ્છું છું કે દાન અંગે આપ હજી કંઈક વિશેષ પ્રકાશ પાડો.

**દર્શન, જે ક્યારેય પણ ગુમાવવાનું નથી એ પામવા, જે પોતે સાચવી શકવાનો જ નથી એ ચીજનું દાન કરી દેનારો માણસ સાચા અર્થમાં જીવન વિજેતા છે.** આ વાસ્તવિકતા સતત તારી નજર સામે રાખજે. રસાયણોના અને દવાઓના પુષ્કળ સેવન છતાં આ શરીર સચવાવાનું નથી.

વીમો ઉતારવા છતાં, F.D. કરવા છતાં, પુષ્કળ ચોકસાઈ રાખવા છતાં હાથમાં રહેલ સંપત્તિ સચવાવાની નથી. પણ શરીરના સદુપયોગ દ્વારા અને સંપત્તિના સદ્વ્યય દ્વારા જો તેં અનેક જીવોનાં હૈયાં ઠાર્યા છે, અનેક જીવોની સમાધિમાં તું નિમિત્ત બન્યો છે, અનેક કમજોર જીવોના પ્રાણ તેં બચાવ્યા છે, અનેક અબોલ પશુઓની કકળતી આંતરડી ઠારી છે, અનેક આત્માઓનાં મુખ પર તેં પ્રસન્નતા પેદા કરી છે તો એ પરમાર્થ કાર્યોથી સર્જાયેલું શુદ્ધ પુણ્ય તને એવા ઉદાત્તગુણોનો સ્વામી બનવા દેવાનું છે કે જે ગુણો તારા આત્માને વહેલામાં વહેલી તકે સર્વદોષોથી મુક્ત કરીને શાશ્વત સુખનો ભોક્તા બનાવ્યા વિના રહેવાનું નથી. હજાર મૂકીને કરોડ મળે એ ધંધો તો કાંઈ નથી પણ વિનાશી મૂકીને અવિનાશી મળી જાય એ સોદો થતો હોય તો ચૂકવા જેવો નથી.



## ૫૪

**મહારાજ સાહેબ,**

આપે ગજબનાક વાત કરી દીધી. શરીર અને સંપત્તિ, આ બન્ને લાખ પ્રયત્નેય સચવાવાના નથી. સમય થતાં શરીર છૂટી જવાનું જ છે અને સંપત્તિ અહીંયાં રહી જવાની જ છે. તો પછી એ બન્નેના સદુપયોગ દ્વારા પરલોકને સદ્ધર શા માટે ન બનાવી દેવો ? પણ મૂંઝવણ એ રહ્યા કરે છે કે દાન દ્વારા બંધાનારું પુણ્ય તો પરલોકમાં ઉદયમાં આવવાનું છે જ્યારે દાન માટે સંપત્તિનો ત્યાગ તો આ જનમમાં જ કરવો પડે છે. પરલોકમાં સુખ પામવાની સંભાવનાએ આ લોકના સુખને છોડી દેવું એમાં બુદ્ધિમત્તા શી છે ?

**દર્શન,** તારા આ પ્રશ્નનો જવાબ હું આપું એ પહેલાં તું મારા પ્રશ્નનો જવાબ આપ. હાથમાં રહેલ લાખોની મૂડી તું કો'કને ધીરતો નથી ? ભાવિમાં તંદુરસ્તી ટકી રહેવાની સંભાવનાએ, થાળીમાં રહેલ મિષ્ટાન્નાદિ ભારે પદાર્થો તું છોડતો નથી ? માની લીધેલ સ્વજનો સાથેના સંબંધો ટકાવી રાખવાના ખ્યાલે, હાથમાં રહેલ કેટલાક પદાર્થો છોડવા તું તૈયાર થતો નથી ?

ટૂંકમાં, **જે દુઃખોની કે કષ્ટોની પાછળ સુખની કલ્પના તારા મનમાં બેઠી છે એ તમામ દુઃખો કે કષ્ટો વેઠવામાં તને કોઈ જ તકલીફ નથી એનો મને બરાબર ખ્યાલ છે. તો પછી મારો તને એટલો જ પ્રશ્ન છે કે મૃત્યુ સુધીનાં સુખ-સગવડને સલામત રાખવા વર્તમાનનાં સુખ-સગવડને ગૌણ બનાવી શકતો તું, મૃત્યુ પછીના પરલોકને સદ્ધર બનાવવા દાન માર્ગે થતાં સંપત્તિના સદ્વ્યય માટે તૈયાર શા માટે ન થાય ?**

શું કહું તને ? ગતજન્મના પુણ્યના ફળને જે આત્મા પાપના કારણભૂત નથી બનવા દેતો એ જ આત્મા સમજુ છે. તારો નંબર આવા 'સમજુ'માં લાગી જાય એ હું ઇચ્છું છું. યાદ રાખજે, થોડાક પણ વટાણા થાળી પર પથરાય છે અને આખી થાળી વટાણાથી ભરી ભરી લાગે છે.

બસ, એ જ ન્યાયે પરમાર્થના માર્ગે સંપત્તિનો અલ્પ પણ સદ્વ્યય થાય છે અને જીવન પ્રસન્નતાથી હર્યું-ભર્યું બની જાય છે. ઇચ્છું છું હું કે તું આ હકીકતનો તારા જીવનમાં અનુભવ કર. અને દાનના સંબંધમાં એક અતિ મહત્ત્વની વાત. દાનથી બંધાતું પુણ્ય

ભલે પરલોકમાં ઉદયમાં આવતું પણ દાન કરવાની આ લોકમાં જ થતા બે લાભ તારે સતત નજર સામે રાખવા જેવા છે. દાનથી મિત્રતા જળવાય છે એ પહેલો લાભ અને શત્રુતા જીતાય છે એ બીજો લાભ.

## ૫૫

**દર્શન,**

આ જગતમાં એક માણસ તને એવો જોવા નહીં મળે કે જે વગર મિત્રે પણ પ્રસન્ન રહેતો હોય કે ઢગલાબંધ દુશ્મને ય પ્રસન્નતા અનુભવતો હોય. પ્રસન્નતાનું ઉદ્ગમસ્થાન ભલે ખુદનું જ મન હોય પણ એ પ્રસન્નતાની અનુભૂતિ જીવો સાથેની મિત્રતા વિના અને શત્રુતાના અભાવ વિના શક્ય જ નથી. કૃપણના જીવનની કોઈ સૌથી મોટામાં મોટી દરિદ્રતા હોય તો તે આ છે કે એની પાસે મિત્રો હોતા નથી. અને લોભીના જીવનની કોઈ સૌથી મોટામાં મોટી કરુણતા હોય તો તે આ છે કે એના દુશ્મનો ચિક્કાર હોય છે. તું દાનના તાત્કાલિક ફળના પક્ષમાં છે ને ? તું દાનનું નક્કર ફળ તુર્ત જ અનુભવવા મળે એવું ઇચ્છે છે ને ? તો એનો જવાબ આ છે. દાન મિત્રો સર્જે છે અને શત્રુઓ ઘટાડે છે. અને મિત્રોની વૃદ્ધિ તથા શત્રુસંખ્યાની હાનિ જીવનને પ્રસન્નતાથી તરબતર બનાવ્યા વિના રહેતી નથી.

શું કહું તને ? **દાન માટે ઘરના દરવાજા બંધ રાખનાર હકીકતમાં તો દુર્ગતિના દરવાજા ખોલી રહ્યો છે. દાન માટે ના પાડનાર હકીકતમાં તો દુઃખ માટે હા પાડી રહ્યો છે. દાન માટે ધન ન વાપરનાર હકીકતમાં તો સદ્ગુણોના નિધનની તૈયારી કરી રહ્યો છે.** આવી કરુણતાનો શિકાર બનવા તું ન માગતો હોય તો આ એક જ કામ કરતો જા. હૃદયને વિશાળ રાખતો જા અને તિજોરીને ખુલ્લી રાખતો જા. સંપત્તિના સંગ્રહનો તુચ્છ આનંદ તેં તારા જીવનમાં કદાચ અનેકવાર અનુભવ્યો હશે પણ સંપત્તિના ત્યાગનો સાત્ત્વિક આનંદ અનુભવીને તું કદાચ સ્તબ્ધ થઈ જઈશ. તને કદાચ એમ લાગવા માંડશે કે જો આવો



ગજબ આનંદ દાનમાં હતો તો જિંદગીનાં આટલાં વરસો સુધી હું એનાથી વંચિત કેમ રહ્યો ?

દર્શન, વાંચી છે કો'ક શાયરની આ પંક્તિ ?

**'મૂરખો કાળની વાતું કરે,**
**માથે કાળનું ચક્ર જ્યાં ફરે.'**

**બૅટ્સમૅન માટે પ્રત્યેક બૉલ જેમ એના આઉટ થવાનું કારણ બની શકે છે તેમ મારા-તારા અને આપણાં સહુ માટે પ્રત્યેક સમય એ મોતનું કારણ બની શકે છે.**

આવી મોતની લટકતી તલવાર વચ્ચે ચાલી રહેલા આ જીવનમાં સત્કાર્યોને વિલંબમાં રાખવા જવામાં નુકસાન સિવાય બીજું કાંઈ જ નથી. ઇચ્છું છું હું કે 'દાન'ના મહિમાની વાતો તો તેં ઘણી સાંભળી, હવે એ દાનને જીવનમાં અમલી બનાવી દે. શરૂઆત એની કદાચ કષ્ટદાયક હશે પણ એની અવિરત યાત્રા તારા માટે પ્રસન્નતાદાયક પુરવાર થયા વિના નહીં રહે.

## ૫૬

**મહારાજ સાહેબ,**

આપની વાત સાચી છે. કારણ કે **મન સારી વાતો સાંભળવા હજી આતુર થાય છે, સમજવા હજી કદાચ તૈયાર થાય છે. અરે, સ્વીકારવા ય હજી કદાચ તત્પર થાય છે પણ એ સારી વાતોના અમલની જ્યાં વાત આવે છે ત્યાં એ જાતજાતનાં બહાનાંઓ કાઢવા લાગે છે.**

અને લગભગ તો એના અમલથી જીવનને એ વંચિત જ રાખી દે છે. દાનની બાબતમાં આવી ભૂલ હું કરવા માગતો નથી. દાનની આટઆટલી અગત્યતા અને મહાનતા જાણ્યા પછી હું પ્રસન્નતા અનુભવવા માટે, પરલોક સદ્ધર બનાવવા માટે,

મૂર્ચ્છા ઘટાડવા માટે, મિત્રો વધારવા માટે, શત્રુઓ ઘટાડવા માટે, સૌજન્યશીલતા દર્શાવવા માટે, કૃતજ્ઞતાગુણને સક્રિય બનાવવા માટે દાનના માર્ગે આગળ વધવા, કૃતનિશ્ચયી જ છું. ઇચ્છું છું કે એ માર્ગનાં લાભસ્થાન અને ભયસ્થાન અંગે આપના તરફથી મને કંઈક જાણકારી મળે.

**દર્શન,** દાનના અમલીકરણ અંગેની તારી તત્પરતા જાણી ખૂબ આનંદ થયો. એ અંગે કેટલીક મહત્ત્વની વાતો તારે ખાસ સમજી રાખવા જેવી છે. એક સુભાષિતના માધ્યમ દ્વારા એ વાત તને હું આ પત્રમાં જણાવવા માગું છું.

લખ્યું છે એ સુભાષિતમાં કે, **'આ ધરતીનું અલંકાર મનુષ્ય છે'** કરી નાખો આ જગત પરથી મનુષ્યની બાદબાકી, જગત તમને ભેંકાર લાગશે. અબોલ જીવોને બચાવવા ખૂલેલી પાંજરાપોળો એ જો મનુષ્યની કમાલ છે તો પોતાના શુદ્ધ સ્વરૂપની યાદ કરાવતાં એણે સર્જેલા પરમાત્માનાં મંદિરો એ પણ એની સમ્યક્ બુદ્ધિની જાહેરાત છે. ધર્મપ્રવૃત્તિઓમાં પ્રચંડ ઉત્સાહ એ જો મનુષ્યની આગવી વિશેષતા છે તો પાપપ્રવૃત્તિઓમાં વિવેકશીલતા એ ય એની ખાનદાની છે.

ટૂંકમાં, મનુષ્ય એ ધરતી પરના 'અલંકાર'ના સ્થાને છે. પણ સબૂર ! જો મનુષ્ય પાસે સંપત્તિ નથી, દારિદ્રય એના લમણે વળગ્યું છે, તો એવા મનુષ્યની આ જગતમાં કોઈ જ કિંમત નથી. એવો મનુષ્ય નથી તો કોઈને સુખી કરી શકતો કે નથી તો જાતે દુઃખથી બચી શકતો. એવો મનુષ્ય નથી તો પરમાર્થનાં કોઈ કાર્યો કરી શકતો કે નથી તો જાતને સ્વાર્થપુષ્ટિની ચેષ્ટાથી મુક્ત રાખી શકતો. એવો મનુષ્ય નથી તો ખુમારીથી માથું ઊંચું રાખી શકતો કે નથી તો સર્વત્ર દીનતા દાખવ્યા વિના રહી શકતો. આવો મનુષ્ય ધરતી પર હોય તો ય શું ? અને ન હોય તો ય શું ?

આ ગણતરીએ જ સુભાષિતકારે લખ્યું છે કે **'મનુષ્યનું અલંકાર લક્ષ્મી છે.'**



## ૫૭

**દર્શન,**

'મનુષ્યનું અલંકાર લક્ષ્મી છે' એટલું લખીને સુભાષિતકારે શ્લોક પર પૂર્ણવિરામ નથી મૂકી દીધું કારણ કે મનુષ્યના સંગ્રહશીલ સ્વભાવનો એમને બરાબર ખ્યાલ છે. લક્ષ્મીની વિપુલમાત્રા મનુષ્યને કેવો ક્રૂર અને ઘાતકી બનવા ઉશ્કેરે છે એની એમને સ્પષ્ટ સમજ છે. આસક્તિના કારણે સંગ્રહિત થઈ જતી લક્ષ્મી, મનુષ્યને માટે કેટલા તીવ્ર સંક્લેશનું કારણ બને છે એની એમને માહિતી છે અને એ હિસાબે જ આગળ વધતાં એમણે લખ્યું છે કે **'લક્ષ્મીનું અલંકાર દાન છે.'**

જો લક્ષ્મી છે પણ એને દાનથી અલંકૃત કરવામાં માણસ ગલ્લાંતલ્લાં કરે છે તો એ લક્ષ્મી માણસના આલોક-પરલોક બન્નેને બરબાદ કરીને જ રહે છે. મડદું પડ્યું પડ્યું ગંધાઈ ઊઠે છે. ભાખરી તાવડી પર પડી પડી બળી જાય છે. લોહી એક જ જગ્યાએ પડ્યું પડ્યું ગંઠાઈ જાય છે. પાણી એક જ જગ્યાએ પડ્યું પડ્યું ગટર પેદા કરે છે. પણ આના કરતાં જાલિમ કરુણતા તો એ છે કે તિજોરીમાં જ પડી રહેતી લક્ષ્મી પોતે તો જરાય નુકસાનીમાં નથી ઊતરતી પણ એનો સંગ્રહ કરનાર મનુષ્ય તો બિચારો બેહાલ થઈ જાય છે.

આવી બેહાલીથી જાતને બચાવી લેવાનો એક જ વિકલ્પ મનુષ્ય પાસે બચે છે અને એ વિકલ્પ છે, મનુષ્ય દાનથી લક્ષ્મીને અલંકૃત કરતો રહે. આ હિસાબે જ સુભાષિતકારે લખી નાખ્યું છે કે 'લક્ષ્મીનું અલંકાર દાન છે'

પણ સબૂર ! બકરીની કતલ માટે કસાઈ પાસે છરો નથી અને કો'ક વ્યક્તિ એ છરો લાવવા માટે સંપત્તિનું દાન કરે છે તો ? ગર્ભપાત કરાવવા માટે એક યુવતી પાસે સંપત્તિની વ્યવસ્થા નથી અને કો'ક વ્યક્તિ પોતાના પૈસે એ વ્યવસ્થા કરી આપે છે તો ? યાંત્રિક કતલખાનાં માટે રાજ્ય સરકાર પાસે ચિક્કાર સંપત્તિ નથી અને કો'ક ઉદારદિલ [???] વ્યક્તિ રાજ્ય સરકારને એ માટે કરોડો રૂપિયા આપવા તૈયાર થઈ જાય છે તો ? દારૂના વ્યસની પાસે દારૂની રકમ નથી અને કો'ક વ્યક્તિ એની દારૂની તરસ છિપાવવા એને સંપત્તિ આપે છે તો ? જેનું જીવન ઢગલાબંધ દુરાચારોથી ખરડાયેલું છે એવી વ્યક્તિને કોઈ દાનમાં લાખો રૂપિયા આપવા તૈયાર થઈ જાય છે તો ? આવા તમામ ભયસ્થાનોનો

સુભાષિતકારને સ્પષ્ટ ખ્યાલ છે અને એ હિસાબે જ એમણે શ્લોકની સમાપ્તિમાં લખી દીધું છે કે

**'દાનનું અલંકાર સુપાત્રદાન છે.'** આ અંગેની વાત હવે પછીના પત્રમાં.

## ૫૮

**દર્શન,**

અત્યંત દુર્લભ છે મનુષ્યજન્મ. અનંત જીવોમાંથી માત્ર સંખ્યાતા જીવોને જ એ પ્રાપ્ત થાય છે. મુશ્કેલ છે સંપત્તિની પ્રાપ્તિ. કરોડો-અબજો મનુષ્યોમાંથી જેઓની પાસે વિશિષ્ટ કોટિનું પુણ્ય હોય છે તેઓને જ વિપુલ સંપત્તિ મળે છે. અત્યંત મુશ્કેલ છે દાનની બુદ્ધિ. કર્મો જેમનાં હળવા થયા હોય છે તેઓના અંતરમાં જ જાગે છે આ દાન માટેના ભાવો અને એમાં ય અત્યંત મુશ્કેલ છે સુપાત્રોનો યોગ. સમ્યક્ સમજણ અને વિશિષ્ટ પુણ્ય હોય છે એમને જ સુપાત્રોનો યોગ થાય છે અને સુપાત્રોની ઓળખ થાય છે.

અલબત્ત, અધ્યાત્મ કલ્પદ્રુમ નામના ગ્રંથમાં દાનના પાંચ પ્રકાર વર્ણવ્યા છે. અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન. જગતના નાના-મોટા કોઈ પણ જીવને જીવનની ભેટ ધરતું અને મૃત્યુના મુખમાં જતું બચાવતું જે દાન તે અભયદાન. સદ્ગુણોથી મઘમઘતા અને પાપોથી વિરામ પામેલા આત્માઓને બહુમાન-ભક્તિપૂર્વક અપાતું જે દાન તે સુપાત્રદાન. દુઃખોથી મુક્ત કરવા વિવેક જાળવીને અપાતું જે દાન તે અનુકંપાદાન. સમય-સ્થળ અને સંયોગની ઉચિતતા જોઈને અપાતું જે દાન તે ઉચિતદાન અને સ્વપ્રશંસાના ખ્યાલ સાથે અપાતું જે દાન તે કીર્તિદાન.

તને કદાચ એમ થતું હશે કે દાન માટે હજી માંડ માંડ તો મારું મન તૈયાર થયું છે ત્યાં દાનના આ બધા ભેદો અને પેટાભેદો સમજવાની મારે ક્યાં જરૂર છે ? પણ તને ખબર નહીં હોય કે માત્ર સંપત્તિ છોડી દેવાથી કે આપી દેવાથી જ દાનના ફળના અધિકારી બની શકાતું નથી. લેનારની કક્ષા, એના માટેનો આપણાં મનનો ભાવ વગેરે પરિબળો પણ દાનના ફળમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.



અરે, ક્યારેક તો અજ્ઞાનતાના ભોગ બનીને અપાયેલ દાન વિપરીત ફળને આપનારું પણ બની રહે છે. થોડાંક જ વરસો પહેલાં પશ્ચિમના દેશમાં એક મરણ પામેલી વૃદ્ધા પોતાના વીલમાં લખી ગયેલી કે-'મેં મારા ઘરમાં સો જેટલી બિલાડીઓ પાળી છે. એ તમામ બિલાડીઓને મેં મારા પોતાના દીકરાની જેમ જ સાચવી છે પણ મને ભય છે કે મારા મોત પછી એ બિલાડીઓની માવજત મારી જેમ કોઈ કરશે કે કેમ ? આ શંકાથી મુક્ત થવા હું જાહેર કરું છું કે મારું મોત થતાંની સાથે જ એ તમામ બિલાડીઓને મારી નાખવામાં આવે અને એ માટે જે પણ સંસ્થા આગળ આવે એ સંસ્થાને મારી લાખો ડૉલરની સંપત્તિ ભેટ આપી દેવામાં આવે.' આ વીલને દાનનું ફરમાન કહેવાય કે કતલનું ફરમાન ?

## ૫૯

**મહારાજ સાહેબ,**

આપના છેલ્લા ચારેક પત્રોના લખાણ પર ગંભીરતાથી વિચારતા હું એ નિષ્કર્ષ પર આવ્યો છું કે દાનના યોગને જીવનમાં મહત્ત્વનું સ્થાન આપ્યા વિના આ જીવન સફળ નથી અને દાનમાં પાત્ર અને વિવેકને પ્રાધાન્ય આપ્યા વિના દાન સફળ નથી. અર્થાત્ **દાન આ જીવનને સફળ બનાવે છે અને પાત્રને જોઈને વિવેકપૂર્વક અપાતું દ્રવ્ય દાનને સફળ કરે છે.** મારા આ નિષ્કર્ષમાં હું ક્યાંય થાપ ખાતો હોઉં તો જણાવશો.

**દર્શન,** તારી આ સમજ બરાબર છે. મને એમ લાગે છે કે હવે આ બાબતમાં મારે તને વિશેષ માર્ગદર્શન આપવાની જરૂર નથી પણ એક અતિ મહત્ત્વની બાબત તરફ હું તારું ખાસ ધ્યાન દોરવા માગું છું. આ જગતના જે જીવો છે એમાંના કેટલાક જીવો એવા છે કે જેઓ કેવળ 'જીવવાની' જ ઇચ્છા ધરાવે છે. એમના જીવવાની તમામ પ્રવૃત્તિઓનું એક જ લક્ષ હોય છે.

બસ, જીવન ટકી જાય. એમની સંપત્તિ પાછળની દોટ પણ આ ઉદ્દેશપૂર્તિ માટે જ

હોય છે તો એમના વ્યક્તિઓ સાથેના ગોઠવાતા સંબંધોમાં પણ કેન્દ્રસ્થાને આ જ લક્ષ્ય હોય છે. તેઓ ખાય છે પણ જીવવા માટે તો સૂએ છે પણ જીવવા માટે. બોલે છે પણ જીવન ટકી જાય માટે તો બજારમાં દોડે છે પણ જીવન ટકી જાય માટે. કદાચ એમ કહી શકાય કે આવા જીવો નથી તો જગત માટે ત્રાસરૂપ બનતા કે નથી તો જાત માટે આશીર્વાદરૂપ બનતા.

**નદીના પાણીમાં પરપોટો ઊઠે છે, ટકે છે, નાશ પામે છે. નથી તો એ પરપોટાથી નદીને કોઈ નુકસાન થતું કે નથી તો એ પરપોટાનું અલ્પકાલીન પણ અસ્તિત્વ એના ખુદને માટે લાભદાયી પુરવાર થતું.**

બસ, આ જ સ્થિતિ હોય છે 'જીવવાની' ઇચ્છા ધરાવતા જીવોની. ન જીવન ખુદને માટે લાભદાયી કે ન અન્યને માટે ત્રાસદાયી. અલબત્ત, મને બરાબર ખ્યાલ છે કે આવા જીવોમાં તારો નંબર નથી જ. તારી પાસે શક્તિ છે, સામર્થ્ય છે, પુણ્ય છે, બુદ્ધિ છે તો સાથોસાથ તારામાં અભીપ્સા છે, મહત્ત્વાકાંક્ષા છે, ધગશ છે, લગન છે, આવેગ છે, આવેશ પણ છે. અને તો ય મેં તારી સામે 'જીવવાની' ઇચ્છા ધરાવતા જીવોની વાત મૂકી છે. કારણ કે આ તો મન છે. આજની એની ઇચ્છા, આવતી કાલે સાવ અલગ જ હોઈ શકે છે. ગઈકાલની એની ઇચ્છા કરતાં આજની ઇચ્છા સાવ વિપરીત હોઈ શકે છે. સમય-સ્થળ-સંયોગ બદલાતાં એની ઇચ્છામાં સતત ફેરફારો થતાં જ રહે છે. જીવનની કો'ક નબળી પળે હતાશાનો શિકાર બનીને તું આવી કેવળ 'જીવવાની' ઇચ્છાનો ભોગ બની જાય ત્યારે તને કમ સે કમ ખ્યાલ તો આવવો જોઈએ ને કે 'હું અત્યારે જીવનના કેવા તબક્કામાં છું?' બસ, એટલા પૂરતી આ વાત તને જણાવી છે.

## ૬૦

## દર્શન,

જગતમાં કેટલાક જીવો એવા છે કે જેઓ 'ભોગવવાની' જ ઇચ્છા સાથે જીવન જીવી રહ્યા છે. 'જીવન મળ્યું જ છે તો ખાઓ, પીઓ અને જલસા કરો. દેવું કરીને પણ



ઘી પીઓ. સંપત્તિ મળી જ છે તો એને છૂટથી ઉડાવો. આંખ સારી છે ત્યાં સુધી ટી.વી., વીડિયો, નાટક, સરકસ જોઈ લો. જીભ બરાબર છે ત્યાં સુધી ટેસદાર દ્રવ્યો આરોગી લો. કાન સારા છે ત્યાં સુધી સંગીતના તાલે ઝૂમતા રહો. શરીર મસ્ત છે ત્યાં સુધી મળે એટલા ભોગો ભોગવી લો. આમેય આ શરીર ઘસાવાનું તો છે જ, નષ્ટ થવાનું તો છે જ. એ ઘસાઈ જાય કે નષ્ટ થઈ જાય એ પહેલાં એનો મોજમજામાં નીકળી શકે એટલો કસ કાઢી લો. ભોગમાં શરીર થાકે તો દવાઓ લો, રસાયણો ખાઓ, કસરતો કરો અને શરીરને ભોગક્ષમ બનાવો. ચાર દિવસની ચાંદની જેવી આ જિંદગીમાં માણી શકાય એટલું માણી લો કે જેથી મોત વખતે પસ્તાવો [?] ન થાય કે આપણે જિંદગીમાં ચૂકી ગયા.'

હા, **પશુઓની પશુતાને ય શરમાવે એટલી હદે ભોગાકાંક્ષામાં પાગલ આ જીવોની આખી જિંદગી માત્ર બે જ વૃત્તિમાં પસાર થાય છે. અતૃપ્તિમાં અને દીનતામાં.** ભોગો ગમે તેટલા ચિક્કાર મળે પણ છે તો ય એમને તૃપ્તિનો અનુભવ થતો નથી અને સતત અતૃપ્ત રહેતું મન, ભોગ માટે ગમે તેની પાસે કાયમ દીનતા દાખવતું જ રહે છે.

શું કહું? ભોગવૃત્તિ પેદા થાય મનમાં, એને શમાવવા માટે માધ્યમ બનાવવું પડે શરીરને. મનમાં પેદા થતી વૃત્તિ અસીમ અને એના શમન માટે શરીર દ્વારા થતી પ્રવૃત્તિ સીમિત, મન ક્ષુબ્ધ ન બને તો જ આશ્ચર્ય! શરીર સતત ક્ષીણ ન બનતું જાય તો જ આશ્ચર્ય! અને તો ય આ વૃત્તિવાળા જીવો એમાંથી કોઈ બોધપાઠ લેવા તૈયાર નથી હોતા. અકાળે વૃદ્ધત્વ આવે, ભરયુવાન વયમાં શરીર રોગગ્રસ્ત બને અને અચાનક જ 'રામ બોલો ભાઈ રામ' થઈ જાય, કેવળ આ જ અંજામ આવે છે 'ભોગવવાની' જ ઇચ્છામાં જીવન પસાર કરતા જીવોનો.

યાદ રાખજે, **શરીરને ઓછું આપવા દ્વારા, મનને પ્રસન્ન રાખવામાં સફળતા અચૂક મળી શકે છે પણ મનને પ્રસન્ન રાખવા, શરીરને ચિક્કાર આપવા જવામાં તો લમણે નિષ્ફળતા સિવાય બીજું કાંઈ જ ઝીંકાતું નથી.** આ સત્યનો સ્વીકાર તને ક્યારેય બેફામ ભોગવૃત્તિનો શિકાર નહીં જ બનવા દે.

## ૬૧

**દર્શન,**

જગતમાં કેટલાક જીવો એવા છે કે જેઓએ પોતાના જીવનમાં એક જ વૃત્તિને કેન્દ્રસ્થાને રાખી છે, 'ભેગું કરો.' 'ખબર નથી કે આપણી આવતી કાલ કેવી આવશે. કાળ ખરાબ છે, સરકાર બેકાર છે, માણસો ભરોસાપાત્ર નથી, બજારનાં કાંઈ ઠેકાણાં નથી, આપણી યુવાની કાંઈ કાયમ ટકવાની નથી. સગા દીકરાઓ પર વિશ્વાસ રાખી શકાય તેમ નથી, ખરચે જ રાખીએ તો તો કુબેરનો ભંડાર પણ ખાલી થઈ જાય છે, દાન કર્યે જ રાખીએ તો તો સંપત્તિ ઓછી થતી જ જાય છે. માટે બને એટલું ભેગું કરતા ચાલો. મૂડી પડી હશે તો ગમે ત્યારે કામ લાગશે. મૂડી હાથમાં હશે તો સગો દીકરો ય વશમાં રહેશે. મૂડી પર પ્રભુત્વ હશે તો સમાજમાં ય વટભેર ઊભા રહી શકાશે. માટે ન તો ભોગમાં લાંબા-પહોળા થાઓ કે ન તો દાનમાં લાંબા-પહોળા થાઓ. એક જ કામ રાખો, 'ભેગું કરો.'

હા, **સંગ્રહ માટેની આ જાલિમ લાલસામાં જ વ્યસ્ત જીવો સતત તનાવમાં અને ભયમાં જ જીવતા હોય છે.** સંસાર ચલાવવા કેટલીક જગ્યાએ તો એમને સંપત્તિ ખરચવી જ પડતી હોય છે અને જ્યાં આવા ખરચવાના પ્રસંગો આવે છે ત્યાં એ જીવો તનાવમાં આવી જાય છે અને એવા પ્રસંગો સિવાયના સમયમાં પણ 'કંઈક ખરચવું પડે એવા પ્રસંગો તો નહીં આવી પડે ને ?' આ ખ્યાલે એ જીવો ભયમાં જીવતા હોય છે. આવા જીવોને બહારથી દુશ્મનો પેદા નથી કરવા પડતા, એમના પરિવારના સભ્યોજ એમના દુશ્મન બની જતા હોય છે. આવા જીવો સાથે બહારના લોકો સંબંધ ઓછો પછી કરે છે, પહેલાં તો પરિવારના સભ્યો જ સંબંધ ઘટાડી નાખે છે.

શું કહું તને ? **પરાયા એવા પૈસાને પોતાનાં કરવા જતાં પોતાનો જ ગણાતો પરિવાર પરાયો બની જાય એના જેવી આ જીવનની બીજી કરુણતા કઈ હોઈ શકે ?**

પણ ના, આવા જીવો એ કરુણતાને ય પચાવી [?] જતા હોય છે. નાનકડો બાબો જેમ આલબમના ફોટાઓ જોઈ જોઈને જ ખુશ થતો હોય છે તેમ ભેગું કરવાની મનોવૃત્તિવાળા જીવો એકઠી કરેલ સંપત્તિ જોઈ જોઈને જ ખુશ થતા હોય છે. સંપત્તિને



નથી તો એ ઊડાવતા, નથી તો એ સન્માર્ગે વાપરતા. તને હું એટલું જ કહીશ કે સંગ્રહિત થતા પૈસા કાયમ તાજા જ રહે અને એને સંઘરનારો વાસી બની જાય એવી 'ભેગું કરો' ની વૃત્તિનો શિકાર તું ક્યારેય ન બનતો.

## ૬૨

**દર્શન,**

કેટલાક જીવો આ જગતમાં એવા છે કે જેઓએ પોતાના જીવનમાં એક પ્રકારની ઉદાત્તવૃત્તિને કેન્દ્રસ્થાને રાખી છે અને એ વૃત્તિ છે 'ઘટાડતા જાઓ'ની. પુણ્યયોગે આપણને જે કાંઈ મળ્યું છે એ બધું ય આખરે જો અહીંયાં જ રહી જવાનું હોય અને આપણે એકલાએ જ પરલોકમાં રવાના થઈ જવાનું હોય તો પછી શા માટે હાથમાં રહેલ સામગ્રીઓનો સદુપયોગ ન કરતા રહેવું ? શા માટે સંપત્તિનો સન્માર્ગે સદ્વ્યય કરતા ન રહેવું ?

કબૂલ, આપણે સંસાર લઈને બેઠા છીએ માટે આપણને સામગ્રીની અને સંપત્તિની જરૂર છે પણ જરૂરિયાત કરતાં ય જે વધુ છે એને તો કમ સે કમ સન્માર્ગે વાપરીએ ! કારણ **કે જે મેળવીએ છીએ એનાથી તો ગુજરાન ચાલે છે પણ જે આપીએ છીએ એનાથી તો જિંદગી ચાલે છે. દયાથી કદાચ જીવન ચાલે છે પણ પ્રેમથી તો જીવન જામે છે.**

પશુઓના જગતમાં ક્યાં છે આ સમજ ? ક્યાં છે આ સમ્યક્ આચરણ ? ના, આપણે સર્વસ્વનો ત્યાગ ન કરી શકીએ તો ય શક્યનો ત્યાગ તો કરતા જ રહેવું છે અને એમ કરવા દ્વારા મળેલ આ ઉત્તમ કોટિના માનવજીવનને સાર્થક કરી જ લેવું છે. હા, આ વૃત્તિમાં રમનારા જીવોની એક વિશેષતા એ હોય છે કે તેઓ સર્વત્ર આવકાર પામતા હોવાના કારણે સદાય પ્રસન્નતા જ અનુભવતા હોય છે.

દર્શન, પ્રસન્નતાનું રહસ્ય તારા ખ્યાલમાં છે ? **બાહ્યથી જે ભાર ઓછો કરે છે અને આભ્યન્તરથી જે તનાવમુક્ત રહે છે એ પોતાની પ્રસન્નતા અકબંધ રાખી શકે છે.** અને તને કદાચ ખબર નહીં હોય પણ હકીકત એ છે કે તનાવનો આધાર ભાર જ છે. ટ્રેનમાં

મુસાફરી કરનાર જે પણ મુસાફર પાસે ભાર વધુ હોય છે, સામાન વધુ હોય છે એનાં મુખ પર તને તનાવ જ જોવા મળશે, પ્રસન્નતા જોવા લગભગ નહીં મળે.

કારણ ? ટ્રેનમાં સામાન સાચવવાની ચિંતા, સ્ટેશન આવે ત્યારે સામાન ઉતારવાની ચિંતા, સ્ટેશન પર સામાન ઊતરી ગયા પછી એને સહીસલામત ઘરે પહોંચાડવાની ચિંતા. આ ચિંતા પ્રસન્નતાને ખાઈ ન જાય તો બીજું કરે પણ શું ? તને હું એટલું જ કહીશ કે જે વાસ્તવિકતા ટ્રેનની યાત્રા માટે છે એ જ વાસ્તવિકતા જીવનની યાત્રા માટે છે. જે પણ આત્મા પોતાના જીવનને સ્વસ્થ-મસ્ત-પ્રસન્ન રાખવા માગે છે એ આત્માએ બે બાબતમાં ખાસ સાવધગીરી દાખવવી જરૂરી છે. ભાર વધી ન જાય એ પ્રથમ સાવધગીરી. ભાર ઓછો કરવાનું સતત ચાલુ જ રહે એ દ્વિતીય સાવધગીરી. કરી જોજે એકવાર આ પ્રયોગ.

## ૬૩

**દર્શન,**

ભલે બહુ ઓછી સંખ્યામાં પણ તોય એવા જીવો આ જગતમાં વિદ્યમાન છે કે જેઓ એક નિશ્ચિત લક્ષ્ય સાથે પોતાનું જીવન જીવી રહ્યા છે કે જેઓનું લક્ષ્ય ‘છોડવાનું’ છે. ‘જો બધું જ મૂકીને મરવાનું છે તો પછી બધું જ છોડીને આત્મકલ્યાણ શા માટે સાધી ન લેવું ? બૂટમાં રહી ગયેલ નાનકડી પણ કાંકરી જો લક્ષ્યસ્થાને પહોંચવામાં પ્રતિબંધક બની શકે છે તો મનમાં રહી જતી મામૂલી પણ આસક્તિ આત્મકલ્યાણમાં અવરોધક બની જ શકે છે ને ? **પદાર્થોનો અલ્પ પણ સંગ્રહ કરીને આસક્તિને પોષવાનું જોખમ ઉઠાવવું એના બદલે પદાર્થોના સર્વત્યાગનું સામર્થ્ય ફોરવીને વિરક્ત બનીને, અનાસક્તિના માર્ગે કદમ ઉઠાવવું એ જ આત્મા માટે હિતકર અને કલ્યાણકર માર્ગ છે.’**

હા, જગતના અજ્ઞાની વર્ગને આ વિચારણામાં પલાયનવૃત્તિનાં દર્શન થાય એ શક્ય છે. પણ એમને ખબર નથી કે ઘરમાં આગ લાગી ગયાનો ખ્યાલ આવી ગયા પછી ત્યાંથી ભાગી છૂટવામાં પલાયનવૃત્તિ નથી હોતી પણ દીર્ઘદૃષ્ટિ હોય છે. પદાર્થોનો



સંગ્રહ અને પદાર્થો પ્રત્યેની આસક્તિ, એ બન્ને પરિબળો આત્મકલ્યાણ માટે આગની ગરજ સારે તેવા છે. આત્માર્થી જીવ એ આગથી બચવા પદાર્થોના સર્વત્યાગના માર્ગે ચાલી નીકળે એમાં પલાયનવૃત્તિનો અંશ પણ નથી, છે કેવળ પરમ દીર્ઘદર્શિતા.

દર્શન, અમેરિકા જનારો કોઈ પણ ભારતીય અમેરિકાથી સનલાઈટ સાબૂ ખરીદીને જો ભારત આવે છે તો એ મૂર્ખ ગણાય છે. મૈસુરના ઉદ્યાનમાં જઈને પાછો ફરનારો જો ઉકરડાની દુર્ગંધ અનુભવીને પાછો ફરે છે તો એ પાગલ ગણાય છે.

બસ, એ જ ન્યાયે આત્માને સર્વ પાપથી અને સર્વ કર્મથી મુક્ત કરવાની પ્રચંડ ક્ષમતા જે માનવજીવનમાં પડી છે એ માનવજીવન પામીને ય જે આત્મા પદાર્થોના સંગ્રહમાં અને પદાર્થોની આસક્તિમાં જ આ આખું જીવન પૂરું કરી દે છે એ આત્મા જ્ઞાનીઓની દૃષ્ટિએ દયનીય અને કમભાગી ગણાય છે.

શું કહું તને ? હું પોતે આજે સર્વસંસારનો ત્યાગ કરીને સર્વજગજીવકલ્યાણકર એવા સંયમજીવનના પાલનની ગજબનાક મસ્તીમાં ઝૂમી રહ્યો છું- **પારકર પેન પામનારને બૉલપેન છૂટી ગયાની વ્યથા જેમ નથી જ હોતી તેમ અણમોલ એવા સંયમજીવનને પામી ચૂકેલા મને આજે સંસાર છૂટી ગયાની લેશ વ્યથા નથી.** સમજી ગયો ?

## ૬૪

**મહારાજ સાહેબ,**

પાંચ પ્રકારની ઇચ્છામાં રમતા જીવોની વાત વાંચી. આપે મને સાચે જ વિચાર કરતો કરી મૂક્યો છે. હું જે સમજ્યો છું એના પરથી એમ લાગે છે કે **કેવળ જીવવાની જ ઇચ્છામાં રમતા જીવોની કક્ષા નિઃસત્ત્વતાની છે. કેવળ ભોગવવાની જ ઇચ્છામાં રમતા જીવોની કક્ષા વિષયલંપટતાની છે. કેવળ ભેગું કરવાની જ ઇચ્છામાં રમતા જીવોની કક્ષા લોભપરવશતાની છે. ઘટાડવાની જ ઇચ્છામાં રમતા જીવોની કક્ષા દાનીઓની છે. જ્યારે છોડી દેવાની ઇચ્છામાં રમતા જીવોની કક્ષા ત્યાગીઓની છે.**

આપની સાથેના આટલા લાંબા પત્રવ્યવહાર પછી હું મારા માટે એટલું તો ચોક્કસ કહીશ કે 'છોડી દેવાની ઇચ્છા' હજી મારા હૃદયમાં હું પ્રતિષ્ઠિત નથી કરી શક્યો પણ 'જીવવાની' 'ભોગવવાની' અને 'ભેગું કરવાની' ઇચ્છાને તિલાંજલિ આપી દેવામાં તો મને ઠીક ઠીક પ્રમાણમાં સફળતા મળી છે. અત્યારે તો એક જ ઇચ્છાને અમલી બનાવવા તરફ મેં લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે અને એ ઇચ્છા છે 'ઘટાડતા રહેવાની.' આપે એ અંગે એટલું સરસ માર્ગદર્શન આપ્યું છે કે એના અમલમાં મને કોઈ જ તકલીફ પડે એવું અત્યારે લાગતું નથી છતાં કો'ક ચોક્કસ ભયસ્થાનો ધ્યાનમાં રાખવા જેવા હોય તો આપશ્રી એ તરફ અચૂક મારું ધ્યાન દોરશો.

**દર્શન,** પ્રથમ ત્રણ ઇચ્છાવાળા જીવોમાંથી તેં તારી જાતની બાદબાકી કરી નાખી છે એ બદલ તને ખૂબ ખૂબ ધન્યવાદ છે. છોડી દેવાની ઇચ્છા તારા હૃદયમાં ભલે આજે પ્રતિષ્ઠિત ન થઈ હોય પણ એટલું તો તને ચોક્કસ કહીશ કે જીવનમાં લક્ષ્યસ્થાને તો એ ઇચ્છાને જ ગોઠવી દેજે. કારણ કે કચરાથી સંપૂર્ણ રહિત એવું ઘર રહેવા મળતું હોય ત્યારે અલ્પ કચરાવાળા ઘર પર પસંદગી ઉતારવામાં જો લેશ બુદ્ધિમત્તા નથી તો પદાર્થના સંગ્રહ વિનાનું અને પદાર્થની આસક્તિ વિનાનું સંયમજીવન આજના કાળે પણ જ્યારે ઉપલબ્ધ છે ત્યારે અલ્પ પદાર્થોવાળા કે અલ્પ આસક્તિવાળા સંસારીજીવન પર પસંદગી ઉતારવામાં કોઈ જ બુદ્ધિમત્તા નથી.

આ વાત હું તને મારા ખુદના અનુભવના આધારે લખી રહ્યો છું. જીવનના શરૂઆતનાં ૧૯ વરસ મેં સંસારી જીવનમાં પસાર કર્યા છે અને છેલ્લાં ૪૧ વરસથી હું સંયમજીવનની મસ્તી માણી રહ્યો છું. એ બન્ને જીવન વચ્ચેનો તફાવત જણાવતાં તને બિંદુ-સિંધુની ઉપમા આપીશ તો એમાં બિંદુનું અપમાન થતું લાગશે.

કારણ કે **બિંદુ-સિંધુ વચ્ચે જે અંતર છે એ તો માત્રાત્મક જ છે જ્યારે સંસારીજીવન-સંયમજીવન વચ્ચે જે અંતર છે એ તો ગુણાત્મક છે.** હું શું કહેવા માગું છું એ તું સમજી ગયો હોઈશ.



## ૬૫

**મહારાજ સાહેબ,**

બિંદુ-સિંધુ વચ્ચેનો તફાવત માત્રાત્મક છે જ્યારે સંસારીજીવન-સંયમજીવન વચ્ચેનો તફાવત ગુણાત્મક છે. આપના આ કથન પર સહેજ વિશેષ પ્રકાશ પાડશો તો આનંદ થશે.

દર્શન, પતાસા-પેંડા વચ્ચે જે તફાવત અનુભવાય છે એ તફાવત શેનો છે? માત્રાનો. પતાસામાં મીઠાશની જે માત્રા છે, પેંડામાં એના કરતાં મીઠાશ વધુ છે. પણ લીમડા-કેરી વચ્ચે જે તફાવત અનુભવાય છે એ તફાવત શેનો છે ? ગુણનો. લીમડાનો સ્વાદ છે કડવો, કેરીનો સ્વાદ છે મીઠો. **માત્રાનો તફાવત સરભર કરી શકાય છે પણ ગુણના તફાવતને સરભર કરી શકાતો નથી.** સિંધુ આખરે છે શું? બિંદુઓનો સમૂહ. બિંદુ આખરે છે શું ? સિંધુનો અંશ. બસ, માત્ર માત્રાનો જ તફાવત આ બન્ને વચ્ચે હોવાના કારણે બિંદુને સિંધુમાં અને સિંધુને બિંદુમાં રૂપાંતરિત કરી શકાય છે પરંતુ સંસારીજીવન એ છે આધિ-વ્યાધિ અને ઉપાધિમય જ્યારે સંયમજીવન એ છે સમાધિમય.

સંસારીજીવનની આધારશિલા છે સાધન, જ્યારે સંયમજીવનની આધારશિલા છે, સાધના. **બહિર્મુખ બન્યા વિના સંસારી જીવન જામતું નથી જ્યારે અંતર્મુખ બન્યા વિના સંયમજીવન જામતું નથી.** વિષય સુખોની રમણતાનું બીજું નામ છે સંસારીજીવન જ્યારે આત્મસુખની રમણતાનું બીજું નામ છે સંયમજીવન. શરીર અને મન જ કેન્દ્રસ્થાને રહે એ છે સંસારીજીવન જ્યારે આત્મા જ કેન્દ્રસ્થાને રહે એ છે સંયમજીવન. આ તફાવત માત્રાનો નથી પણ ગુણનો છે. અને એટલે જ સંસારી જીવનનું સંયમજીવનમાં કે સંયમજીવનનું સંસારી જીવનમાં રૂપાંતરણ શક્ય નથી. કલ્પી લેજે તું કે સંયમજીવનના સ્વીકારનું અમારું સત્ત્વ અમને પ્રસન્નતાના ગગનમાં કેવું વિહરણ કરાવતું હશે ?

દર્શન, ખૂબ ગંભીરતાથી તને કહું છું કે સર્વજીવરક્ષક આ સંયમજીવનના વિકલ્પ પર પસંદગી ઉતારવા માટે હજી પણ તું તારા મનને તૈયાર કર. કલ્પનામાં ય નહીં હોય એવી પ્રસન્નતા તારી અનુભૂતિ બન્યા વિના નહીં રહે.

## ૬૬

**મહારાજ સાહેબ,**

આંખ મારી અત્યારે અશ્રુસભર છે. અતિ દુર્લભ અને અતિ ઉત્તમ એવા સંયમજીવનના સ્વીકાર માટે આપના તરફથી મળેલ પ્રેમાળ નિમંત્રણ નથી સ્વીકારી શકતો એ બદલ ! આપ મને ક્ષમા કરશો.

**શ્રદ્ધાની મંદતા, સત્ત્વની કચાશ અને સમર્પણમાં બાંધછોડ, આ ત્રણ દોષોથી ઘેરાયેલો છું હું. શેં સર્વપાપનાશક સંયમજીવનના માર્ગે ચાલ્યો આવું ?** પણ તો ય એટલું તો ચોક્કસ કહીશ કે આજે મારા મનમાં એ જીવન પ્રત્યેના આકર્ષણનું બીજ તો અવશ્ય પડી ગયું છે. પ્રાર્થું છું પરમાત્માને કે આ જીવન સમાપ્ત થઈ જાય એ પહેલાં પાપોને સમાપ્ત કરી દેતું સંયમજીવન મને સાંપડી જાય. અને જ્યાં સુધી એ જીવન ન સાંપડે ત્યાં સુધી 'છોડવાની' અર્થાત્ દાનની ઈચ્છાવાળા જીવનનો હું સ્વામી બન્યો રહું. આપના આશીર્વાદની મને ઝંખના છે.

**દર્શન,** આશીર્વાદ તો છે જ મારા પણ સાથોસાથ તને શુભેચ્છા ય પાઠવું છું કે તારા આ સંકલ્પને વિઘ્નોની વણઝાર પણ મોળો ન પાડી શકે. બાકી એક વાત તારા ધ્યાન પર ખાસ લાવવા માગું છું કે તારી પાસે જે પણ છે, એનાથી તું જે કરે છે એનાથી તારી પોતાની કક્ષા નક્કી થાય છે એ સત્ય તું સતત નજર સામે રાખજે.

૫૦૦ રૂપિયા હાથમાં આવતાં જ ક્લબ તરફ કદમ માંડનારની કક્ષા જુગારીની છે, હૉટલ તરફ કદમ માંડનારની કક્ષા ખાઉધરાની છે, બજાર તરફ કદમ માંડનારની કક્ષા વેપારીની છે. પાંજરાપોળ તરફ કદમ માંડનારની કક્ષા દયાળુની છે તો મંદિર તરફ કદમ માંડનારની કક્ષા ભક્તની છે. કક્ષા માટે નિર્ણાયક પરિબળ પ્રાપ્તિ નથી પણ પાત્રતા છે. જો માણસ સુપાત્ર છે તો એની કક્ષા ઉત્તમ રહેવાની. જો માણસ અપાત્ર છે તો એની કક્ષા મધ્યમ રહેવાની. પણ જો માણસ કુપાત્ર છે તો એની કક્ષા અધમ રહેવાની.

હું તારી કક્ષા ઉત્તમ રહે એ જોવા ઝંખું છું. અને એ માટે તારે એટલી જ સાવધગીરી રાખવાની છે કે **જે ખુદ ઉત્તમ ન હોય એવા સ્થાનથી, સાહિત્યથી કે સાથીથી તારી જાતને તું લાખો યોજન દૂર રાખવામાં સફળ બન્યો રહે.** આ બાબતમાં જો તું ફાવી ગયો તો તારી



કક્ષા ઉત્તમતાના ઘરની બની રહેવામાં તને કોઈ જ તકલીફ પડવાની નથી અને આ બાબતમાં જો તું ગાફેલ કે બેદરકાર બન્યો રહ્યો તો તારી કક્ષા અધમતાના ઘરની બન્યા વિના નથી રહેવાની. અલબત્ત, તારા માટે આવી શંકા કરવી ખોટી જ છે પણ વ્યવહારમાં કહેવાય છે ને કે જેના પર પ્રેમ વધુ હોય છે એના માટે શંકા ય વધુ થાય છે ! સમજી ગયો ને, હું શું કહેવા માગું છું એ ?

## ૬૭

**મહારાજ સાહેબ,**

આપના બહુમૂલ્ય સૂચનને અને ગંભીર ચેતવણીને સાચે જ મન પર ગંભીરતાથી લીધા છે. આપને એટલું વચન તો ચોક્કસ આપીશ કે જિંદગીમાં ક્યારેય આપને મારા માટે એવા સમાચાર સાંભળવા નહીં મળે કે અધમના સંગે દર્શન અધમતાના માર્ગે આગળ ધપી રહ્યો છે. ફૂલદાનીમાં મૂકવા માટે મારી પાસે ફૂલ નહીં હોય તો હું ફૂલદાની ખાલી રાખીશ પણ એમાં કચરો ભરીને ફૂલદાનીના ગૌરવને ખંડિત તો હરગિજ નહીં કરું.

**જીવનને ઉત્તમ બનાવવાના પ્રયત્નોમાં કદાચ હું ધાર્યો સફળ નહીં પણ બનું તો ય જીવનને અધમતાના માર્ગે ધકેલી દેવાનું હિચકારું કૃત્ય તો હું હરગિજ નહીં કરું.** સંત બનવાનું સ્વપ્ન જીવનમાં સાર્થક નહીં પણ કરી શકું તો ય દુર્જનતાનો શિકાર તો હું હરગિજ નહીં બનું. ત્યાગના માર્ગે કદમ નહીં પણ માંડી શકું તો ય લૂંટના ગલત રસ્તે તો હું હરગિજ નહીં જાઉં. હું ધારું છું કે મારી આ બાંહેધરી આપને યત્કિંચિત્ તો પ્રસન્નતા અર્પશે જ.

**દર્શન,** યત્કિંચિત્ નહીં પણ ભરપૂર પ્રસન્નતા મેં તારી બાંહેધરી વાંચી અનુભવી છે. કારણ કે સંસારમાં અત્યારે સદ્તત્ત્વો જે રીતે તૂટી રહ્યા છે, ઉપેક્ષણીય બની રહ્યા છે, મશ્કરીનું કારણ બની રહ્યા છે એ જોતાં માણસને સારા બનવાનું તો મુશ્કેલ બનતું જ જાય છે પણ ખરાબ બનતા અટકવાનું ય મુશ્કેલ બનતું જાય છે. અને મને બરાબર ખ્યાલ છે કે

પર્વત પર આરોહણ કરવા માટે તો તાકાત જોઈએ જ છે પણ ઢોળાવવાળા રસ્તે ઊભા રહી જવા માટે ય તાકાત જોઈએ છે. તું આવી તાકાત કેળવવાની જ્યારે બાંહેધરી આપતો હોય ત્યારે હું ભરપૂર પ્રસન્નતા ન અનુભવું એ તો બને જ કેમ ?

પણ, તો ય એક વાત તું ખાસ ધ્યાનમાં રાખજે કે **જગત આખું અત્યારે વિશ્વાસ રાખી બેઠું છે, પ્રહારપદ્ધતિ પર.** 'મસ્તીથી અને સલામત રીતે રહેવું છે આ જગતમાં ? તો કરતા રહો બીજાઓ પર પ્રહાર અને આક્રમણ. એમાં જરાક પણ જો પડ્યા નબળા, તો જગત તમને પીંખી નાખશે' હા, સરેરાશ માણસો વિશ્વાસ રાખી બેઠા છે આ પ્રહારપદ્ધતિ પર, પણ હું તને એટલું જ કહીશ કે **તું તારા જીવનને ઉપહાર પદ્ધતિથી સુશોભિત બનાવવા જ પ્રયત્નશીલ બનજે.** લૂંટતો નહીં, આપજે. તૂટી પડતો નહીં, ઝૂકી પડજે. ગરમ નહીં, નરમ બનજે. હૃદય દ્વેષસભર નહીં, પ્રેમસભર બનાવજે. જીવન જીતી જઈશ.

## ૬૮

### મહારાજ સાહેબ,

ગજબનાક વાત કરી દીધી આપે. બાકી ગંભીરતાથી આત્મનિરીક્ષણ કર્યું ત્યારે ખ્યાલ આવ્યો કે અમારી તમામ શક્તિઓ લગભગ પ્રહારમાં જ વપરાય છે. અને **અમે તો ત્યાં સુધી માની બેઠા છીએ કે આજે અમારી પાસે જે પણ શક્તિઓ છે એ તમામ શક્તિઓ પ્રહાર પદ્ધતિને જ આભારી છે.**

તૂટી પડ્યા છીએ બીજા પર, વટ પાડતા રહ્યા છીએ બીજા પર, આક્રમણ કર્યા છે બીજા પર, એટલે જ અમે આજે તાકાતવાન બન્યા છીએ અને જો કાયમ તાકાતવાન બન્યા રહેવું હોય તો આ જ રસ્તાઓ પકડી રાખવા જેવા છે. અલબત્ત, આપની સાથેના આટલા લાંબા પત્રવ્યવહાર પછી એ માન્યતા આજે ધરમૂળથી બદલાઈ ગઈ છે. અને આપે ગતપત્રમાં આપેલ સલાહ મુજબ ઉપહારપદ્ધતિ પર મારો ખુદનો વિશ્વાસ તો દૃઢ બની જ ગયો છે. ખૂબ કર્યા છે પ્રહારો. બસ, હવે તો એના પર પૂર્ણવિરામ જ. ઈચ્છું છું



કે ઉપહાર પદ્ધતિના મંગળ પ્રારંભે આપના તરફથી કંઈક માર્ગદર્શન મળે.

**દર્શન,** આ સમસ્ત પત્રવ્યવહારના કેન્દ્રમાં 'દાન'નો વિષય રહ્યો છે એના અમલ માટે તું કટિબદ્ધ બની જા એ જ ઉપહારપદ્ધતિનો મંગળ પ્રારંભ છે. કારણ કે 'ઉપહાર'નો અર્થ છે પ્રેમસભર હૃદયે અને પ્રસન્નચિત્તે સામી વ્યક્તિને કંઈક ને કંઈક અપાતી ભેટ. ઉપહારમાં દિલ વધુ હોય છે. દલીલને ત્યાં અવકાશ હોતો નથી. ઉપહારમાં દિમાગ વ્યાપક હોય કે ન હોય, દિલ તો અચૂક વિશાળ હોય જ છે. ઉપહારમાં કેન્દ્રસ્થાને સામી વ્યક્તિની જરૂરિયાત નથી હોતી પણ પોતાના ચિત્તની પ્રસન્નતા હોય છે.

ઉપહારમાં કઠોરતાને સ્થાન મળતું નથી અને ઉદારતાને સ્થાન મળ્યા વિના રહેતું નથી. **ઉપહારમાં દીવાલકાર્ય થતું જ નથી અને પુલકાર્ય થયા વિના રહેતું નથી. ઉપહાર દુર્ગતિને સ્થગિત કરી દે છે અને સદ્‌ગતિને નિશ્ચિત કરી દે છે.** ઉપહાર દોષોનાં મૂળિયાં ઉખેડી નાખે છે અને સદ્‌ગુણોનાં મૂળિયાં પ્રસ્થાપિત કરે છે. ઉપહાર મનની મલિનતાને દૂર કરે છે અને અંતઃકરણની નિર્મળતાને જન્મ આપે છે. ઉપહાર પદ્ધતિના આટઆટલા લાભો જાણ્યા પછી મને લાગતું નથી કે પ્રહારપદ્ધતિને તું અજાણતાં ય હવે જીવનમાં સ્થાન આપે.

## ૬૯

### મહારાજ સાહેબ,

આપનું અનુમાન સાચું છે. ઉપહારના આપે જે લાભો વર્ણવ્યા છે એના પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પ્રહારનાં નુકસાનો પણ એટલા જ છે. અને આમાં ગજબનાક વાત તો એ છે કે ઉપહારના લાભો ભલે જીવનમાં મેં અનુભવ્યા નથી, પણ પ્રહારનાં નુકસાનો તો મેં ડગલે ને પગલે અનુભવ્યા છે. અને છતાં આજ સુધીમાં પ્રહારનું સ્થાન ઉપહારને આપવાનો વિચારસુદ્ધાં મને સ્પર્શ્યો નહોતો પણ, હવે એ ગલત રાહ પર કદમ ન માંડવાનો મારો નિર્ધાર દૃઢ છે. કદાચ કષ્ટો વેઠવા પડશે તો વેઠી લઈશ, સ્વાર્થને ગૌણ

બનાવવો પડશે તો બનાવી લઈશ, સગવડો છોડવી પડશે તો છોડી દઈશ પણ, પ્રહાર પદ્ધતિનું સ્થાન ઉપહાર પદ્ધતિને આપ્યા વિના નહીં જ રહું. પત્રવ્યવહારની સમાપ્તિના ટાણે આપ એવું કંઈક સમજાવી દો કે મારી આ ભાવનાને વાસ્તવિકતાના સ્તર પર લાવવામાં હું ક્યારેય ઊણો ન ઊતરું.

દર્શન, જીવનમાં એક વાતનો ખાસ ખ્યાલ રાખજે કે **પંજાના બળે ઊભા રહી જવામાં અલ્પ સમય માટે કદાચ સફળતા મળે છે પણ છેવટે તો માણસ થાકે જ છે.** બસ, કંજૂસાઈ, કઠોરતા, કર્કશતા, ક્રૂરતા વગેરેના સહારે જીવનમાં અલ્પ સમય માટે કદાચ સફળ બની શકાય છે, બીજાને દબાવી શકાય છે, સંપત્તિ બચાવી શકાય છે, રૂઆબ જમાવી શકાય છે પણ એક સમય જરૂર એવો આવે છે કે જ્યારે આ તમામ પરિબળો તકલાદી હોવાનો માણસને અહેસાસ થઈ જાય છે. પણ, શક્ય છે કે એ સમયે માણસ પાસે એ ગલત અભિગમોથી છૂટવાનો કોઈ રસ્તો જ ન હોય. તું નસીબદાર છે કે જીવનના શક્તિકાળમાં તને આ પરિબળોની ખતરનાકતાનો વ્યવસ્થિત ખ્યાલ આવી ગયો છે.

**જે બરડ હોય છે એ ટકતું નથી અને જે સડેલું હોય છે એ ઊગતું નથી** એની તને ખૂબ સમયસર સમજ પ્રાપ્ત થઈ ગઈ છે. હવે એટલી જ અપેક્ષા રહે છે તારી પાસે કે તારી આ સમજ, માત્ર સમજરૂપે જ ન રહેતાં આચરણરૂપે બની જાય. તારી આ જાણકારી, માત્ર જાણકારીરૂપે જ ન રહેતાં સક્રિયરૂપે જીવનમાં ગોઠવાઈ જાય. તું મુક્તિ ઇચ્છે છે ને ? પ્રસન્નતા ઝંખે છે ને ? તો આ ગણિત આંખ સામે રાખજે કે પ્રસન્નતા અને મુક્તિનો સ્વામી એ જ બની શકે છે કે જે જાણવા અને જીવવા વચ્ચેનું અંતર ઘટાડી દે છે.

## ૭૦

**મહારાજ સાહેબ,**

આપનો આભાર માનવા મારી પાસે કોઈ શબ્દો નથી. જિંદગીનાં આટલાં વરસોમાં એક જ વાત સાંભળવા મને મળેલી કે ‘તમામ પ્રયત્ને દુઃખને હડસેલતા રહેવું અને સુખને



મેળવતા રહેવું.’ પણ આપે ‘તમામ પ્રયત્ને દોષોથી બચતા રહેવું અને ગુણોના ઉઘાડ માટે પ્રયત્નશીલ બન્યા રહેવું’ની વાત કરીને, જીવનની એક નવી જ દિશા તરફ આંગળી ચીંધણું કરીને મારી દૃષ્ટિ ખોલી નાખી છે. પ્રથમવાર જ જીવનમાં એવું લાગી રહ્યું છે કે હું નિર્બળતામાંથી બહાર નીકળીને નિર્મળતા તરફ જઈ રહ્યો છું. આશિષ ઝંખું છું આપના કે નિર્મળતા તરફના મારા આ પ્રયાણમાં આવનારા તમામ વિઘ્નોને ઓળંગી જવાનું મારામાં સામર્થ્ય પ્રગટેલું જ રહે.

**દર્શન, મને ય આજે ભરપૂર આનંદ છે. બુદ્ધિની રુક્ષતા લઈને મને મળવા આવેલો તું આજે લાગણીની ભીનાશ લઈને જ્યારે પાછો જઈ રહ્યો છે ત્યારે તને અંતરનાય અંતરથી અભિનંદન આપું છું.** આશિષ પાઠવું છું તને કે નિર્મળ બનવાના તારા આ સંકલ્પમાં ન તો પ્રતિકૂળતાઓની વણઝાર તને ડગાવી શકે કે ન તો અનુકૂળતાઓની વણઝાર તને ચલિત કરી શકે. સંપત્તિની રેલમછેલ ન તો તને લોભી બનાવી શકે કે ન તો પ્રશંસાની હારમાળા તને અભિમાની બનાવી શકે.

ભઈલા ! એક વાત તું સદાય નજર સામે રાખજે કે **શરમનું કારણ બને એવી તમામ જીતને જિંદગીમાં તું ટાળતો જ રહેજે.** કરુણા માટે તારા હૃદયને ભલે તું કોમળ બનાવેલું રાખે પણ સમતા માટે તો તારા હૃદયને તું મજબૂત જ બનાવેલું રાખજે. તારા નિમિત્તે દુઃખી થતા જીવોની સંખ્યા પર તું સદાય કાપ મૂકતો રહેજે અને તારા નિમિત્તે સુખી થતા જીવોની સંખ્યામાં તું સદાય ધરખમ વધારો કરતો રહેજે.

**ઊંડા કૂવાને જેમ પાતાળ કૂવાનો સ્પર્શ હોય છે તેમ તારા હૃદયને સદાય પરમાત્માની કરુણાના સ્પર્શવાળું બનાવેલું રાખજે.** અને છેલ્લે, પત્રવ્યવહારના આ માધ્યમે સમ્યક્ સમજણનો સ્વામી બનીને તારા જીવનમાં તું જે પણ સત્કાર્યો કરતો રહે, સદ્‌ગુણોનો ઉઘાડ કરતો રહે, જે પણ જીવોની આંતરડી ઠારતો રહે, જે પણ જીવોને અભયદાન આપતો રહે, એ તમામ સત્કાર્યના ફળસ્વરૂપે જીવનમાં તું જે પણ શુદ્ધિ પામતો રહે અને પુણ્યોપાર્જન કરતો રહે એમાં મારો ય ભાગ રાખજે. રાખીશ ને ?

**ડાહ્યો ખેડૂત**
**બિયારણ**
**વેડફવાની ભૂલ કરતો નથી.**
**પુષ્કળ પ્રમાણમાં**
**બિયારણ**
**વાપરતો રહેતો પણ નથી.**
**પરંતુ**
**વધુમાં વધુ**
**બિયારણ એ**
**ધરતીમાં વાપરતો રહે છે.**
**જાતને આપણે એટલું જ**
**પૂછવાનું છે, આપણને મળેલ**
**શક્તિનો વધુમાં વધુ ઉપયોગ**
**આપણે શેમાં કરીએ છીએ ?**
**વેડફવામાં, વાપરવામાં કે વાવવામાં ?**
**એની આગવી યુક્તિઓ**
**જાણવા વાંચો આ પુસ્તક**
**'બીજને ખેતર જોઈએ છે'**

## નંબર એક પર : ધર્મપુરુષાર્થ
## નંબર એક પર : દાનધર્મ

ચાર પ્રકારના પુરુષાર્થમાં
ધર્મ પુરુષાર્થ નંબર એક પર છે
તો ચાર પ્રકારના ધર્મમાં
દાન ધર્મ નંબર એક પર છે.
અભયદાન,
સમાધિદાન,
જ્ઞાનદાન,
અનુકંપાદાન,
સુપાત્રદાન વગેરે અનેક ક્ષેત્રો
'દાન'ના છે.
મનને 'દાન' માટે શેં ઉત્સાહિત કરવું ?
એની પ્રભુવચનોના માધ્યમે મારા મંદક્ષયોપશમાનુસાર
અહીં કેટલીક વાતો કરી છે.
મને પૂર્ણ શ્રદ્ધા છે કે
પાત્ર આત્માઓ એ વાતો વાંચ્યા પછી
અવશ્ય 'દાનધર્મ' ના સેવન માટે
લાલાયિત થઈને જ રહેશે.

✲ ✲ ✲

પુસ્તકના આ લખાણમાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ
કાંઈ પણ લખાણ થઈ ગયું હોય તો એનું
અંતઃકરણપૂર્વક ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં માગું છું.

**દ. આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ**